પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક


કુમાર

સળંગ અંક
૮૯૧


માર્ચ ૨૦૦૨
વર્ષ ૭૫મું

સંસ્થાપક : ર. મ. રા.

તંત્રી : ધીરુ પરીખ



વેટિકનમાં આવેલા સિસ્ટાઈન ચૅપલની છતમાં માઈકેલેન્જેલોએ કરેલું આ ફ્રેસ્કો તેની કવિકલ્પના અને કલાપ્રતિભાનું દ્યોતક છે. સૂર્ય, ચંદ્ર અને વનસ્પતિના જન્મની કલ્પના અહીં કાવ્યાત્મક અને ચિત્રાત્મક રૂપ ધારણ કરે છે. સૃષ્ટિના સર્જનહારનું, ચિત્રમાં જમણી બાજુએ દોરેલું વ્યક્તિત્વ, એના બલિષ્ઠ અંગવિધાન અને ભાવપૂર્ણ મુખમુદ્રાથી વિશિષ્ટ બન્યું છે. (જુઓ આ અંકની કલાવાર્તા)



ડાકોરના મંદિરનું પ્રવેશદ્વાર] [ચિત્રકાર : ગજેન્દ્ર શાહ

કુમાર
KUMAR
Editor : DHIRU PARIKH
Phone : 2143745
પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક
An Encyclopedic Family Magazine of High Taste
1454, Raipur Chakla, Ahmedabad - 380 001. INDIA

અનુરોધ-પત્ર

સુજ્ઞ સ્નેહીશ્રી,

આપ ઘણા સમયથી 'કુમાર'ના ગ્રાહક-વાચક રહ્યા છો. આપ એ જાણો છો કે કલાગુરુ રવિશંકર રાવળે ૧૯૨૪માં સ્થાપેલું 'કુમાર' ૭૫ વર્ષ વટાવી ચૂક્યું છે. શ્રી બચુભાઈ રાવતે એને પૂરેપૂરું સંસ્કાર્યું અને સંવર્ધ્યું. પરન્તુ વચ્ચે ત્રણ વર્ષનો આકસ્મિક સ્થગિતકાળ આવી ગયો. આથી ઈ.સ. ૨૦૦૨નું વર્ષ એના પ્રકાશન-સાતત્યનું ૭૫મું વર્ષ હશે.

આ પંચોતેર વર્ષથી 'કુમાર' સંસ્કારપોષક અને જ્ઞાનવર્ધક વાચનસામગ્રી પીરસતું આવ્યું છે. એનું સર્વક્ષેત્રીય કાઠું ઉત્તરોત્તર ગજું કાઢતું રહ્યું છે. વળી, છેલ્લાં પાંચેક વર્ષથી તો કુમાર સરેરાશ વાર્ષિક ૮૦૦ થી વધુ પૃષ્ઠોનું વાચન આપતું આવ્યું છે. એ પૃષ્ઠસંખ્યામાં હજુ પણ વૃદ્ધિ કરવાનો અમારો મનસૂબો છે. અમને શ્રદ્ધા છે કે 'કુમાર'નું વાચન આપને સંતર્પક રહ્યું હશે.

આ ૭૫મા વર્ષના પ્રકાશનપર્વે અમે આપને આ પત્રથી અનુરોધ કરીએ છીએ કે આપ તો ગ્રાહક તરીકે ચાલુ રહો જ અને સાથે સાથે એક નવા ગ્રાહકને નોંધી આપો. આથી આવા સંસ્કાર-પત્રને ચલાવવામાં પ્રોત્સાહન રહેશે.

આ ૭૫મા પ્રકાશનપર્વ નિમિત્તે અને આંતરરાષ્ટ્રિય પુસ્તક વર્ષ નિમિત્તે અમે જે શાળા-મહાશાળા કે વિદ્યાર્થીઓ નવા ગ્રાહક થવા માગતા હશે તેને માટે લવાજમ માત્ર રૂ. ૧૦૦=૦૦ રાખ્યું છે. *શાળા-મહાશાળા કે વિદ્યાર્થીએ શાળાનું પ્રમાણપત્ર મોકલવાનું રહેશે. આ યોજનાનો લાભ કાર્યાલયને સીધું લવાજમ મોકલનાર જ લઈ શકશે.*

આ ૨૦૦૨ના વર્ષ દરમિયાન નવા ગ્રાહક થનારને કે જેમનું લવાજમ જે તે માસમાં પૂરું થતું હોય ત્યારે નવું લવાજમ રૂ. ૧૫૦=૦૦ મોકલી ગ્રાહકપદ ચાલુ રાખનારને લગભગ ૪૦ પૃષ્ઠની એક પુસ્તિકા ભેટ મોકલાશે, જેમાં 'કુમાર'ના છેલ્લા પાને આવેલાં આરોગ્યસૂત્રો સંગૃહીત કરવામાં આવ્યાં હશે.

'કુમાર'નો ૭૫મા પ્રકાશન-વર્ષમાં પ્રવેશ : સ્થાનસમર્પિત યોજના

આ અંકથી 'કુમાર' ૭૫મા પ્રકાશન-વર્ષમાં પ્રવેશે છે એ નિમિત્તે 'કુમાર'ચાહકોને સ્થાનસમર્પિત યોજનામાં સહયોગ આપવા હાર્દિક અપીલ છે.

સ્થાનસમર્પિત આખું પાનું રૂ. ૧૦૦૦/-, અડધું પાનું રૂ. ૫૦૦/-

આ પાના પર આપ જીવનપોષક અવતરણ મૂકી શકશો અથવા અમે તે આપના વતી પસંદ કરીને મૂકીશું.

આપની રકમનો ચેક અથવા ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે લખશો અને 'કુમાર'ના સરનામે મોકલી આપશો તેવી વિનંતી.

'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦=૦૦ છે તથા પરદેશનું લવાજમ હવાઈ માર્ગે રૂ. ૧૦૦૦=૦૦ અથવા ડૉલર ૨૫ અથવા પાઉન્ડ ૧૫ રાખવામાં આવ્યું છે. આપના લવાજમનો ડ્રાફ્ટ-ચેક 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવા વિનંતી છે. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫=૦૦ ઉમેરવા. લવાજમ મનિ ઑર્ડરથી પણ મોકલી શકાય છે. રૂબરૂમાં લવાજમ ભરવા માટે કાર્યાલયનો સમય સવારે ૧૧-૦૦થી ૫-૦૦નો રહેશે.

સ્નેહાધીન,
ધીરુ પરીખ
તંત્રી, 'કુમાર'

હીરાલાલ હરિલાલ ભગવતી (ચૅરમેન)
ભાલચંદ્ર રતિલાલ શાહ
બિહારીલાલ પોપટલાલ શાહ
(ડિરેક્ટરો)

વાચકો લખે છે

શ્રી વિનોદ ભટ્ટની 'પ્રસંગકથા' ('કુમાર', જુલાઈ ૦૧, પૃ. ૪૩૯)માં કથન છે... 'તો ટૉમસ હાર્ડીના નામ સામે કેટલાક સભ્યોને અણગમો હોવાને કારણે એ બંને વચ્ચેની પસંદગીમાં ટાગોર પર નોબેલનો કળશ ઢોળવામાં આવેલો.'

'ટાગોર ઍન્ડ ધ નોબેલ પ્રાઇઝ'માં **Anders Osterling**નું કથન છે કે ગુરુદેવના હરીફ ટૉમસ હાર્ડી ન હતા પરંતુ ફ્રેન્ચ સાહિત્ય-ઈતિહાસકાર અને નૈતિકવાદી **Emile Faguey** હતા.

'રવીન્દ્રનાથ ટાગોર'-**Krishna Dutta, Andrew Robinson** (૧૯૯૫, પ્રથમ અમેરિકન આવૃત્તિ, ૧૯૯૬, પૃ. ૧૮૬)માં વિધાન છે :

'In The Literary world a reaction had already started, fuelled by disappointment that Thomas Hardy had been passed over.' અહીં શ્રી વિનોદ ભટ્ટના કથનને સમર્થન સાંપડે છે, પરંતુ અધિકૃત વૃત્તાંતમાં 'ટૉમસ હાર્ડી'નું નામ ઉમેદવાર તરીકે ચમકતું નથી અને તેના નામની ભલામણ કરવામાં આવેલ હોવાનો નિર્દેશ સુધ્ધાં નથી. -વી.બી. ગણાત્રા (મુંબઈ)

•

'કુમાર'ના જાન્યુઆરી ૨૦૦૨ના અંકમાં 'ઇસ્કોન'ના સ્થાપક શ્રી પ્રભુપાદ અંગેનો શ્રી પ્રફુલ્લભાઈ રાવલનો લેખ વિચારપ્રેરક અને માહિતીસભર છે. શ્રી પ્રફુલ્લભાઈને આ અંગે અભિનંદન ઘટે છે. શ્રી પ્રભુપાદના જીવનમાંથી જણાય છે કે એક દૃઢ નિર્ણયશક્તિવાળા તે મહાપુરુષ હતા. શ્રી કૃષ્ણના જીવનમાંથી સંસારને સફળ રીતે પાર કરવાની પ્રેરણા તેમને મળી અને તેનો પ્રચાર-પ્રસાર કરવા તેમણે અથાક પરિશ્રમ કર્યો. એક પ્રેરણા મળે એવું તેમનું જીવન હતું.

'કુમાર'ને ૭૫ વર્ષ પૂરાં થયાં - તે માટે વાચકોએ કંઈ મદદરૂપ થવું જોઈએ તે વિચાર સાથે સંમત છું.

-સૂર્યકાન્ત પરીખ (અમદાવાદ)

•

'કુમાર'ના ફેબ્રુઆરી-૨૦૦૨ના અંકમાં 'અંગ્રેજી સાહિત્યનું આચમન' લેખમાં કવિ કીટ્સની કવિતાનો પરિચય કરાવાયો છે. એમાં પાના ૧૦૬ (અનુસંધાન) ઉપર કીટ્સના **Ode to Autumn** કાવ્યના વિવરણ પછી **If Winter comes, can Spring be far behind ?** એ પંક્તિ મૂકવામાં આવી છે. આ પંક્તિ કીટ્સની નહીં, શેલીની છે, જે એના પ્રસિદ્ધ કાવ્ય. **Ode to the West Wind**ની અંતિમ પંક્તિ છે. લેખમાં શેલીનો નામોલ્લેખ નથી ને કીટ્સની વાત છે એટલે વાચકને એ પંક્તિ કીટ્સની હોવાનું સમજાય એવો સંભવ છે. (સરતચૂકથી લેખક દ્વારા ઉક્ત પંક્તિ પૂર્વે 'શેલી પણ ગાય છે :' શબ્દો રહી ગયા છે તે બદલ ક્ષમાયાચના - તંત્રી')

એક બીજી વાત પણ ઘણા વખતથી કહેવાનું મન થયાં કરે છે તે કહું ? 'કુમાર'ના 'વાચકો લખે છે' વિભાગના શીર્ષકમાં 'વાચકો'ને બદલે 'વાંચકો' ('વાં' ઉપર અનુસ્વાર મૂકીને) 'વાં' લખાય તો કેવું? 'વાચક' શબ્દ સંસ્કૃતમાં **Meaning this or that** એવા અર્થમાં ઘણુંખરું પ્રયોજાય છે, જેમ કે જાતિવાચક નામ, લઘુતાવાચક પ્રત્યય (એટલે કે જાતિ સૂચવતું નામ, લઘુતા સૂચવતો પ્રત્યય) ઇત્યાદિ. 'વાંચક', ભલે ગુજરાતી શબ્દ હોય, એનો અર્થ માત્ર 'વાંચનાર' એવો થાય છે, ને એ શબ્દ એમ **Readers** શબ્દના પૂરા પર્યાય જેવો છે. ('વાચક' શબ્દનું વર્ષોથી દૃશ્યરૂપ ઊભું થયું હોવાથી તે ચાલુ રાખ્યું છે -તંત્રી)

-જયન્ત પાઠક (સુરત)

•

'કુમાર'નો અંક ૮૮૯ વાંચવાનો લ્હાવો મળ્યો. દરેક સાહિત્યપ્રેમી વાંચકની રુચિ સંતોષતા 'કુમાર'ની ૭૫ની વયે પણ સાહિત્યજગતના મેદાનમાં અણનમ રહી સદી તરફ આગળ ધપતાં આ સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક પોતાની એક આગવી ઓળખ કરાવે છે. મહુવાકરની લઘુકથા 'પંડ્યના' ગમી. ગુજરાતનાં ગૌરવસમા કાર્ટૂનિસ્ટ ઈન્દ્રદેવ આચાર્યની કાર્ટૂન સાથે માહિતી વાંચવા મળી. ગુજરાતી પત્રકારત્વના ઈતિહાસના સીમાચિહ્ન શ્રી ઈન્દ્રદેવ આચાર્યને અભિનંદન. 'કુમાર'માં ખેલ-જગતને વધુ સ્થાન આપશો તો સોનામાં સુગંધ ભળશે.-ઘનશ્યામ આચાર્ય (બોટાદ)

•

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક 'કુમાર' ૭૫ વર્ષ પૂરાં કરી તે અમૃત મહોત્સવ પૂર્ણ કરી આગળ ને આગળ પ્રગતિ કરે તેવી પ્રભુપ્રાર્થના. જાન્યુઆરી ૨૦૦૨ અંકમાં 'એક ચોરનો ઈન્ટર્વ્યૂ'નો લેખ વાંચ્યો. ખૂબ જ ગમ્યો. તેમાં રાજકારણી પર થયેલ શબ્દરૂપી બાણનો વરસાદ ખૂબ જ અસરકારક અને વાસ્તવિક લાગ્યો. તેવા કટાક્ષમય લેખો અવારનવાર રજૂ થતા રહે એવી અપેક્ષા.

-પરાગભાઈ બી. પટેલ (બીલીમોરા)

•

સ્વ અશોકકુમારે પોતાની ફિલ્મી-યાત્રા 'બૉમ્બે ટૉકિઝ'ની ફિલ્મ લૅબોરેટરીથી શરૂઆત કરેલી; નહિ કે ફિલ્માલયથી. અંગ્રેજી સાહિત્યની લેખમાળા અચાનક શરૂ કરેલ છે તો પ્રસ્તાવના વિના તે બરાબર નથી. આ પહેલાં પણ આ લેખમાળા આવેલી જે પુસ્તકરૂપે બહાર પડી જ છે. ખરેખર દર વર્ષે ગુજરાતી સાહિત્યની બહાર પડતી નવલકથામાં જે નોંધપાત્ર હોય તેનો પરિચય કરાવવો જોઈએ. નિષ્ફળ નવલકથામાં પણ સારું હોય છે. મા. ધીરુબહેન પટેલની 'આગંતુક'નો આવો પરિચય અસ્થાને નથી. (આ અંકમાં તે વાંચવા મળશે. -તંત્રી)

-જયંત એમ. ચૌહાણ (અમદાવાદ)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૫મું
અંક ૩

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

માર્ચ ૦ ૭૫મું વર્ષ ૦ ૨૦૦૨

સાહિત્યસમૃદ્ધિ

'કુમાર' સળંગ અંક ૮૯૧

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

सूत्रसार

સાંખ્યમાં વર્ણવાયેલા મહત્ તત્ત્વનો મહિમા

રાધેશ્યામ શર્મા

જ્યાં જુઓ ત્યાં, આ કમ્પ્યૂટર-ઈન્ટરનેટ-યુગમાં પણ બુદ્ધિ ચલાવવાના, બુદ્ધિ ખીલવવાના, સ્મૃતિ વધારવાના નુસખાઓ અજમાવવામાં આવે છે.

આ બુદ્ધિ કેવી ચીજ છે ? બુદ્ધિ હોય તો લોકો માને બુદ્ધ અને ના હોય તો બુદ્ધુ ! કોશ ખોલીને વાંચો ત્યારે જાણ થાય કે બુદ્ધિના અર્થ અને મર્મ કેટલા છે, સાથોસાથ અખતરા અને ખતરા કેટલા છે.

કેટલાંક પ્રાણીઓ-પંખીઓ પણ બુદ્ધિશાળી દેખાય છે, પરંતુ માણસોમાં તો એનું મોટા ભાગનું જીવન બુદ્ધિબળના આધારે જ ચાલે છે. અહંકાર જો રાષ્ટ્રપતિ છે તો બુદ્ધિ વડાપ્રધાન છે. બુદ્ધિને પૂછ્યાગાછ્યા વિના અહં પ્રસ્તાવો ઉપર સહીસિક્કા નહીં કરી આપે.

હવે બુદ્ધિ સંજ્ઞાનઃ કેટકેટલા અર્થો હશે ? કોશમાં એકત્રિત કરેલા અર્થો પરમ્પરાના અનુભવોના અર્ક સમાન છે.

બુદ્ધિ સ્ત્રીલિંગી છે. વિભિન્ન અર્થો નોંધપાત્ર છે. વસ્તુને જાણવાની, ચિત્તની આકલન કે સમજશક્તિ જેને લોક અક્કલ કહે છે તે બુદ્ધિનો પર્યાય છે. સમજ, માહિતી અને જ્ઞાન પણ બુદ્ધિવિભાગમાં આવે. વિવેક, ડહાપણ, તત્કાલ મતિ, માન્યતા, અભિપ્રાય, હેતુ, પ્રયોજન, ઉપાય અને સાંખ્યશાસ્ત્રમાં વર્ણવાયેલું મહત્ તત્ત્વ પણ બુદ્ધિ છે. એક નવો અર્થ પણ જાણવા જેવો છે. સમજો કે કોઈ વ્યક્તિ મૂર્છામાં પડી બેભાન થઈ હોય તે ધીરેધીરે ભાનમાં આવતી જાય એને પણ બુદ્ધિ કહી છે ! મતિ શબ્દ પણ બુદ્ધિ અને સમજનો સમાનાર્થ સૂચવે છે. મતિ કહેતાં બુદ્ધિ, સુમતિ હોય તેમ કુમતિ પણ હોય. બુદ્ધિનાં શસ્ત્રો છે તર્ક, શંકા, વિચાર પ્રત્યેકના જીવનવ્યાપારમાં તર્ક કરવા, શંકા કરવી અને માઠામીઠા વિચારોનો અનુભવ પ્રધાન છે.

માણસ વૃદ્ધ થાય અને બુદ્ધિને સહેજ શિથિલ કરી સાચી વાત કરે તોયે સમાજ તો કહેશે, 'સાઠે બુદ્ધિ નાઠી !' શ્રીમદ્ ભગવદ્ ગીતામાં બુદ્ધિનાશની પ્રક્રિયા અને એના દારુણ પરિણામનો ખાસ શ્લોક છે. ક્રોધથી મૂઢતા થાય છે, મૂઢતાથી સ્મૃતિનો નાશ થાય છે, સ્મૃતિના નાશથી બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિનાશથી (મનુષ્ય) સંપૂર્ણ નાશની દશાને પામે છે,

આમ, બુદ્ધિનો મૂળ આધાર સ્મૃતિ છે. સ્મૃતિના ખજાનાકોશમાં સવળા ભાવવિચાર હોય તો સમ્યક્ બુદ્ધિ પ્રગતિ કરાવે, અને જાતભાતના અવળા વિચારભાવો પ્રસ્તુત કરે તો તે વિપરીત અથવા વ્યભિચારિણી બુદ્ધિ અવગતિમાં દોરી જાય.

જે બુદ્ધિ ચિત્રવિચિત્ર કામનાઓની પૂર્તિ અર્થે મનુષ્યને સ્વાર્થી, લોભી અને કૃપણ બનાવે એને આત્માની પ્રાપ્તિમાં મોટા અવરોધરૂપ ગણી છે. પણ અલૌકિક-પારલૌકિક જ્ઞાન ધરાવતી વિવેકબુદ્ધિને આત્માની દિશાદષ્ટિનું પ્રધાન સાધન માની છે. જ્ઞાનને આત્માને 'ડિરેક્ટ પ્રકાશ' કહ્યો, જ્યારે બુદ્ધિને 'ઇનડિરેક્ટ પ્રકાશ' માન્યો છે.

આવી બુદ્ધિ આડફંટાય તો ચાલાકી દેખાડવામાં સર્વ શક્તિ ખર્ચી નાખે.

એક પૈસાપાત્ર ખેડૂતે પોતાની દીકરીઓનાં લગ્ન ગોઠવવાની બાબતનું વર્ણન એક સંભવિત મુરતિયા આગળ આમ કર્યું :

મારી સૌથી નાની દીકરીને જે પરણશે એને રોકડા રૂ. ૨૫૦૦૦ આપીશ, બીજી ૩૨ વર્ષનીને પસંદ કરશે એને રૂ. ૫૦,૦૦૦ આપીશ, ત્રીજી ૪૩ વર્ષનીને પરણશે તેને રૂ. ૭૫૦૦૦ આપીશ.

ત્યાં વચમાં જ મુરતિયો બોલી ઊઠ્યો : 'આપે મજાની બાબત કહી. ત્રીજી ૪૩ વર્ષની પુત્રીને ૭૫ હજાર આપવા સુધી તમો તૈયાર છો તો પછી મને તો તમારી ૫૦ વર્ષની પુત્રીને પરણવાનું જ વધુ ગમશે !'

આમ, બુદ્ધિ લોભિયા લાલિયા સમી છે.
લાભ વગર ક્યાંયે લોટે એવી નથી !

ત્રણ દશપદી / *રાજેન્દ્ર શાહ*

શાધિ મામ્ (પ્રશ્ન અને પ્રબોધ)

હે કૃષ્ણ, હે પરમ, હે ભગવન્ત ઈશ.
આંહી ન દ્વાપરની કોઈ રહેલ રીત.
સાંકર્ય છે સકલ વર્ણનું, ભેળમાં આ
વિચ્છિન્નતા, ન કુલધર્મ-ક્રિયા જણાતાં.

હું વિપ્ર ક્ષત્રિય નહીં, નહિ વૈશ્ય શૂદ્ર;
કેવી અવસ્થિતિ અહો મુજ આ વિચિત્ર !
આ દેશકાલ મહીં નિશ્ચિત શું વિશિષ્ટ
કર્તવ્ય મ્હારું ? કથ યાદવ હે વરિષ્ઠ.

છું ભ્રાન્ત, છું વિકલ, હું, થઈ તું પ્રસન્ન,
મામ્ શાધિ શિષ્ય તવ હું હૃદયે પ્રપન્ન.

પ્રબોધ-૧

જે સત્ય સુન્દર શિવંકર તત્ત્વ એક
કૂટસ્થ તે સકલ રૂપ તણે નિકેત.
ખેલી રહેલ તુજ સંગ શિશુ-સ્વભાવે
છુપાઈ, શોધ કર તું, તવ દાવ હાવે.

જાતું ન દૂર કંઈ બાળક, હોય પાસે
આંહીં કહીં દહરમાં રહી છન્ન-વાસે.
ક્યાં હૂંફ કૈંક સુણ તું ધડકન્ત પ્રાણ,
એ એક માત્ર તવ શોધનું હો પ્રમાણ.

છુટ્ટો હવે વિચર તું, કરી લાવ એને
બન્દી, કરે કર ધરી નચવન્ત નૅણે.

પ્રબોધ-૨

ના કોઈ વર્ણ તવ હો, પણ છે સ્વભાવઃ
એની જ સંપરખ હોય, અને સજાવ.
એથી થશે પ્રગટ હીર, રહ્યું અદીઠ;
સામર્થ્યને ય મળશે રણ-અશ્વપીઠ.

તું વિપ્ર, ક્ષત્રિય, સ્વયં તું હિ વૈશ્ય શૂદ્ર
તું ક્ષાન્ત, દાન્ત ઘટના સમ રૂપ રુદ્ર-
કર્તવ્યમાં ચ્યુતિ ન-સન્તત-મુક્ત-સંગ
તો કોઈ બન્ધન નહીં, નહિ લેપ રંગ.

આ સૃષ્ટિ સંહૃતિ રસાત્મક નાટ્યલીલા,
ખેલા મહીં કરણ હો ન કદીય ઢીલાં.

યંત્રધર્મ / *ધીરુ પરીખ*

(વનવેલી)

પ્રકૃતિએ સ્થાપ્યો એનો સર્વવ્યાપી સનાતન ધર્મ
વિજ્ઞાને પ્રસ્થાપ્યો જેને
માણસોએ ઉથાપ્યો તે.

સમયના અન્તરાલે અન્તરાલે
વિવિધ સ્થળોએ સ્થાપ્યા માનવીએ નિજ નિજ ધર્મો.
મૂર્તિઓની સામે આવી મૂર્તિ,
વિધિ સામે જુદો પડે વિધિ,
એથી ખડે માનવ માનવ વચ્ચે રહેલી સન્નિધિ.

આમ ધર્મયંત્ર ચાલતું ચોમેર
માનવ્યના પોતને ઝંઝેડતું કૈં ઠેરઠેર :
ક્રૂસ, ટીલાં, આતશ ને માળા, આરતી, અઝાન-
ચિહ્નોનાં સોગાન આમ લઈ-દઈ
મન અને મન વચ્ચે કંઈ દીવાલો ચણ્યાની હેરફેર.

કબીરે તો વણી હતી ચદરિયા.
યંત્રવણી ચાદર એ સૌને એકસરખા જ રહે ઢાંકી.
વળી ધર્મયંત્રે ચાદરના ચીંથરે ચીંથરા થાય
કિન્તુ હવે આવનારી સદીઓમાં
યંત્રધર્મે ચીંથરાની ચાદરો વણાય.
ધર્મયંત્રે તોડ્યું ને વછોડ્યું બધું જે જે
યંત્રધર્મે જોડ્યું તે જણાય.

પ્રથમ સૉનેટની સર્જન-ક્ષણે / *નિર્મિશ ઠાકર*

(મંદાક્રાન્તા • સૉનેટ)

રોમાંચે કો' પળ છલકતી ખ્વાબ શી એમ ઝૂલે,
ભૂરાં ભૂરાં ગહન રચતો, છેક સંવેદનોમાં
લાગે જાણે લિપિવત થશે ઉદધિ સર્જનોમાં !
એકાંતોથી તટ પલળતા દૃશ્યમાં સ્હેજ ખૂલે
ને વીંઝાતા લય મુજ મહીંથી મને બ્હાર ઢોળે.
શું તૂટે છે સકળ અમથાં બંધનો ? હુંય શાથી
પેલી સૂના તટ પર પડી નાવ જૂની નિહાળી,
દોડું વેગે જલલહર શો ને વળી જાઉં ટોળે ?

'ઝંખેલો મેં અવિરત તને, આજ આવી ચડ્યો કે ?'
ભીને સાદે મુખરિત થતી નાવને હું જડું છું ?
આરંભાઈ સફર પણ આ નાવ દ્વારા, તરું છું
ભૂરાં ભૂરાં ગહન ગ્રહતો 'હું', મને કોણ રોકે ?
એકાંતોથી તટ પલળતા તો હવે દૂર ઝૂલે !
જૂની નાવે નવલ લયમાં વિશ્વનાં વિશ્વ ખૂલે !

માનવીય સંવેદનાના ઉપાસક



ડૉ. પ્રફુલ્લભાઈ શાહ

—સુરેશ મ. શાહ—

'ભલે તમે સંધ્યા કરો સંયમ સાધો, ધોળાં પહેરો, વ્રત લ્યો કે મંદિરમાં નિયમિત દર્શન કરવા જાઓ કે જાત્રા કરવા જાઓ; સંતસેવા, સત્સમાગમ કે ભક્તિ આદરો પણ જ્યાં સુધી જીવન ઉચ્ચ અને નીતિમય બનાવ્યું નથી, અસત્યનો ત્યાગ કરીને સત્યનું પાલન કરવાનું વ્રત લીધું નથી ત્યાં સુધી ઈશ્વર દૂર જ છે... પરોપકાર વૃત્તિ રાખવી. દુઃખીનાં દુઃખ દૂર કરવા બનતું તો કરજો જ.'

આ શીખ ડૉ. પ્રફુલ્લભાઈના પિતાશ્રી શાંતિલાલ ગિરધરલાલ શાહે નોંધ સ્વરૂપે સર્વને માટે અને ખાસ કરીને પોતાનાં સંતાનોને માટે આપી હતી. તેમનાં પાંચ સંતાનોમાં મોટાં બહેન પછી ચાર ભાઈઓમાં વડીલ પ્રફુલ્લભાઈ પોતાના નીતિપરાયણ પારદર્શક પિતાની આ શીખને જીવનમાં બરાબર ઉતારે છે અને જે જીવન આજે ૭૦ વરસની ઉંમરે પ્રકાશી રહ્યા છે તે અનેકોને માટે પ્રેરણાસ્રોત સમું બની રહે તેવું હોવાની ઝલક આ લેખમાં આપવામાં આવી છે.

સૌરાષ્ટ્રના સાવરકુંડલામાં સતત પુરુષાર્થી અને કર્મશીલ પ્રફુલ્લભાઈ સમગ્ર વિસ્તારનાં અનેક નાનાંમોટાં ગામોમાં એક આદરણીય વડીલનું સ્થાન પ્રાપ્ત કરી ચૂક્યા છે. તેઓ હવે તો એવો વડલો બન્યા છે કે અનેકોને શીતળ છાયા આપીને જીવનને અન્યો માટે કેટલું ઉજાગર કરી શકાય તે માટેનો એક વિશાળ આદર્શ પૂરો પાડ્યો છે. પ્રફુલ્લભાઈ-ઇન્દિરાબહેન અનેક લોકોનાં મા-બાપ, દાદા,દાદી અને પૂજનીય છે.

૩૦-૯-૧૯૩૨માં જન્મ સૌરાષ્ટ્રના લીંબડી ગામે, અને ૧૯૫૮માં વડોદરા યુનિવર્સિટીમાંથી એમ.બી.બી.એસ. થઈ તેઓએ સાવરકુંડલામાં દવાખાનું શરૂ કર્યું તે જોતજોતામાં અનેક આજાર લોકો માટેનું આદર્શ આરોગ્યધામ બની રહ્યું. પ્રારંભથી જ જરૂરિયાત પૂરતું જ લઈને લોકસેવક બની રહેવાનો આદર્શ તેઓએ પિતાની શીખમાંથી પ્રાપ્ત કર્યો હતો. ધાર્યું હોત તો વડોદરા-અમદાવાદ-રાજકોટ-સુરત જેવાં મોટાં નગરમાં તેઓ ધીખતી પ્રૅક્ટિશ કરી શક્યા હોત, પણ તેઓ વારંવાર કહે છે તેમ, 'આ જગતમાંથી હું એક જ વાર પસાર થવાનો છું, તેથી જો મમતા બતાવી શકું તેમ હોઉં તો લાવ અત્યારે જ કરી લઉં, કારણ કે હું અહીંથી ફરી નીકળવાનો નથી' - થોપર કાર્લાનું આ વાક્ય તેઓએ જીવનનો મંત્ર બનાવી દીધું. ૨૭ વર્ષની ઉંમરે તો માનવસેવાનો મંત્ર આત્મસાત્ કરી અનેકો માટે સેવાપરાયણ ડૉક્ટર બની રહ્યા. તેઓના જ શબ્દો એ વાતની પ્રતીતિ કરાવે છે કે 'મેં કૉલેજમાં અભ્યાસ કરતાં સ્વામી વિવેકાનંદનાં પુસ્તકો વાંચેલાં, તેની મારા પર મોટી અસર. પ્રારંભમાં તો છ વર્ષ સાર્વજનિક દવાખાનામાં કામ કર્યું. દરરોજના ૩૦૦-૪૦૦ દર્દીઓને તપાસવાના, ૩૦-૪૦ વિઝિટ હોય, ગામડેગામડે ઘોડા ઉપર કે ઘોડા-ગાડીમાં જવાનું પણ સહેજ પણ કંટાળા વગર, હસતા મુખે. દર્દી ડૉક્ટરને જુએ અને તેનું અડધું દુઃખ તો એમ ને એમ જ ગાયબ; તેવું વહાલભર્યું સેવાતત્પર વર્તન. સાર્વજનિક દવાખાના દ્વારા પણ કેટલી અને કેવી સેવા થઈ શકે તેનું આદર્શ ઉદાહરણ પૂરું પાડીને, તેઓએ ૩૨ વર્ષની ઉંમરે સ્વતંત્ર પ્રૅક્ટિસ શરૂ કરી.

રાજ, સંજય અને વિવેક, ત્રણ દીકરા અને દીકરી સોનલ. સોનલ અભ્યાસ કરતી ત્યારથી જ કરુણામૂર્તિ હતી. કોઈનું દુઃખ જોઈ શકે નહિ અને સમય મળે કે તરત જ કુંડલાના નિર્ધન પછાત વિસ્તારોમાં માછીમારોની વસ્તીમાં પહોંચીને તેઓની વિવિધ રીતે સેવા કરે. તેમનાં બાળકોને રમાડવાનું, સંસ્કારવાનું કાર્ય કરે. સમાજસેવાની આ લગની તો એવી કે કોઈની પરવા ના કરે અને કશાથી ના ડરે. વડોદરામાં કૉલેજ અને એમ.એસ. ડબ્લ્યુ.નો અભ્યાસ કરતાં કરતાં પણ અવકાશે ગરીબ લત્તાઓમાં જઈને કાંઈક ને કાંઈક સેવા કાર્ય કરતી રહે. સમય

જતાં માતાપિતાની ઈચ્છાને અનુસરવા સાદાઈથી શ્રી શશિધર સાથે લગ્ન કરી, ચોટીલાની પછાત ભૂમિમાં આગાખાન ટ્રસ્ટમાં જોડાઈને બંનેએ પોતાની પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો. અનેકોની ચાહના પ્રાપ્ત કરી પણ માત્ર ૨૪ વર્ષની ઉંમરે જીપ-અકસ્માતમાં તેનું અવસાન થયું. જે સહુને માટે એક દુઃખદ અને તીવ્ર આઘાતજનક બની રહ્યું.

આમ છતાં ડૉ. પ્રફુલ્લભાઈ અને ઈન્દિરાબહેને આ આઘાતમાંથી પણ અંતરપ્રેરણા મેળવીને જે જીવન અન્યો માટે આરોગ્યસેવામાં વિતાવતાં હતાં તેને અનેકવિધ પ્રવૃત્તિઓ તરફ વાળવાનો સંકલ્પ કર્યો અને એ રીતે સોનલના જીવનકાર્યને ધબકતું રાખી માનવતાનો દીપ વધુ ને વધુ ઓજસ્વી બનાવવા કાર્યક્ષેત્રને સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં વિસ્તાર્યું. સાચે જ તેમની તમામ પ્રવૃત્તિઓ એટલી બધી વ્યાપક છે કે શબ્દોમાં તેનું પૂર્ણ આલેખન શક્ય જ નથી. ખરેખર તો હજુ એક કાર્ય આરંભ્યું હોય ત્યાં જ કોઈ નવીન કાર્યની યોજના મનમાં રમતી હોય અને કાગળ ઉપર વ્યક્ત થતી હોય. તીવ્ર વાચનશોખ અને મૌલિક વિચારોની આલબેલ તેઓના જીવનપથને આગળ ને આગળ ધપાવવાનો જાણે મંત્ર બની રહ્યાં.

સોનલના અવસાન સાથે જ 'સોનલ ફાઉન્ડેશન'ની સ્થાપના થઈ. એ તો નામ કે નિમિત્ત માત્ર છે, ખરેખર તો ડૉ. પ્રફુલ્લભાઈના આંતરિક સંસ્કાર જ એવા હતા કે તેઓ આજે જે કાંઈ કરી રહ્યા છે, તે જ તેમના જીવનમાંથી પ્રગટ્યા વગર ન રહ્યું હોય. અનાયાસે પત્ની શ્રીમતી ઈન્દિરાબહેન પણ એ જ મનોજાગૃતિવાળાં મલ્યાં અને ભાઈબહેનો પણ તેવાં જ. સંતાનો પણ આ બધી પ્રવૃત્તિથી આનંદિત. આમ, પિતાશ્રી શાંતિભાઈની જે અણમોલ વારસાની ખેવના હતી તે આ સહુએ આદર્શ સ્વરૂપે આચરી બતાવી.

દવાખાનું તો ચાલતું જ હતું. સુવાસ પણ હતી. પણ પ્રવૃત્તિઓનો વ્યાપ ૧૯૮૭થી વિસ્તારવાનું શરૂ થયું, તે વણથંભી કૂચની જેમ જ આજે પણ ચાલુ જ રહ્યું છે. સોનલની ભાવના બહેનોની સેવા માટે વિશેષ હતી એટલે પોતાના જ નિવાસસ્થાનમાં બહેનો માટેના સિવણના વર્ગો શરૂ કર્યા. અત્યાર સુધીમાં ૨૧૦૦ જેટલી બહેનોએ તેનો લાભ લઈને મશિન વસાવીને પગભર થયાનો આનંદ પ્રાપ્ત કર્યો છે. જરૂરિયાતવાળાંઓને મશિન પણ ભેટ તરીકે અપાયાના ૩૫૦ દાખલા છે. સમય જતાં એમ્બ્રોયડરી નિટિંગ, હાથભરતનું કામ પણ શીખવવાનું આયોજન થયું અને આખો દિવસ નિવાસસ્થાન અને વર્ગો તથા બગીચો બહેનોના પરિશ્રમયુક્ત વાતાવરણથી મઘમઘે છે. જેનાં મુખ્ય અધિષ્ઠાતા ઈન્દિરાબહેન છે. ૬૬ વર્ષની ઉંમરે પણ જે ઉમંગ અને તરવરાટ તેમની કાર્યશૈલીમાં જોવા મળે છે તે અનેરો છે.


પત્ની શ્રીમતી ઈન્દિરાબહેન

રક્તપિત્ત-નિવારણનું કાર્ય પણ ફાઉન્ડેશને શરૂ કર્યું, અને તે માટે દર્દીઓને શોધવાની ઝુંબેશ આદરી. ગામડે ગામડે ચામડીના રોગોના કૅમ્પ યોજીને પોતાના નિવાસસ્થાનમાં જ રક્તપિત્ત કેન્દ્ર શરૂ કર્યું. ૧૯૯૦થી ૨૦૦૦ સુધીમાં ૨૧૪ દર્દીઓને સંપૂર્ણ સારા કર્યા, ઉપરાંત તેમના પુનર્વસન માટેની પણ અનેક યોજનાઓ કરી. તેઓને હાથલારી, અંબરચરખા અને સિલાઈ મશિનો આપવામાં આવ્યાં. આ રોગની લોકજાગૃતિ માટે પણ અનેક કાર્યક્રમો યોજ્યા. આ અંગે લેખો પણ લખ્યા તેમજ પાંચ જેટલી પુસ્તિકાઓ પણ બહાર પાડવામાં આવી. આ અંગે રેડિયો અને ટી.વી. વાર્તાલાપો તેમજ રેલીઓનું પણ આયોજન થયું. લગભગ ૨૩૪૦ દર્દીઓને સૅન્ડલ પણ આપવામાં આવ્યાં.

૧૯૯૨થી પોલીઓ અંગેની કામગીરી પણ શરૂ થઈ. વિરલ અને મુક્તિ નામની બે કન્યાઓને જે રીતે જમીન ઘસીને ચાલતી જોઈ તેનાથી હૃદયને ધક્કો વાગ્યો અને આ કાર્ય પણ કરવું તેવો નિશ્ચય કર્યો. બાળકોની તપાસના કૅમ્પ યોજીને પોલીઓ દર્દીઓને શોધી કાઢ્યા. ૧૧૮૩ બાળકોમાંથી ૨૫૪નાં ઑપરેશન કરાવ્યાં, બાકીનાને કેલિમર્સ કે ઘોડી આપવામાં આવ્યાં. આ કાર્યમાં તેઓને જામનગરના ડૉ. હસમુખભાઈ વખારિયાનો સંપૂર્ણ સહયોગ મળ્યો. સાધનો પણ ભેટ મળ્યાં. આ સાથે જ અકસ્માત કે દર્દને કારણે હાથ કે પગ ગુમાવ્યા હોય તેઓને કૃત્રિમ હાથપગ બેસાડીને સ્વતંત્ર રીતે કામ કરતાં કર્યાં, જેમાં પણ સ્કેચ પરિવાર અને રાજસ્થાન હૉસ્પિટલનો સહયોગ પ્રાપ્ત થયો.

૧૯૮૮થી જ કિડનીના રોગો, પથરી વગેરેનાં ઑપરેશનોનો કાર્યક્રમ શરૂ થયો. ચામડીના રોગોના નિદાન કૅમ્પ યોજાયા. નેત્રયજ્ઞો દ્વારા મોતિયાનાં ઑપરેશનો પણ ૧૯૯૩થી શરૂ થયાં. જરૂરિયાતવાળાંઓ માટે શ્રવણયંત્ર આપવાના કૅમ્પનું આયોજન પણ ૧૯૯૯-૨૦૦૦નાં બંને વર્ષમાં કરવામાં આવ્યું.

ટી.બી.ના દર્દીઓની સારવારનું કાર્ય તો છેલ્લાં ૧૧ વર્ષથી ચાલે છે. કોઈ પણ સ્થળેથી આવતા દર્દીને આ સારવાર વિના મૂલ્યે આપવામાં આવે છે. ઈ.સ. ૨૦૦૦ સુધીમાં ૮૯૧ દર્દીઓને સારવાર કરવામાં આવી છે. જીંથરીની ટી.બી.

હૉસ્પિટલમાં આ ફાઉન્ડેશને પથારીઓ રાખી છે. અને ત્યાં ૯૪ દર્દીઓને સારવાર આપીને સાજા કરવામાં આવ્યા છે. સારવાર જ નહીં પણ આર્થિક રીતે નબળા દર્દીને તો દરરોજ એક લિટર દૂધ પણ આપવામાં આવે છે. સાવરકુંડલામાં દર્દીઓને માંદાની માવજતનાં સાધનો પણ કોઈ પણ રકમ લીધા વગર વાપરવા આપવામાં આવે છે. જેનો લાભ સાવરકુંડલાનાં નાગરિકો સતત લઈ રહ્યાં છે.

આરોગ્ય વિષયક આ બધી પ્રવૃત્તિઓને કારણે કેટલાંય માનવીઓનાં જીવનમાં તેઓએ આનંદ-મંગલ પ્રગટાવ્યો છે. પોલીઓગ્રસ્ત કાનાને ટ્રાઈસિકલ મેળવીને જે આનંદ થયો તે પ્રસંગ તો એટલો બધો હૃદયદ્રાવક છે કે એવું પ્રતીત થયા વગર રહે જ નહિ કે ઈશ્વર આવા જ કાર્યથી રાજી રહેતો હશેને ! કાનાને મન તો આ પ્રસંગ લગ્નપ્રસંગ જેવો બની રહ્યો. શારદાના ચાર જ મહિનાના બીમાર બાળકને જે રીતે આશ્વાસન આપી સાજો કર્યો અને તે પણ એક પૈસો પણ લીધા વગર અને પછી તો શારદા અને તેની બાના મનમાં જે ભાવ ઊગ્યા, માત્ર થોડા તલ પોટલીમાં ઉમળકાભેર લાવી, પણ પ્રફુલ્લભાઈએ કહ્યું કે, 'બહેન, મારાથી તલ ન રખાય. તમે પાછા લઈ જાવ, શારદા તો મારી દીકરી છે એટલે મારે તેનું કામ તો કરવું જોઈએ.' આટલું સાંભળતાં તો બહેન આંખમાં આંસુ સાથે બોલી કે અમ રાંકનું આટલુંય તમે નહીં રાખો ? ડૉક્ટર કહે છે કે તલ રાખ્યા અને મને સુદામાના તાંદુલ યાદ આવી ગયા.

ડૉ. પ્રફુલ્લભાઈ અને ઈન્દિરાબહેન માત્ર આટલી જ પ્રવૃત્તિઓ કરીને હાશ અનુભવતાં નથી, પણ તેઓએ આજના ટૅલિવિઝનના આક્રમણના યુગમાં પણ સાવરકુંડલાનાં બાળકો, કિશોરો માટે પોતાના પિતાશ્રીની સ્મૃતિમાં 'શાંતિલાલ ગિરધરલાલ શાહ બાળ પુસ્તકાલય'નો ૧૯૯૭ના એપ્રિલ મહિનાથી પ્રારંભ કર્યો છે. નવાઈ લાગે કે વાંચવું ગમે જ નહિ તે માટે કોઈ પ્રેરે જ નહિ, ના શિક્ષકો કે માતાપિતા ત્યારે એક નાના નગરમાં ૪૫૦ જેટલાં બાળકો આનો નિયમિત લાભ લે છે. આપણે સર્વત્ર એ જ જોઈએ છીએ કે કોઈને વાંચવું ગમતું નથી, સાહિત્યપ્રીતિ તો જાણે રહી જ નથી. પુસ્તક કેટલું ઉમદા ઘડતર કરી શકે છે તે તો જાણે ભુલાઈ જ ગયું છે ત્યારે આ કાર્યમાં બાળકો, દીકરા-દીકરીઓ જે ઉમળકાભેર વાચન-તત્પરતા બતાવે છે તે તો અનન્ય છે.

આ બાળકો નિવાસસ્થાનમાં આવે, પુસ્તકો લે અને ગમે ત્યાં બેસીને વાંચે, ક્યાંય રોકટોક નહિ, ઘરમાં એવી રીતે વાંચતાં હોય કે જાણે પોતાના જ ઘરમાં બેઠાં હોય ! ડૉક્ટર-દંપતી કહે છે કે અમે એ વાતનો સંતોષ લઈ શકીએ છીએ કે અહીં બાળકો પ્રેમથી પુસ્તકો લેવા-વાંચવા આવે છે. પુસ્તકો પસંદ કરવામાં પણ તેઓ સારો એવો સમય લેતાં હોય છે. તેઓ જે એકાગ્રતાથી પુસ્તકો જોતાં હોય છે તે જોવાની પણ મજા પડે છે.

આવાં બાળકોને પ્રોત્સાહિત કરવા માટે દર મહિને વક્તૃત્વ-સ્પર્ધા, ચિત્રકામ, ઉદ્યોગ, સુલેખન, વાર્તાહરીફાઈ, યાદશક્તિનાં કસોટીપત્ર લેખન, અંતાક્ષરી રમતગમતોનું પણ આયોજન કરીને ડૉક્ટર દંપતી તેમાં ઓતપ્રોત થાય છે. દરેક બાળકના જન્મદિવસે તેઓને પત્ર દ્વારા શુભેચ્છા-સંદેશ પાઠવવામાં આવે છે. આ ઉપરાંત તહેવારો અને વિભૂતિઓના જન્મદિવસો પણ બાળકો સાથે ઊજવવામાં પ્રફુલ્લભાઈ-ઈન્દિરાબહેનના હૃદયનો સાચો આનંદ પ્રગટ થાય છે. ઘણાં બાળકો એવાં છે કે જેમણે વર્ષમાં ૧૫૦ કરતાં વધુ પુસ્તકો વાંચ્યાં હોય. ટી.વી.ના આક્રમણ સામે આનાથી બીજો ક્યો સારો વિકલ્પ હોઈ શકે ? સારાં ચારિત્ર્યશીલ નાગરિકોનાં ઘડતર માટેની આવી મૌલિક યોજના ભાગ્યે જ ક્યાંય જોવા મળે છે. દર અઠવાડિયે બે દિવસ ૮૦૦ જેટલાં પુસ્તકો પસંદ કરીને ટેબલો ઉપર ગોઠવવાં જેથી પસંદગી કરવાની સરળતા રહે. બાળકોની ઉંમર પ્રમાણે વર્ગીકરણ થયું હોય. બાળકો પુસ્તકો પસંદ કરે, નોંધ કરીને ઘેર લઈ જાય અને એ રીતે તેના ઘરમાં પણ વાચનશોખ વિકસાવવાનું નિમિત્ત બને. દર વર્ષે સૌથી વધુ પુસ્તકો વાંચેલ પ્રથમ ૨૦ બાળકોને ઈનામ આપવામાં આવે છે. બાળપુસ્તકાલયમાં દાખલ થનાર બાળકને પણ એક પુસ્તક ભેટ આપવામાં આવે છે. વાર્તા લખવાનો કાર્યક્રમ પણ ક્યારેક યોજાય છે અને એ રીતે આ બાળકોને મૌલિક રીતે વિચારતા કરી શકાય છે.

શિક્ષણક્ષેત્રે ઉચ્ચઅભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, વિશિષ્ટ અભ્યાસમાં બહેનો અને કૉલેજના વિદ્યાર્થીઓ તેમજ સાર્વજનિક છાત્રાલયમાં રહેતાં વિદ્યાર્થી ભાઈ-બહેનોને સ્કૉલરશિપ પણ આ ફાઉન્ડેશન આપે છે. સાર્વજનિક છાત્રાલયનું સંચાલન પણ પ્રફુલ્લભાઈએ સંભાળ્યું છે.

રક્તપિત્ત ઉપરાંત 'ડાયાબીટીઝ', અને 'વૃક્ષ - છોડમાં રણછોડ' નામની પુસ્તિકા પણ ફાઉન્ડેશને બહાર પાડી વિનામૂલ્યે વિતરિત કરી છે. પર્યાવરણના ક્ષેત્રે તો એવી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે કે કુંડલા અને આજુબાજુનાં અનેક ગામો હરિયાળાં બન્યાં છે. પૂનાની મુલાકાતે ગયા ત્યારે ગુલમહોરથી છવાયેલા એ નગરને જોઈને જે પ્રેરણા મળી તેનાથી તેઓએ આ કાર્યનો પ્રારંભ કર્યો અને અત્યાર સુધી ૧ લાખ કરતાં વધુ રોપાઓનું વિતરણ થયું. સમગ્ર નગરના રસ્તા ઉપર બંને બાજુ રોપા વાવવામાં આવ્યા છે, જેમાં નગરની બોર્ડિંગોએ પણ સહકાર અપ્યો. સોનલ ફાઉન્ડેશનની આ પ્રવૃત્તિને કારણે જ કુંડલામાં ઋતુ મુજબનાં ફૂલો જોવા મળે છે. પર્યાવરણ ક્ષેત્રની

આ સેવા કોઈ પણ જાતનું ડિમડિમ વગાડ્યા વગર અનેકોને પ્રેરીને કરવામાં તેઓએ જે આનંદ અનુભવ્યો છે તે તો તેમના જ નિવાસ-ઉદ્યાનમાં બેસીને હીંચકે ઝૂલતા ઝૂલતા તેમની વાતોમાંથી, આંખોમાંથી અદ્‌ભુત રીતે પ્રગટતો જોવો એ અનેરો લહાવો છે.

આ ઉપરાંત ફાઉન્ડેશન સ્કેચ પરિવારના સહયોગથી કથ્થકનૃત્ય શિબિર, વ્યસનમુક્તિ કાર્યક્રમ, વક્તૃત્વસ્પર્ધા, બાળવાર્તા કાર્યક્રમ, કવિસંમેલન, બાળસ્પર્ધાઓ, પર્વતારોહણ, સાઈકલસ્પર્ધા વગેરે યોજી ચૂક્યું છે, જેના દ્વારા ખલિલ જિબ્રાનના એ વિચારની પ્રતીતિ થાય છે કે કેળવણીનું કાર્ય બીજ વાવવાનું નથી પણ એ બીજ પહેલેથી પડ્યું જ હોય છે તેને વિકસિત કરવાનું છે.

ક્યારેય થાક કે કંટાળો ન અનુભવતાં સતત કાર્યરત ડૉક્ટર કાંઈક અવનવું આયોજન કરતા જ રહે છે. બહેરાંમૂંગાંની શાળાનું સંચાલન, ત્રણ નારી રત્નોનું સન્માન, રક્તદાન શિબિર, લોકકેળવણીના વર્ગો, દિવાળીના કાર્ડનું પ્રદર્શન, બહેનો દ્વારા તૈયાર થયેલા નમૂનાઓનું પ્રદર્શન, વીર-વીરાંગનાઓ, કૉલેજની બહેનો વગેરેના સન્માનના કાર્યક્રમો, પોલીઓ રસીકરણ કૅમ્પો, મહિલા શિબિરો, છાશકેન્દ્ર, કપડાં, ધાબળા વિતરણ, મેળામાં વાનગીઓના સ્ટોલ, મુશાયરાનું આયોજન, જરૂરિયાતવાળાને આર્થિક સહાય, વસ્તુઓ કે રોકડ સ્વરૂપે : આ બધી પ્રવૃત્તિઓનો વ્યાપ ઈશ્વરે સર્જેલી એક સૃષ્ટિના વ્યાપ જેટલો છે. આ બધું એકલે હાથે તો ના જ થઈ શકે પણ ડૉ. પ્રફુલ્લભાઈએ તે ઉપાડ્યું, અનેક લોકોનો સહયોગ મળતો ગયો અને એક માનવતાના સતયજ્ઞનો પ્રારંભ થયો કુંડલામાં, જેની જ્યોત આજુબાજુનાં અનેક ગામોમાં પણ તેજપુંજ ફેલાવતી ગઈ.

આટલી બધી પ્રવૃત્તિઓ વચ્ચે પણ પ્રફુલ્લભાઈએ ટેનિસ, કવિતા, ગરબો, ગાર્ડનિંગ, પક્ષીઓને ઓળખવાં કે વાચન શૉખ સહજ પણ ઓછો કર્યો નથી. ગાંધીયુગના આદર્શને તેઓએ યોગ્ય રીતે પચાવ્યો છે. હાલ પણ સાવરકુંડલા પાસેના એક ગામમાં શરૂ થતી નવી કૉલેજના પ્રારંભનાં કાર્યોમાં તેઓ અત્યંત વ્યસ્ત છે. તેમાં વળી પ્રકૃતિએ સર્જેલા ભૂકંપગ્રસ્તો માટે રાહતનું નવું કાર્ય ઉમેર્યું. કચ્છમાં તેઓ વારંવાર સહાય લઈને ગયા અને હવે રામકૃષ્ણ મિશન સાથે રહી મકાનો બાંધી આપવાની યોજના હાથ ધરી છે.

આ તમામ કાર્યો કરતાં કરતાં તેના વહીવટ માટે પણ સમય આપવો પડે. આખું તંત્ર જેટલું ભગીરથ કાર્ય સ-રસ વહીવટ વગર ચાલી જ ના શકે, જેમાં પણ તેઓ ચોકસાઈ અને કુશળતા ધરાવે છે. અલબત્ત, તેઓએ વાવેલાં આ બીજમાંથી ઊગેલાં અનેક માનવપુષ્પોની સહાય તેમને મળ્યા કરે છે.

અનેક સંસ્થાઓ સાથે તેઓ જોડાયેલા છે. પારિતોષિક અને પુરસ્કાર મેળવ્યા છે. અશોક ગોંધિયા ઍવોર્ડ પણ મળ્યો છે છતાં તેઓ ક્યારેય આ વાતને અભિવ્યક્ત કરતા નથી. હમણાં તેઓએ અનુભવેલા માનવતાના પ્રસંગોને 'અખંડ આનંદ'માં આલેખવાનું કર્યું છે, જે પ્રસંગકથાઓએ સારી એવી વાચકચાહના પ્રાપ્ત કરી છે.

આમ, ૨૦મી સદીના કપરા કાળમાં ડૉ. પ્રફુલ્લભાઈ અને ઇન્દિરાબહેન એક એવા ભગીરથ કર્મયોગી અને પુરુષાર્થીનું ઉદાહરણ છે કે જેમનો સમગ્ર માનવીય પ્રવૃત્તિઓનો પ્રવાહ ગંગા, યમુના અને લોકહિતના સમગ્ર ભારતવર્ષના કલ્યાણ માટે વહેતા પ્રવાહની યાદ અપાવ્યા કરે છે. ❒

પ્રસંગકથા

વિનોદ ભટ્ટ

'મુગલે આઝમ' ફિલ્મમાં ઉસ્તાદ બડે ગુલામઅલી ખાંને ગવડાવવા માટે કે. આસિફ જીદે ભરાયા, 'ભલે તમે ફિલ્મોમાં ન ગાતા હો, પણ મારી આ ફિલ્મમાં તો તમારે ગાવું જ પડશે. જે માગશો તે રકમ આપીશ, પણ તમારે ના પાડવાની નથી.' ગુલામઅલી ખાંની ગાવાની લેશમાત્ર ઇચ્છા નહોતી એટલે તેમણે વિચાર્યું કે એટલી મોટી રકમ માગવી જે આ માણસ ચૂકવી જ ના શકે. તેમણે આસિફને કહ્યું : 'એક ગીતના રૂપિયા પચ્ચીસ હજાર પડશે, બોલો, આપી શકશો ?'

'ખાંસાહેબ, સિર્ફ ૨૫૦૦૦ ? આપકી કિંમત તો ઇસસે કઈ અધિક હૈ...' લતા મંગેશકર અને મોહમ્મદ રફીનો સિતારો બુલંદ થતો જતો હતો ત્યારે એક ગીત ગાવાના તેમને માત્ર પાંચસો રૂપિયા મળતા ત્યારે ખાંસાહેબને એક ગીતના રૂપિયા ૨૫,૦૦૦ આસિફે ચૂકવેલા.

•

મહાભારતના ખલનાયક ગણાતા દુર્યોધનનું મંદિર મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના દૂરગાંવમાં આવેલું છે. આ મંદિરનો મહિમા ઘણો હોવાથી ત્યાં લોકોની ખૂબ ભીડ જામે છે. આ વિસ્તારની પ્રજા દુર્યોધનને ભગવાન ગણીને તેની પૂજા કરે છે અને મનવાંછિત ફળ પામે છે. આ મંદિરની ખૂબી પાછી એ છે કે તે ચોવીસ કલાક ખુલ્લું રહે છે.



આઠમો શો

પ્રફુલ્લ રાવલ

દૃશ્ય પહેલું

પાત્રો : પાર્થ, પ્રાચી, શાલીન, સત્યેન.
સમય : મોડી સાંજનો.
સ્થળ : ફ્લેટનો ડ્રૉઈંગરૂમ.

[ડ્રૉઈંગરૂમમાં કાટખૂણે બે સોફા પડ્યા છે. ભીંત પર ઘડિયાળ છે. ટિપૉઈ પર છાપું પડ્યું છે. કૉર્નર પર ફોન છે. એક બાજુ બારણું છે. બીજી બાજુથી કિચન અને બેડરૂમમાં જવાય છે. પડદો ઊપડે છે ત્યારે સોફા પર માથું અઢેલીને પાર્થ કંઈક વિચારમાં બેઠો છે. બેડરૂમમાંથી કશુંક ગણગણતી પ્રાચી ડ્રૉઈંગરૂમમાં આવે છે.]

પ્રાચી : પાર્થ, તું હજુ એમ જ બેઠો છે. થીએટરે જવાનો સમય થઈ ગયો. **Get ready.** પાછો શું વિચારમાં પડી ગયો ? સવારે તો **fresh** હતો અને અત્યારે પાછો **moodless** થઈ ગયો છે ! (પ્રાચી સોફા પર બેઠેલા, પાર્થની બાજુમાં એને મનાવતી હોય તેમ બેસે છે) આટલી નિરાશામાં તો મેં તને ક્યારેય જોયો નથી. જ્યારે આપણી પાસે કશું જ નહોતું ત્યારે પણ તું ક્યારેય નિરાશ થયો નથી. નથી તું ક્યારેય હાર્યો, નથી તારો ઉત્સાહ મંદ પડ્યો. અને અત્યારે કેમ આવો **moodless** બની ગયો છે. કારણ વગરનું આ **depression** સમજાતું નથી.

પાર્થ : (એ જ અવસ્થામાં) તું જા, મને ખરેખર કંટાળો આવે છે. કંઈ **mood** નથી આવતો. કશું જ ગમતું નથી. મને લાગે છે કે આ નાટક હું નહીં ભજવી શકું.

પ્રાચી : પાર્થ, તું તૈયાર થા. આમ બેસી રહેવાથી **mood** નથી આવવાનો. અને આ નાટકનો શો કરવા માટે તો તું ક્યારનો થનગની રહ્યો'તો. અને હવે આમ **moodless** થઈ ગયો છે. તું તો સ્ટેજનો માણસ છે. સ્ટેજ જ તારું જીવન છે. આમ બેસી રહીને તારે અભિનય વિસારે પાડી દેવાનો છે ? અભિનય એ તારું પચ્ચીસ વર્ષનું તપ છે. એ પચ્ચીસ વર્ષની ઉજવણી માટે તો તું આ નાટક ભજવવાનો છે. અને **mood** નથી... **mood** નથી એમ બોલ્યે રાખે છે. આમ ને આમ તો અઠવાડિયું નીકળી ગયું.

પાર્થ : એમ થાય છે કે બધું, ભૂલી બધું છોડીને ક્યાંક ચાલ્યો જાઉં.

પ્રાચી : એમ કશું જ ભૂલી જવાતું નથી. ક્યાંય જવાતું નથી. ઊભો થા અને તૈયાર થા. આજે તો રિહર્સલ કરવાનું જ છે. આવતા અઠવાડિયે તો શો છે. (ઊભી થઈને પાર્થનો હાથ પકડીને ઊભો કરે છે. તો ય પાર્થ બેસી રહે છે) આ નાટક ન ભજવે એમ ન ચાલે (પાસેના સોફા પર બેસે છે) આ નાટકથી તો તું કીર્તિ કમાયો છે. મારે ય તારો અભિનય જોવો છે. થીએટરનાં તારાં જૂનાં સાથીઓ કહેતાં હતાં કે આ નાટકનો તારો અભિનય **superb** હતો. તું સોળે કળાએ આ નાટકમાં ખીલે છે. હું તારા જીવનમાં આવી તે પહેલાંનું આ નાટક છે. મને તો જોવાનો લ્હાવો મળ્યો જ નથી. હવે જોઈશ.

પાર્થ : (ઊભો થઈને) પ્રાચી, મને થાય છે કે મારી જગ્યાએ કોઈક બીજાને **chance** આપું.

પ્રાચી : એવો વિચાર કેમ કરે છે ?

પાર્થ : થીએટરમાં બીજા કલાકારને પણ અભિનય કરવાની તક મળે ને !

પ્રાચી : એ તક આપીશું. પણ આ વખતે તો તારે જ અભિનય કરવાનો છે. **That I say... I am eager to see your acting.**

પાર્થ : પણ પ્રાચી, કદાચ હું આ નાટકનો અભિનય બરાબર ન કરી શકું તો...? આમે ય પચ્ચીસ વર્ષ થયાં. ત્યારે તો હું યુવાન હતો. આજે હવે વનમાં પ્રવેશ્યો છું. એ કાળનો ઉત્સાહ, એ કાળનું વાતાવરણ આજે નથી. અને...

પ્રાચી : અને...બને... પછી (ધક્કો મારતી મારતી રૂમમાં મોકલે છે.)

પાર્થ : (જતાં જતાં) તું થીએટર પર ફોન કર. (પ્રાચી રૂમના બારણેથી પાર્થને અંદર મોકલી પાછી આવીને ફોન કરવા મથે છે. બે-ત્રણ વાર પ્રયત્ન કરીને ઊભી થઈને રૂમ તરફ જાય છે ત્યાં ફોનની ઘંટડી વાગે છે. પ્રાચી પાછી ફરીને ફોન ઉપાડે છે.)

પ્રાચી : એલાવ... **yes, પ્રાચી here;** હા... હું અને પાર્થ બન્ને આવીએ છીએ. (ફોન મૂકીને વળી રૂમ તરફ જવા કરે છે. ત્યાં ડૉરબેલ વાગે છે.

પ્રાચી બારણું ઉઘાડે છે. કોઈ બે અજાણી વ્યક્તિ બારણે ઊભી છે.)
Yes, કોનું કામ છે ?

આવનાર : પાર્થ જોષીનું.

પ્રાચી : આવો (આવનાર બન્ને ડ્રૉઈંગ રૂમમાં દાખલ થાય છે) બેસો. (બન્ને બેસે છે) પ્રાચી કિચનમાં જઈને પાણી લઈને આવે છે. બન્નેને પાણી આપે છે.) પાર્થ હમણાં આવે છે. Please wait and sorry કે હું તમારું કંઈ સ્વાગત કરી શકતી નથી. અમારે થીએટરે જવાનું છે. થોડી ઉતાવળ પણ છે. (ત્યાં રૂમમાંથી તૈયાર થઈને પાર્થ આવે છે) પાર્થ, તું આમની સાથે વાત કરીને પાછળથી આવ. હું જાઉં છું.

પાર્થ : તું રિહર્સલ તો ચાલુ કરાવ. હું તરત આવું છું. (સોફા પર બેસી, આવનાર તરફ જોઈને) બોલો, what can I do for you ?

શાલીન: I am Shalin Agrawal. (બીજા તરફ હાથ કરીને) He is Satyen અમારી સંસ્થાના પ્રિન્સિપાલ છે. હું એ સંસ્થાનો ડિરેક્ટર છું. (પાર્થને એક કવર આપે છે. પાર્થ એ કવરમાંનો કાગળ બહાર કાઢીને વાંચે છે.) પ્રાર્થનાદીદીએ કહ્યું છે કે તમારે અતિથિવિશેષ તરીકે આવવાનું છે. તમે જરૂર આવો.

પાર્થ : (ચહેરા પર ચમક દેખાય છે.) જરૂર આવીશ. તમારી દીદીને મારી યાદ આપજો. એ અત્યારે શું કરે છે ? (હાથ લાંબો કરીને કવર ટિપૉઈ પર મૂકે છે)

સત્યેન : એમને કરવાનું શું હોય ? પાર વગરની સંપત્તિ છે અને છે ય એકલાં. (પાર્થની આંખ ફરી ચમકે છે.) દીદી અમારી સંસ્થાનાં મૅનેજિંગ ટ્રસ્ટી છે. આમ તો એમનું જ ટ્રસ્ટ છે. સંસ્થાની ફાઈનાન્શ્યલ જવાબદારી એ જ ઉપાડે છે. આ વર્ષના વાર્ષિકોત્સવના ફંક્શનમાં એમનું પુસ્તક બહાર પડવાનું છે. દીદી કહેતાં'તાં જૂનાં સ્મરણો લખ્યાં છે. સર, તમારું આવવાનું confirm ગણીએ છીએ.

પાર્થ : Yes.

સત્યેન : અમે કાર્ડ મોકલાવીશું. (ઊભા થઈને) નમસ્તે sir, આવવાનું confirm.

પાર્થ : Well, I shall reach in time. હા, તમારી દીદીને કહેજો કે આવતા અઠવાડિયે 'અમાસની વાત' નાટકનો શો થવાનો છે. અવાય તો આવે.

શાલીન : કહીશું : પણ દીદી હવે ક્યાંય ફંક્શનમાં જતાં નથી. શહેરનો ઘોંઘાટ એમને ગમતો નથી. એમને ગમે છે પુસ્તકો, પક્ષીઓ અને પ્રકૃતિ. (બન્ને જાય છે. પાર્થ એમને બારણા સુધી મૂકીને, બારણું બંધ કરીને, સોફા પર આવીને બેસે છે. ટિપૉઈ પર પડેલું કવર ખોલીને ફરી કાગળ વાંચે છે. વળી કાગળ કવરમાં મૂકી દે છે. કવર ટિપૉઈ પર મૂકતાં નીચે પડી જાય છે.)

પાર્થ : (વિચારમુદ્રામાં) વાતોડિયણ પ્રાર્થના એકલી કેવી રીતે રહેતી હશે ! પુસ્તક, પક્ષી અને પ્રકૃતિના સંગે એને એકલવાયાપણું નહીં લાગતું હોય ? આ ભાગતી દુનિયામાં હું તો એને ભૂલી જ ગયો છું.

(ચહેરા પર વિચાર સાથે એ સોફા પરથી ઊભો થઈને બૂટ લઈ આવે છે.) બૂટ પહેરે છે. એ દરમિયાન ચહેરા પર આનંદ દેખાય છે. ઊભો થાય છે. બારણું ખોલીને બહાર જાય છે. ધીમે ધીમે સ્ટેજ પર અંધારું છવાતું જાય છે. પછી સાવ અંધકાર ફેલાઈ જાય છે. ઘડિયાળમાં રાતના બેના ટકોરા પડે છે. અંધારામાં જ બારણું ખોલીને થાકેલાં પાર્થ-પ્રાચી પ્રવેશે છે. ડિમલાઇટની સ્વીચ ઑન થાય છે. પ્રકાશમાં બન્ને દેખાય છે.

પ્રાચી : હું તો થાકી ગઈ (સોફા પર બેસી જાય છે) But Parth, You are genius wonderful. Really you are a great actor and born artist. I am proud to be your wife.

પાર્થ : Thank you my dear. Let's sleep. હું પણ થાકીને લોથ થઈ ગયો છું. પણ પ્રાચી, હવે હું અભિનય જરૂર કરી શકીશ. મેં ગુમાવેલો આત્મવિશ્વાસ મને પાછો મળ્યો છે.

પ્રાચી : એની credit મને આપ. તને પ્રેરણા આપનાર સ્ત્રી હું જ છું. દરેક મોટા માણસ પાછળ પ્રેરક સ્ત્રી હોય છે. ચાલ સૂઈ જઈએ. (પાર્થ-પ્રાચી એકબીજાંને પકડીને બેડરૂમ તરફ જાય છે. જતાં જતાં ડિમલાઈટ બંધ કરતાં જાય છે. સ્ટેજ પર સદંતર અંધારું છવાઈ જાય છે અને પડદો પડે છે.)

દૃશ્ય બીજું

પાત્રો : પ્રાર્થ, પ્રાચી, પ્રાર્થના, પસો

સ્થળ : ફ્લૅટનો એ જ ડ્રૉઈંગરૂમ

સમય : સવારના આઠથી બપોર સુધીનો (પાર્થ હજુ સૂતો છે. પ્રાચી સવારની પ્રવૃત્તિમાં છે. પડદો ખૂલે છે કે તરત જ ફોનની ઘંટડી વાગે છે. પ્રાચી આવીને ફોન ઉપાડે છે.)

પ્રાચી : હેલાવ. હા... આ જ નંબર... પણ પાર્થ હજુ સૂતો છે... અડધો કલાકમાં જાગશે. હું કહીશ... તમે કોણ ? પ્રાર્થના સકસેના... I will say ask to wait... O.k....

(ફોન મૂકીને રૂમ તરફ જાય છે. ત્યાં

ડૉરબેલ વાગે છે. પ્રાચી બારણું ઉઘાડવા જાય છે. બારણું ઉઘાડે છે. ઘરનું કામ કરનાર પસો દાખલ થાય છે.)

પ્રાચી : પસા, તું ડ્રૉઈંગરૂમ બરાબર સાફ કર. ત્યાં સુધીમાં પાર્થ પણ જાગી જશે.

પસો : સારું મેમશાબ.

(પ્રાચી રૂમમાં જાય છે. પસો સોફાને ખસેડીને સાફસૂફ કરે છે. પછી બરાબર ગોઠવે છે. ટિપૉઈ ખસેડતાં નીચે પડેલું કવર જુએ છે. કવર ઉપાડે છે અને કવર પર પાર્થ જોષી એવું નામ વાંચે છે) પાર્થ જોષી? કોનું કવર હશે! છે તો ખુલ્લું. અને અક્ષરો પણ જાણીતા લાગે છે. હા... યાદ આવ્યું. આ અક્ષર તો પ્રાર્થના મેમશાબના... (ત્યાં પ્રાચી પ્રવેશે છે)

પ્રાચી : હજુ સાફ ન થયું ? શું કરે છે તું ?

પસો : સાફસૂફ જ કરું છું.

પ્રાચી : તારા હાથમાં શું છે?

પસો : મેમશાબ, કવર... ટિપૉઈ નીચે પડ્યું'તું. સાહેબનું લાગે છે.

પ્રાચી : લાવ, મારી પાસે. (કવર પ્રાચીને આપે છે. પ્રાચી કવર જુએ છે. પસો પ્રાચી સામે જોતો ઊભો છે.) તું તારું કામ કર. (પ્રાચી કવરની અંદરનો કાગળ બહાર કાઢીને વાંચે છે. થોડી વાર એના હોઠ ફફડે છે) હમણાં ફોન હતો તે એનો જ.

પસો : કોનો ફોન હતો, મેમશાબ ?

પ્રાચી : કોઈનો નહીં. (કાગળ કવરમાં મૂકી કવર કૉર્નર પર પડેલા ફોનની નીચે મૂકે છે. પછી બેડરૂમ તરફ જતાં) પાર્થ, ઊઠ. સવાર પડી ગઈ. (બેડરૂમમાં જતી રહે છે.)

પસો : મેમશાબ શું બોલ્યાં તે સમજાયું નહીં... અને આજે આમ કેમ કરે છે ? પ્રાર્થના મેમશાબે એવું તે શું લખ્યું હશે... જે લખ્યું હોય તે... મારે શું ? પણ આટલાં વર્ષે એમને શું યાદ આવ્યું હશે ? એકાએક ચાલ્યાં ગયાં અને સાહેબ બિચારા ક્યાંય લગી રાહ જોતા રહ્યા હતા. આવું જ કવર પછી કોઈ આપી ગયું હતું. એ વાતને વર્ષો નીકળી ગયાં. આનું નામ સ્ત્રી (વળી સાફ કરવા માંડે છે)

પાર્થ : (ઊઠીને ડ્રૉઈંગરૂમમાં આવતાં) પસા, આજનું છાપું લાવ.

પસો : લો, સાહેબ. (પાર્થ સોફા પર બેસીને છાપું વાંચે છે. ત્યાં પ્રાચી આવે છે.)

પ્રાચી : પસા, પતી ગયું અહીંનું કામ ?

પસો : હા, મેમશાબ.

પ્રાચી : હવે અંદરનું બધું વ્યવસ્થિત કરી નાખ. કિચનમાં પડેલાં વાસણ સાફ કરી નાખજે. રાતનાં બાકી છે. પ્લેટફૉર્મ પર તારી ચા પડી છે તે પી લેજે. નાસ્તો પણ મૂક્યો છે. સાહેબની ચા અહીં લેતો આવ.

પસો : જી, મેમશાબ.

(પ્રાચી પાસેના સોફા પર બેસે છે. પાર્થ છાપું વાંચતો બેઠો છે. પ્રાચી પણ છાપા પર નજર ફેરવે છે. પસો અંદરથી ચા લઈને આવે છે.)

પ્રાચી : પાર્થ, તારી ચા પડી છે. (પસો પાછો અંદર જાય છે) કોઈ પ્રાર્થના સકસેનાનો ફોન હતો.

પાર્થ : શું **message** છે ?

પ્રાચી : એ દસ વાગે તને મળવા અહીં આવવાનાં છે.

પાર્થ : (છાપાને પૂરું ખોલીને ઊંચું કરે છે. એનો ચહેરો દેખાતો નથી.) ભલે આવે.

પ્રાચી : કોણ છે એ ?

પાર્થ : હશે કોઈક, એમણે ન કહ્યું કે એ કોણ છે ?

પ્રાચી : ના. માત્ર નામ જ કહ્યું. મેં પૂછ્યું તો કહે કે પાર્થ મને ઓળખે છે. (છાપાને ખસેડીને) તું ઓળખે છે એને ?

પાર્થ : (યાદ કરતાં) અત્યારે યાદ આવતું નથી. ક્યાંક કોઈક ફંક્શનમાં મળ્યાં હોઈશું. નજરે જોઈશ તો યાદ આવી જશે. શું કામે આવે છે ?

પ્રાચી : એ પણ ન કહ્યું. (આંખ મીંચકારતાં) આવશે ત્યારે કહેશે. કદાચ મારા સાહેબનું **personal** કામ પણ હોય ! અંગત અંગત.

પાર્થ : (સ્મિત કરતાં) હવે આ વયે મારે શું અંગત હોય ! પહેલાં જેવો રોમાન્સ નથી રહ્યો, કળાને તો મેં વેપાર બનાવી દીધી છે અને આજે તો હું વનમાં પ્રવેશી ગયો છું.

પ્રાચી : કદાચ વૈદર્ભી જેવું બને. વનમાં પણ વલવલાટ હોય !

પાર્થ : તો ય વનમાં કોણ સાંભળે ? એ તો અરણ્યરુદન કહેવાય !

(ચાનો કપ હાથમાં લઈને પીએ છે.)

પ્રાચી : એ તો જેનું જેવું **luck**.

પાર્થ : મારું **luck** તો રંગભૂમિ છે. કોઈ નહોતું ત્યારે આ રંગભૂમિ હતી. અત્યારે પણ એ જ છે. મારે મન તો એ જ ઓટલો અને એ જ રોટલો.

પ્રાચી : એમાં ક્યારેક ચોટલો ય મળે.

પાર્થ : જેમ તું મળી.

પ્રાચી : બીજું કોણ મળ્યું ?

પાર્થ : (ચા પીતાં વચ્ચે) પછી તો કોઈ નહીં.

પ્રાચી : અને પહેલાં ?

પાર્થ : એ તો અતીતની વાત થઈ. એને અત્યારે ક્યાં યાદ કરવી ! પણ પ્રાચી, રંગભૂમિએ મને ઘણું આપ્યું છે. માન, પ્રતિષ્ઠા, કીર્તિ, જીવન જીવવાનું બળ, સંઘર્ષમાં ટકી રહેવાની તાકાત અને...

પ્રાચી : હજી યે કંઈક આપશે. પછી

તારે નક્કી કરવાનું રહેશે, લેવું કે ન લેવું. to be અને not to be જેવું પણ બને.

પાર્થ : હવે એવું શું બને ?

પ્રાચી : ન બને તો મારું luck. પણ પાર્થ, પાંચ દિવસથી moodless તું એકાએક કાલે રંગભૂમિ પર ખીલ્યો એ તો મોટો ચમત્કાર જ કહેવાય !

પાર્થ : હા, પ્રાચી; કાલે તો ખરેખર ચમત્કાર થયો કહેવાય ! ક્યાંથી વળી હું એ જ વાતાવરણમાં આવી ગયો ! પચ્ચીસ વર્ષ પહેલાંની રંગભૂમિ પ્રત્યક્ષ થઈ. જે ઉત્સાહ પહેલા શો વખતે હતો એ જ ઉત્સાહ મને વીંટળાઈ વળ્યો. એ રંગભૂમિના દેવતાની કૃપા !

પ્રાચી : રંગભૂમિના દેવતા સાથે કોઈ બીજું પ્રેરકબળ પણ જોડાયેલું હશે.

પાર્થ : આમ વ્યંગમાં કેમ બોલે છે ? તારે જાણવું છે શું ? ચોખ્ખે ચોખ્ખું પૂછ.

પ્રાચી : એ તો તું ય જાણે છે.

પાર્થ : મારે કશું જ ખાનગી રાખવાનું નથી. જે ગોપાઈ ગયું'તું તે છતું થયું છે. જે ભુલાઈ ગયું'તું તે તાજું થયું છે. આ નાટક સાથે મારા જીવનની એક કરુણ ઘટના સંકળાયેલી છે. પચ્ચીસ વર્ષ પહેલાં આ નાટકના સાત શો કર્યા હતા. successful અને houseful. મારા જીવનનું એ પહેલું નાટક હતું. એમાં છેલ્લે નાયક એકલો પડી જાય છે. મેં એ એકલતાનો આબેહૂબ અભિનય કર્યો હતો. મનના ભાવ ચહેરાથી વ્યક્ત કર્યા હતા. એ તો તેં પણ કાલે જોયું છે. સાતમા શો પછી હું પણ એકલો પડી ગયો હતો. નાટક મારું વાસ્તવિક જીવન બની ગયું હતું.

પ્રાચી : એવું તે શું બન્યું હતું ?

પાર્થ : જેની સાથે મારે સપ્તપદીના ફેરા ફરવાના હતા તે એકાએક અદૃશ્ય થઈ ગઈ.

પ્રાચી : ક્યાં ?

પાર્થ : એની ખબર તો કાલ સુધી નહોતી.

પ્રાચી : પછી શું થયું હતું ?

પાર્થ : પછી શું... એની રાહ જોતો રહ્યો. કોઈ message આવશે તેની પ્રતીક્ષા કરતો રહ્યો. અને અઠવાડિયા પછી એક કવર આવેલું. એમાં લખ્યું હતું : 'I am missing you, but we cannot meet'. આ નાટકનો શો કરવાની મારી ઇચ્છા હતી તે પાછળ અતીતને યાદ કરવાનો હતો. ઊંડે ઊંડે એવી અપેક્ષા હતી કે ક્યાંકથી એની ખબર મળશે. પણ ખબર મળે તે પહેલાં તો જૂના ખયાલે, જૂના વિચારે, હું moodless થતો ગયો. હું વધુ ને વધુ એની યાદમાં રમમાણ થતો ગયો. પણ ગઈ કાલે પચ્ચીસ વર્ષ પછી એના હસ્તાક્ષર જોઈને હું નિરાશાના વાતાવરણમાંથી બહાર નીકળી ગયો. આવનાર પાસેથી જાણ્યું કે પ્રાર્થના હજુ ય એકલી છે.

પ્રાચી : અને તું આનંદમાં આવી ગયો.

પાર્થ : ના, પ્રાચી. મને થયું કે હું પ્રેમી મટીને પુરુષ બની ગયો અને એણે સ્ત્રી બનવાનું માંડી વાળ્યું. એ માત્ર પ્રેયસી જ રહી. અને કશી ય પ્રાપ્તિ વગર પ્રેયસી રહેવું એ પણ તપ જ કહેવાય. મને એનું આ તપોમય જીવન સ્પર્શી ગયું. મારું depression ઓછું થઈ ગયું. મારો માંહ્યલો કળાકાર આળસ મરડીને ઊભો થયો. કાલે અભિનય કરી શક્યો તેનું બીજું કારણ આ જ. એનો પત્ર. (ત્યાં ડૉરબેલ વાગ્યો. પાર્થ સામે એકીનજરે જોતી પ્રાચીએ ઊભા થઈને બારણું ખોલ્યું.)

પ્રાચી : I think are you Prarthana ?

પ્રાર્થના : (દાખલ થઈને) Yes, of course. (પ્રાચી પ્રાર્થનાના ઠસ્સાદાર વ્યક્તિત્વને જોતી જ રહી.)

પ્રાચી : બેસો, તમારી જ વાત ચાલતી હતી.

પ્રાર્થના : (સોફા પર બેસતાં) I am lucky.

પ્રાચી : (પાર્થ પાસે બેસીને) Really you are lucky.

પ્રાર્થના : But you are more than I.

પ્રાચી : કેવી રીતે ?

પ્રાર્થના : તું અહીં છે, પ્રાર્થ સાથે. એક કળાકાર સાથે એનાથી બીજું મોટું luck શું જોઈએ ?

(અંદરથી પસો આવે છે.)

પસો : મેમશાબ તમે અહીં ! ક્યારે આવ્યાં ?

પ્રાર્થના : કેમ અહીં ન અવાય ?

(પસો બોલે તે પહેલાં.)

પ્રાચી : અવાય. જરૂર અવાય. કાયમ માટે પણ અવાય.

પ્રાર્થના : પ્રાચી, એ સમય ચાલ્યો ગયો. એ વાતાવરણ વિસરાઈ ગયું. એ વય વીતી ગઈ. અને સહુથી મોટું તો luck. એ છેહ દઈ ગયું. તારા જેવું નસીબ ક્યાંથી લાવવું, પ્રાચી ? (પાકીટમાંથી પુસ્તક કાઢીને) લે, પાર્થ, આ બુક મારી સ્મૃતિકથા છે. વાંચી નાખજે. તારા ચહેરા પર આજે ય તરતા પ્રશ્નોનો જવાબ તને મળી જશે. તારે જ આ પુસ્તકનું વિમોચન કરવાનું છે.

પાર્થ : (પુસ્તક હાથમાં લઈને જુએ છે.) 'આઠમો શો.'

(અનુસંધાન પૃષ્ઠ ૧૮૭)

ફિલ્માકાશ-૧૪

શા માટે ‘દેવદાસ’ સીમાચિહ્નરૂપ ફિલ્મ ગણાઈ ? (ચાલુ)

— રજનીકુમાર પંડ્યા —

અનેક વાર એવું જોવા મળે છે કે એક જબરદસ્ત સુપરહિટ આપ્યા પછી કલાકાર, (પછી તે અભિનેતા હોય કે લેખક, કે શિલ્પકાર, ચિત્રકાર કોઈ પણ) માટે તે આગળની તેની કૃતિઓનાં મૂલ્યાંકન આડે એક દીવાલ જેવું બની જાય છે. લીયોનાર્દો દ વિંચીને લોકો માત્ર મોનાલિસાના અદ્વિતીય સર્જનથી જ યાદ કરે છે. આ અદ્વિતીય શબ્દ પછી તેના પછીના મૂલ્યાંકનમાં હર વખતે નડતરરૂપ સાબિત થાય છે. મોનાલિસા પછીની તેની કૃતિઓ હંમેશાં ‘મોનાલિસા જેવી તો નહીં જ’ એવા પૂર્વગ્રહથી જ જોવામાં આવે છે. તેથી જો કલાકારની પ્રતિભાની સાચેસાચ મર્યાદા (સેચ્યુરેશન પૉઇન્ટ) આવી ગઈ હોય તો એથી વધુ સારી કૃતિનું સર્જન કરી શકતો નથી અને એ એનું છેલ્લું સ્ટેશન બની જાય છે.

‘દેવદાસ’ની રજૂઆત અને એની અપ્રતિમ સફળતા અને એણે જમાવેલા આગવા સિક્કા પછી ન્યૂ થીએટર્સ માટે આવી જ પરિસ્થિતિનું નિર્માણ થવાનો સંભવ હતો, પણ એમ ના બન્યું. જે મર્યાદા કોઈ એક કલાકારને વ્યક્તિગત ધોરણે નડે તે સંસ્થાને નડવી જરૂરી નથી, કારણ કે એ ટીમવર્ક હોય છે - પછી ભલેને તેની પાછળ કોઈ એક વ્યક્તિનું ભેજું કામ કરતું હોય. સર્જકતામાં ઓટ આવે એમ બને, પણ નેતૃત્વ કરનારની નિર્ણયાત્મકતા ધારદાર રહે તો પછીનાં સર્જનો ઉત્તરોત્તર સબળ બનતાં જાય.

બી.એન. સરકાર પોતે એક આવા જ દૃષ્ટિવાન નિર્માતા હતા. એમણે નિશાનો ઊંચાં રાખ્યાં, દૃષ્ટિ આકાશ પર તાકી, પણ પગ ધરતી ઉપર જ રાખ્યા. એટલે જ તો એ ૧૯૩૫ની સાલમાં બીજા નિર્માતાઓ તરફથી થતી હરીફાઈમાં ટકી રહી શક્યા.

૧૯૩૫ની બીજા નિર્માતાઓની થોડી ફિલ્મોની વાત આપણે ૯મા મણકામાં કરી. એ અંગે થોડી વિશેષ વાત કરવા જેવી છે. એ સાલમાં ગુજરાતી નિર્માતા ચંદુલાલ શાહ (જેઓ સરદારના નામથી ઓળખાતા થયા) તેઓ પોતાના રણજિત મુવિટોન દ્વારા મજબૂત હરીફાઈ આપી રહ્યા હતા. તેમણે જેમની સાથે લગ્ન કર્યાં તે પ્રતિભાવંત અભિનેત્રી ગોહરબાનુ તેમનું બહુ મોટું જમાપાસું હતું. તો એ વખતના મશહૂર અભિનેતા ઈ. બીલીમોરિયા તેમની સાથે કરારબદ્ધ હતા. તેમણે ૧૯૩૫માં બૅરિસ્ટરકી બીવી’ નામની ફિલ્મ બનાવી પણ એ ‘દેવદાસ’ની સ્પર્ધામાં જરા પણ ટકી ના શકી. સરદાર ચંદુલાલ શાહની બીજી બે ફિલ્મો ‘દેશદાસી’ અને ‘કીમતી આંસુ’ આ જ વર્ષમાં આવી પણ કોઈ સફળ થઈ નહીં, તો બીજી તરફ ન્યૂ થીએટર્સના શરૂઆતના પ્રેમાંકુર અટોર્થી જેવા સાહિત્યકાર-નાટ્યકાર જરા મનદુઃખ થતાં છૂટા થયા હતા. તેમણે મુંબઈ સ્થળાંતર કરીને મહારાષ્ટ્રિયન ટીમ સાથે સુમેળ સાધ્યો હતો. માસ્ટર વિનાયક (અભિનેત્રી નંદાના પિતા) અને રતનબાઈને લઈને કોલ્હાપુર મુવિટોનના નેજા હેઠળ તેમણે ‘ભિખારીન’ ફિલ્મ બનાવી, જે ચાર થરવાળા મેલોડ્રામાથી ભરપૂર હતી. એ જાણીને નવાઈ લાગશે કે લોકરંજક નાટકીયતા હોવા છતાં અને હરિશ્ચંદ્ર બાલીનું સંગીત હોવા છતાં તે ‘દેવદાસ’ જેવી ‘ઠંડી’ ફિલ્મ વખતે જ રજૂઆત પામતાં માર ખાઈ ગઈ. પ્રેમાંકુર અટોર્થીને સમજાઈ ગયું હતું કે ફિલ્મકારનું સાહિત્યકાર હોવું જરૂરી છે એ કરતાં પણ વધુ જરૂરી ફિલ્મકારનું ફિલ્મકાર હોવું તે છે અર્થાત્, નર્યા સાહિત્યથી કામ નહીં ચાલે. ફિલ્મનિર્માણની વિશિષ્ટ કળાના સ્પર્શ વગર ફિલ્મ સફળ ના થાય, પછી ભલે તે ગમે તેવા સમર્થ સાહિત્યકારના હાથે નિર્માણ પામી હોય.

૧૯૩૫ એ અગાઉના મણકા ૯માં જોઈ ગયા તે રીતે મહેબુબખાન, સોહરાબ મોદી, જદ્દનબાઈ જેવી નવી નવી પ્રતિભાઓના ઉદયનું અને હિંદી ફિલ્મનિર્માણમાં ચડેલા જુવાળનું વરસ હતું. એટલે માત્ર વ્યાપારી મોરચે નહીં પણ કલાકસબના મોરચે પણ ન્યૂ થીએટર્સને સમર્થ સ્પર્ધકોનો સામનો કરવાનો આવ્યો હતો. શાંતારામની ‘અમૃતમંથન’ની થોડી વિગતો આપણે ઉપર જોઈ. એ શાંતારામ પણ જેવાતેવા ફિલ્મકાર નહોતા. ૧૯૦૧માં કોલાપુરમાં જન્મેલા શાંતારામ રાજારામ વણકુદેએ નાનપણમાં રેલવેની સાવ સામાન્ય નોકરીથી શરૂઆત કરી અને બાલગાંધર્વની નાટ્યશાળા સુધી પહોંચ્યા હતા. અનેક સંઘર્ષો વેઠીને તેમણે મિત્રો સાથે ૧૯૨૯માં પ્રભાત ફિલ્મ કંપનીની સ્થાપના કરી. ત્રણ મૂક ફિલ્મોનું દિગ્દર્શન કર્યું હતું. ૧૯૩૨માં તેમણે ત્રણ સવાક્ ફિલ્મો બનાવી જેમાં એક તો દુર્ગાખોટે જેવી નવી પ્રતિભાવાન અભિનેત્રીને




સરદાર ચંદુલાલ શાહ - યુવાન વયે

પહેલી વાર ચમકાવતી ફિલ્મ 'અયોધ્યા કા રાજા' હતી. મશહૂર બાબુરાવ પેઈન્ટરની મહારાષ્ટ્ર ફિલ્મ્સમાં ફિલ્મ- નિર્માણનાં તમામ પાસાંઓની પ્રત્યક્ષ તાલીમ પામનાર શાંતારામે ૧૯૩૩માં પોતાની માલિકીનો પ્રભાત સ્ટૂડિઓ પૂનામાં સ્થાપીને ઊંચા સ્તરની ફિલ્મોનું નિર્માણ શરૂ કર્યું હતું.

૧૯૩૫માં 'દેવદાસ' સામે એમની ફિલ્મો પણ મેદાનમાં આવી. 'અમૃતમંથન' ૧૯૩૪માં આવી અને એણે સરસ હવા જમાવી હતી. શાંતારામે ૧૯૩૫માં 'ચંદ્રસેના' નામની પૌરાણિક કથાવાળી ફિલ્મ આપી. આમ જુઓ તો 'દેવદાસ'ની સીધી સ્પર્ધામાં આ ફિલ્મ ના ગણાય. પણ રામાયણની એક આડકથા ઉપર આધારિત આ ફિલ્મમાં સ્પેશ્યલ ઈફેક્ટ્સ (ચમત્કારો વગેરે બતાવવા માટે)નો પુષ્કળ ઉપયોગ થયો હતો. વળી, અસુર મહીની પત્નીના સુરામહોત્સવના (શરાબના ઉન્માદમય ઉત્સવ) ચિત્રીકરણવેળા શાંતારામે પોતાની શૈલીથી અભિનેત્રી નલિની તરખડના માંસલ સૌંદર્યને ભરપૂર રીતે ચિત્રાંકિત કર્યું હતું. લોકોનાં ટોળેટોળાં આ દૃશ્ય જોવા માટે થીએટરો પર ઊમટતાં હતાં. આ ફિલ્મની મરાઠી અને તામીલ આવૃત્તિઓ પણ બનાવવી પડી હતી. આ ફિલ્મોની આવી ગરમાગરમ સફળતા પછી એવાં કોઈ દૃશ્યો વગરની ન્યૂ થીએટર્સની 'દેવદાસ'ને બધાની ઉપરવટ જાય તેવી સફળતા મળે તે પણ એક ચમત્કાર જ ગણાય.


પણ આથીય વધુ નવાઈની વાત એ કહેવાય કે અગાઉ આપણે નવમા મણકામાં જોયું તેમ મહાત્મા ગાંધીની અંત્યોદય-ઝુંબેશને લક્ષમાં રાખીને તેમના જેવું જ કાર્યનું સામ્ય ધરાવનાર મહારાષ્ટ્રના વિખ્યાત સંત એકનાથના જીવન-કવન પર આધારિત ફિલ્મ 'ધર્માત્મા'નું નિર્માણ અને રજૂઆત પણ શાંતારામે આ જ સાલમાં કર્યું તેની વિગતો આપણે નવમા મણકામાં જોઈ ગયા. અહીં એ હકીકત પરત્વે ધ્યાન દોરવા માગું છું કે આ ફિલ્મ બેશક સારી ચાલી અને સમાજના વિચારશીલ વર્ગમાં પણ તેણે ઠીકઠીક ઉત્તેજના પેદા કરી. પણ આ બધાની કોઈ અસર 'દેવદાસ' તરફ કોઈ અદમ્ય ચુંબકીય બળથી ખેંચાઈ આવતા વિરાટ પ્રેક્ષણગણ ઉપર પડી નહીં. મઝાની વાત એ છે કે એ 'ધર્માત્મા'ની સાત્ત્વિકતા, ધાર્મિકતા, સાદાઈની સરાહના કરતાં લોકો 'દેવદાસ'ના શરાબસેવન, તવાયફ સાથેના સંબંધો કે ઐય્યાશી પરત્વે પણ એટલી જ ભલી દૃષ્ટિથી જોતાં હતાં. બન્નેનાં પાત્રો પરસ્પર અંતિમ છેડાનાં હોવા છતાં પ્રેક્ષકોએ વિવેચકો કે બીજા બૌદ્ધિક વર્ગે ક્યારેય પણ એના અંગે તુલનાત્મક અભિગમ ન અપનાવ્યો. બન્નેને પોતપોતાનાં અકબંધ આસનો આપ્યાં.

આ ઉપરાંત અગાઉ જોયું તેમ, ગુજરાતી ફિલ્મનિર્માતા મોહનલાલ દવેની 'દો ઘડી કી મોજ' કે 'ઘરજમાઈ'ની સરખામણી 'દેવદાસ' સાથે થવાનો કોઈ સવાલ જ નહોતો. તો એ સાલમાં આવેલી અન્ય નોંધપાત્ર ફિલ્મોમાં દેવકી બોઝે સ્વતંત્ર રીતે બનાવેલી ફિલ્મ 'જીવનનાટક' કે બૉમ્બે ટોકિઝની અતિશય સફળ ફિલ્મ 'જવાની કી હવા' કાનનદેવી (એ વખતે તેઓ કાનનબાલા કહેવાતાં)થી બરાબર પ્રકાશમાં આવ્યાં, તે તેમને કરારમાં જકડી રાખનાર રાધા ફિલ્મ્સ કં.ની 'મનમોયી ગર્લ્સ સ્કૂલ (બંગાળી) જે ક્યાંક હિંદી ટેરીટરીમાં પણ રજૂ થઈ હતી તે. ઉપરાંત માસ્ટર વિનાયક જેવા খ্যાતનામ કલાકારની 'વિલાસી ઈશ્વર' (નિગાહે નફરત), અમીરબાઈ કર્ણાટકી જેવી રણકદાર અવાજ ધરાવતી ગાયિકાને પરદા ઉપર નિહાળવાની તક આપનાર 'યાસ્મીન' વગેરે મુખ્ય હતી.


અભિનેતા સુરેન્દ્રનાથ

ફિલ્મસંગીતમાં 'દેવદાસ' ફિલ્મે નવી જ તરાહ આપી એ તો સૌ જાણે જ છે. પણ કોઈ પણ કૃતિની સફળતાનો મોટો પુરાવો એ છે કે બીજા એની ઈર્ષા કરે અને એની નકલ કરવા પ્રેરાય. 'દેવદાસ'નું ગીત 'બાલમ આયે બસો મોરે મનમેં'ની ધૂનનું જબરદસ્ત મોજું આખા દેશમાં ફેલાઈ ગયું તે જોઈને મુંબઈના ફિલ્મનિર્માતાઓ અચંબામાં પડી ગયા. એવું તે શું હતું એ ગીતમાં ? સાયગલનો અવાજ ? ધૂન ? શબ્દો ? શેનો જાદુ હતો ? આ પ્રશ્નોનું સૌ 'ફિલ્મવિજ્ઞાની'ઓ પોતપોતાના દિમાગની લૅબોરેટરીમાં પૃથક્કરણ કરવા માંડ્યા.

એ દિવસોમાં પંજાબથી કાયદાની ડિગ્રી લઈને લાલા અલોપીપ્રસાદ જેવાના નિમંત્રણથી ફિલ્મ અભિનેતા બનવા આવેલા સુરેન્દ્ર કપૂર (આમ તો તેમના પિતાનું નામ શ્રી આર. આર. શર્મા હતું, જે રૉયલ ઍરફોર્સમાં ઊંચા હોદ્દે હતા) કામની શોધમાં હતા. ૧૯૧૧માં નવેમ્બરની અગિયારમીએ પૈસેટકે સુખી પરિવારમાં જન્મેલા સુરેન્દ્રનાથ સોહામણો ચહેરો, પડછંદ કાયા, ઘેરો ખરજનો સ્વર અને પ્રભાવશાળી આંખો ધરાવતા હતા. એમનો ભેટો સાગર મુવિટોનના માલિકો સાથે થયો, જેમને એ પ્રથમ નજરે જ પસંદ પડી ગયા. એમને આ યુવકમાં સાયગલનો સમોવડિયો દેખાયો હશે. ને દેખાવમાં તો સાયગલથી ઘણા ચડિયાતા અને અવાજ પણ પૌરુષસભર. આ બધાને ચિક્કાર 'પ્લસ પોઈન્ટ' ગણીને સાગર મુવિટોને



શાંતારામની 'ચંદ્રસેના' જોવા ટોળાં ઉભરાતાં

નવાસવા આવેલા દિગ્દર્શક મહેબુબના દિગ્દર્શન તળે 'ડૅક્કન કવીન' ફિલ્મનું શૂટિંગ શરૂ કર્યું. (અલબત્ત, એ ફિલ્મ રજૂ થઈ હતી ૧૯૩૫માં. પણ ૧૯૩૫માં 'દેવદાસ'ના રજૂ થયા પછી સત્વરે એનું શૂટિંગ શરૂ થઈ ગયું. સુરેન્દ્રને સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવ્યું કે તમારી કિંમત તમે સાયગલને કેટલે અંશે મહાત કરી શકો છો તેના ઉપરથી અંકાવાની છે - અભિનય અને ગાયન બન્ને ક્ષેત્રમાં. સુરેન્દ્ર માટે આ પહેલી જ ફિલ્મ એક પડકાર સાબિત થઈ. એણે સાયગલની ખૂબીઓ અને લાક્ષણિકતાઓનો દિલ દઈને અભ્યાસ કર્યો અને એની ગાયકીનાં ઉચ્ચાર તેમ જ સ્વરલક્ષણ પણ પકડ્યાં.

સામાન્ય રીતે કોઈ પણ સફળતમ ગીતની નકલ વર્ષો પછી થતી હોય છે, જેથી કરીને એક આખી પેઢીનો સમયગાળો વીતી ગયો હોય અને સ્મૃતિ પર ધૂળ વળી ગઈ હોય. પણ આ મામલે તો 'ડૅક્કન કવીન'ના ગુજરાતી સંગીતકાર પ્રાણસુખ નાયકને એ જ વર્ષે 'બાલમ આયે'ની બેઠી નકલ બનાવવાનો આદેશ અપાયો. પ્રાણસુખ નાયક મહેસાણા પાસેના જગુદણ ગામના હતા, અને દેશી નાટક સમાજના પગારદાર સંગીતકાર હતા. એ ફિલ્મમાં પાર્શ્વસંગીત અશોક ઘોષનું હતું પણ ગીતોની સ્વરબાંધણીની કામગીરી એ સંગીતકાર પ્રાણસુખ નાયક ઉપર હતી. તેમણે સત્વરે 'બિરહાકી આગ લગી મોરે મનમેં, રાત કટે નૈનનમેં' ગીતની રચના કરી. એના શબ્દો ઝિયા સરહદીએ લખ્યા હતા. રેકોર્ડ નંબર N ૫૮૧૦ હતી. એની પાછળ સુરેન્દ્રનું ગાયેલું પ્રથમ ફિલ્મી ગીત 'યાદ ન કર દિલે હજી ભૂલી હૂઈ કહાનિયાં' હતું. આ ગીત બહાર પડતાંવેંત ધડાધડ વેચાશે તેવી ગણતરી નિર્માતા ચિમનલાલ દેસાઈની હતી, પણ એ ગણતરી સાવ ઊંધી વળી. લોકોએ ગીતને આવકાર્યું તો નહીં પણ એની મશ્કરી થવા માંડી. વધુ તો એ માટે કે સુરેન્દ્રે એમાં પ્રેક્ષકોના માનીતા કલાકાર સાયગલની 'મૉકરી' (ઠઠ્ઠા) કરી હતી એવું સૌને લાગ્યું. એ ફિલ્મના બીજા કલાકારો હતાં અરુણાદેવી, રામચંદ્ર, ભૂદો અડવાણી, કાયમઅલી વગેરે. આમે ય સ્ટંટ ફિલ્મ હોવાથી સોબર (ધીમા-ઠંડા-શાંત લયવાળાં) ગીતોને એમાં સ્થાન નહોતું. અલબત્ત, સુરેન્દ્ર દર્શનીય હતા. અભિનયમાં ઊર્મિલ પણ હતા. વળી આગળ ઉપર તેઓ સાયગલના ગ્રહણમાંથી મુક્ત થયા. સાયગલ ૧૯૪૧માં મુંબઈ સ્થળાંતર પામ્યા ત્યારે તેમના એ સારા મિત્ર બની રહ્યા. સાગર ફિલ્મ્સમાં સુરેન્દ્ર અને બિબ્બોની જોડી જામી હતી.

સંગીતક્ષેત્રે એ વર્ષે બૉમ્બેના ફિલ્મજગતમાં નવી પ્રતિભાઓનો ઉદય થયો. તેમાં અનિલ વિશ્વાસ મુખ્ય હતા. તેમણે 'ધર્મકી દેવી'માં સંગીત આપ્યું - જોકે એનાં ગીતો બહુ પ્રખ્યાત થયાં નહીં. અલબત્ત, એમણે આ જ વર્ષે 'ભારતકી બેટી' માટે બનાવેલું અને રતનબાઈએ ગાયેલું ગીત 'તેરે પૂજનકો ભગવાન, બના મનમંદિર આલિશાન' ગીત બહુ જ લોકપ્રિય થયેલું. પણ તેમાં તેમના સહસંગીતકાર તરીકે ઉસ્તાદ ઝંડેખાંનું નામ હતું, જે નૌશાદના ગુરુ ગણાય. એમ તો આ જ વર્ષની 'બાલહત્યા'માં તેમણે માધુલાલ માસ્ટર સાથે સંગીત આપ્યું હતું. પણ વિશેષ ઝળક્યા નહોતા.

આ ઉપરાંત આ જ વર્ષમાં ગુલામ હૈદરના સંગીતવાળાં ચિત્રો પણ આવ્યાં હતાં. ગુલામહૈદરને એ લોહાર હતા ત્યારે દલસુખ પંચોલીએ પહેલી વાર તક આપી હતી. પણ ખરેખરી તક એ.આર. કારદારે ૧૯૩૨ની ફિલ્મ 'સ્વર્ગકી સીડી'માં આપી હતી. એ ગુલામહૈદરે પણ ૧૯૩૫માં 'મજનુ ૧૯૩૫' નામની વિચિત્ર નામવાળી ફિલ્મમાં લગભગ નિષ્ફળ કહી શકાય તેવું સંગીત આપ્યું.

સંગીતકારોમાંથી મુખ્યત્વે તો ઘણાબધા નાટકની દુનિયામાંથી આવનારા હતા. ગણપતસિંહ દેવાસકર નામના એક નાટ્યજગતમાંથી ફિલ્મજગતમાં અતિ ઉસ્તાહથી પદાર્પણ કરનાર સંગીતકારે તો એમ. ભવનાનીની ફિલ્મ 'શાદીકી રાત'માં પાંત્રીસ ગીતો આપ્યાં હતાં. એમાંથી સમ ખાવા પૂરતું એક પણ જાણીતું થયું નહોતું અને એની રેકોર્ડ્સ પણ બની નહોતી. જ્યારે આ સંજોગોમાં ન્યૂ થીએટર્સ મધુર, ચિરસ્થાયી અસર ધરાવતા અર્થપૂર્ણ શબ્દોવાળાં છતાં નાટકની અસરમાંથી સદંતર મુક્ત એવાં ગીતો આપતું. પરિણામે રેકોર્ડ કંપનીઓ પણ ધમધમતી થઈ ગઈ.

પણ એ દરમ્યાન એક અત્યંત સીમાચિહ્નરૂપ ગણાય તેવો બનાવ બન્યો તે પ્લેબૅક ગાયનની પદ્ધતિનો આવિષ્કાર. આની શોધ પૂરા વિશ્વમાં ભારતીય ફિલ્મોદ્યોગમાં થઈ એમ કહેવાય છે જેનો કશે વિરોધ થયો નથી, પરંતુ ભારતીય ફિલ્મોમાં કોણે એની શોધ કરી તે વિષે થોડા મતમતાંતર છે ખરા. તે વિષે હવે પછી આપણે જોઈશું. (ક્રમશઃ)

બામિયાનની બુદ્ધ પ્રતિમાઓ

ડૉ. થૉમસ પરમાર

અફઘાનિસ્તાનમાં છેક પ્રાચીન કાલથી ઈ.સ. ૧૧મી સદી સુધી ભારતીય સંસ્કૃતિનો પ્રસાર થયો હતો. ઋગ્વેદમાં ઉલ્લિખિત કુભા, કુમુ, ગોમતી અને સુવાસ્તુ નદીઓ હાલના અફઘાનિસ્તાનની કાબુલ, કુર્રુમ, ગોમલ અને સ્વાત નદીઓ છે. પ્રાચીન ભારતના સોળ મહાજનપદો (ગણરાજ્યો) પૈકી ગંધાર હાલના અફઘાનિસ્તાનમાં આવેલું હતું. મૌર્ય સમ્રાટ અશોકે આ પ્રદેશમાં બૌદ્ધ ધર્મના પ્રસાર માટે મજ્ઝંતિકના અધ્યક્ષપણા નીચે ભિક્ષુમંડલ મોકલ્યું હતું. ત્યારથી અહીં બૌદ્ધ ધર્મના પ્રસારનો પ્રારંભ થયો. આ પ્રદેશમાં તે પછી બૌદ્ધ ધર્મના સ્તૂપ અને વિહાર બંધાવા લાગ્યા. કુષાણ રાજાઓના શાસન દરમ્યાન અહીં ભારતીય ભાષા, ધર્મ અને સંસ્કૃતિનો વ્યાપક પ્રભાવ હતો. ફાહિયાન અને યુઅન શ્વાંગની પ્રવાસનોંધ દ્વારા આ પ્રદેશમાં ફેલાયેલી ભારતીય સંસ્કૃતિની વિગતો મળે છે. અસંગ અને વસુબંધુ જેવા મહાન બૌદ્ધ વિદ્વાનો ગંધારમાં થઈ ગયા. આ પ્રદેશમાં તુર્ક શાસકો એક સમયે બૌદ્ધ ધર્મથી પ્રભાવિત થયા હતા અને તે ધર્મના અનુરાગી બન્યા હતા. કેટલાક બૌદ્ધ ગ્રંથોનો તુર્કી ભાષામાં અનુવાદ કરવામાં આવ્યો હતો.

કાબુલની ઉત્તર-પૂર્વે ૧૩૦ કી.મી. દૂર હિંદુકુશ પર્વતની ખીણના દક્ષિણના ઢોળાવ પર આવેલું બામિયાન બૌદ્ધ ધર્મનું પ્રસિદ્ધ કેન્દ્ર હતું. બૅક્ટ્રિયાથી તક્ષશિલા જતાં માર્ગ પર આવેલું હોવાથી તેનું વેપારી મહત્ત્વ પણ હતું. બૌદ્ધ સાધુઓને રહેવાના વિહારો અજંટાની ગુફાઓની જેમ પર્વતને કંડારીને બનાવેલાં છે. સાતમી સદી સુધી આ વિહારો વપરાશમાં રહ્યા હતા. પરંતુ એક સદી બાદ આરબોના આગમન પછી બૌદ્ધ સાધુઓને ત્યાંથી વિદાય લેવી પડી હતી. આમાંના કેટલાક વિહારોની ભીંતો પર ચિત્રો આલેખાયેલાં વિશેષ કરીને બુદ્ધ અને, બોધિસત્ત્વનાં ચિત્રો છે. આ ઉપરાંત દેવદેવીઓ, અપ્સરાઓ, શિકારીઓ અને પશુ-પક્ષીઓનાં આલેખનો પણ કરવામાં આવ્યાં છે. ઘણાંખરાં ચિત્રો કાળબળે નાશ પામ્યાં છે. ગુફાઓમાંથી ખંડિત પ્રતિમાઓ કાબુલના મ્યૂઝીઅમમાં સુરક્ષિત છે. કેટલાક બૌદ્ધ ગ્રંથોની હસ્તપ્રતો પણ ઉપલબ્ધ થઈ છે. અહીંની કલા પર ઈરાની અને ભારતીય કલાની અસર છે.

બામિયાન તેની બે વિશાળકાય બૌદ્ધ પ્રતિમાઓને લીધે વિશ્વપ્રસિદ્ધ છે. આ બંને પ્રતિમાઓ પર્વતની એક જ શિલામાંથી (monolithic) કંડારી કાઢવામાં આવી છે. ચૂનાના રેતિયા ખડક (lime stone conglomerate)માંથી કંડારેલી આ બે પ્રતિમાઓ પૈકી મોટી પ્રતિમા ૫૩.૩ મીટર અને નાની પ્રતિમા ૩૬.૬ મીટર ઊંચી છે. સમયની દૃષ્ટિએ આ પ્રતિમાઓ ઈ.સ.ની ચોથી-પાંચમી સદીની છે. પર્વતમાં ગવાક્ષ (alcove) રચીને તેમાં પ્રતિમાઓ કંડારેલી છે. પ્રથમ તબક્કામાં કાચું કંડાર-કામ કર્યા બાદ બીજા તબક્કામાં તેની પર ચૂનાનું પડ ચઢાવવામાં આવ્યું. આ પ્રક્રિયાને પ્રસ્તરકર્મ (stucco work) કહેવામાં આવે છે. તે પછી શિલ્પને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું. છેલ્લે તેની પર રંગકામ કરવામાં આવ્યું. મુખ સોનેરી રંગમાં અને શરીરનો બાકીનો ભાગ ભૂરા રંગે રંગવામાં આવ્યો. લાંબો ઝભ્ભો ધારણ કરીને ઊભેલા બુદ્ધનો જમણો હાથ અભય મુદ્રામાં અને લટકતો ડાબો હાથ નીચે ઝભ્ભા પર છે. તેમણે ધારણ કરેલા ઝભ્ભા પર સૂક્ષ્મ સંઘાટી (કરચલીઓ) દર્શાવી છે. આ વિશાળકાય પ્રતિમાના ઝભ્ભા પર સો ફૂટ જેટલી લાંબી કરચલીઓ આલેખવા માટે શિલ્પીઓએ એક વિશિષ્ટ પદ્ધતિ અપનાવી હતી. પ્રતિમા પર ચૂનાનું પડ લગાવ્યા બાદ ચૂનો ભીનો હોય ત્યારે જ ઝભ્ભાના ભાગે લાંબાં અને જાડાં દોરડાં મૂકીને તેમને દબાવવામાં આવતાં, આથી દોરડાની છાપ પડી જતી અને તે સંઘાટીનું સ્વરૂપ ધારણ કરતી. આ પ્રમાણે પાસપાસે દોરડાં મૂકીને છાપ પાડવાથી સંઘાટીનો ઘાટ નિષ્પન્ન થતો. વિશાળકાય પ્રતિમાઓમાં ટાંકણા-હથોડા વડે સો ફૂટ લાંબી સંઘાટીઓ કોતરવાનું કાર્ય અઘરું હતું તેથી શિલ્પીઓએ આ સરળ પદ્ધતિ અપનાવી હતી. બુદ્ધને મહામાનવ (super human) તરીકે દર્શાવવા માટે પ્રતિમાઓની ઊંચાઈ ઘણી રાખવામાં આવી હતી. અજંટાની ગુફા નં. ૧૭માં રાહુલ અને યશોધરા સમક્ષ ભિક્ષા માટે ઊભેલા બુદ્ધને

(અનુ. પૃષ્ઠ-૧૬૭)



બુદ્ધ પ્રતિમા જેનો તાલિબાનોએ ગયા વર્ષે ધ્વંસ કર્યો

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

જ્હોન કીટ્સ (ચાલુ) : (૧૭૯૫ - ૧૮૨૧)

કવિ કીટ્સ માત્ર ઇંદ્રિયપ્રત્યક્ષતાનો, માત્ર સંવેદનાનો જ કવિ નહોતો. એનામાં વિચારદ્રવ્ય, ચિંતનશીલતા પણ સારી એવી હતી તે તેનાં ઓડ્ઝ કાવ્યોમાં જોઈ શકાય છે. યુવાન વયે પણ એનામાં એક પરિપક્વ કવિમાં હોય તેવી સૌંદર્યદૃષ્ટિ-જીવનદૃષ્ટિ હતી. કવિધર્મ પ્રત્યે તેના ચાક્કસ આગ્રહો હતા. એનાં ઓડ્ઝની જેમ જ એનાં સૉનેટોમાંય કવિપ્રતિભાનો તેજસ્વી આવિષ્કાર જોઈ શકાય છે. શેક્સ્પીઅર-મિલ્ટનનાં સૉનેટ તેણે વાગોળ્યાં હતાં અને એક સમર્થ રૉમેન્ટિક કવિમાં હોય તેવો મધ્યયુગીન કથાસૃષ્ટિ-કલાસૃષ્ટિ પ્રત્યેનો તેનો લગાવ હતો. એની સમર્થ કૃતિઓ મધ્યયુગીન સૃષ્ટિને અત્મસાત્ કરી શકી છે. પણ અનહદ અનુરાગ તો તેને ગ્રીસની કલા માટે, સંસ્કૃતિ માટે હતો. ગ્રીક ભાષા-સાહિત્યનો સીધો સ્પર્શ પામવાનું ભાગ્ય તો તેને મળ્યું નહોતું; પણ ગ્રીસના જીવન અને તેની તમામ વિશેષતાઓ સાથે, તે એવો ઓતપ્રોત થઈ ગયો હતો કે કવિ શેલીએ તેને માટે 'ગ્રીથ્યન' એવો ઉદ્ગાર કર્યો હતો. ગ્રીસ પ્રત્યેનો તેનો આ અતિપ્રેમ ગ્રીસના સાહિત્યના - હોમર જેવા કવિના કાવ્યના અનુવાદ વાંચીને પ્રગટ્યો હતો. કીટ્સના એક સાહિત્યરસિક મિત્ર કાઉડને તેને ગ્રીક સાહિત્યનો સ્પર્શ કરાવ્યો અને એ સ્પર્શ તેને માટે અમૃતમય બની રહ્યો. કાઉડને તેને ચૅપમેન દ્વારા અનૂદિત 'ઇલિયડ'નો ગ્રંથ આપ્યો. વર્જિલ પણ અનુવાદ દ્વારા જ તેણે માણ્યો. હોમરને વાંચીને તો તે એવો ભાવવિભોર બની ગયો કે એ અનુરાગમાંથી એનું એક વિશ્વવિખ્યાત સૉનેટ 'ઑન ફર્સ્ટ લૂકિંગ ઈન્ટુ ચૅપમેન્સ હોમર' (**On First Looking Into Chapman's Homer**) પ્રગટ્યું. એની કવિ-કારકિર્દીના આરંભકાળમાં પણ (ઈ. ૧૮૧૫) એ ઉત્તમ નીવડ્યું. કવિએ આ પેટ્રાર્કશાઈ સૉનેટમાં રૂપક સાધ્યું છે. અષ્ટકમાં એની વિદેશયાત્રાનું રૂપક છે પણ ખરેખર આસ્વાદ્ય તો સૉનેટનો ષટ્ક ખંડ છે-

Then felt I like some watcher of the skies
When a new planet swims into his ken :
Or like stout Cortez when with eagle eyes
He star'd at the Pacific - and all his men
Look'd at each other with a wild surmise-
Silent, upon a peak in Darien.

હોમરને માણ્યાનો એનો આનંદ એવો અલૌકિક હતો કે-જાણે કોઈ ખગોળવિદ આકાશમાં સ્થિર દૃષ્ટિ રાખીને ઊભો હોય અને અચાનક કોઈક નવીન ગ્રહ એકાએક તેની નજરે ચડી જાય અથવા કોઈ અલમસ્ત કોર્ટોડ ડેરિયન પર્વતના ઊંચા શિખર પરથી નીચે ગરુડદૃષ્ટિએ જોતો હોય અને અણધાર્યો પૅસિફિક મહાસાગર નજરે ચડી જાય - પ્રથમ વાર જ એનું દર્શન થાય. એવો આનંદ તેને થયો.

કીટ્સની સમર્થ સર્જકશક્તિની આ દ્યોતક પંક્તિઓ છે. આરંભની કવિ-કારકિર્દીમાં પણ એને કેવાં નવીન, સમુચિત કલ્પનો સૂઝી રહે છે અને એનું પદ્ય પણ કેવું લાક્ષણિક છે ! કીટ્સમાં કાચાં અને પાકાં સંવેદનો વિશેની અનોખી સમજ હતી. આરંભમાં પેટ્રાર્કશાઈ સૉનેટ રચ્યાં પણ તે શેક્સ્પીઅરશાઈ સૉનેટ તરફ વળ્યો. શેક્સ્પીઅર માટે - તેના વૈચારિક બળ માટે - સૉનેટો માટે, તેને ખૂબ આદર હતો. **'When I have fears'** (જ્યારે હું ભયાકુળ હોઉં છું) એ સંભવતઃ એનું પ્રથમ શેક્સ્પીઅરની રીતિએ લખાયેલું સૉનેટ છે. એમાં મૃત્યુનો ઓછાયો પામી ચૂકેલો કવિ જગતમાં-જીવનમાં જાણે એકલતાનો અનુભવ કરે છે.

કીટ્સનાં ઓડ્ઝ પર, એનાં સૉનેટો કરતાં, વિવેચકોનું વિશેષ ધ્યાન ગયું લાગે છે. બાકી સાઠ કરતાં ય વધુ સૉનેટો એના જમા પક્ષે છે. હોમર વિશેનું તેનું સૉનેટ તો વિશ્વખ્યાત છે જ, પણ એની ખાસ વિશિષ્ટ મનઃસ્થિતિને આલેખતાં શેક્સ્પીઅરશાઈ સૉનેટો પણ તેની કલાનો આવિષ્કાર પ્રગટ કરે છે. એની પ્રેયસી ફૅની બ્રોન (**Fanny Brawne**)ને નિમિત્તે રચેલાં સૉનેટમાં તેની પ્રેમતૃષા, પ્રેમ માટેની યાચના, જીવનમાં પ્રગટતી વેદના વગેરેને તે સુપેરે વ્યક્ત કરે છે. ફૅનીના રૂપલાવણ્ય અંગેનો તેનો પ્રતિભાવ અને રૂપ માણવાની તેની મહેચ્છા – તેનું નિરૂપણ તેને એક સમર્થ રૉમેન્ટિક કવિ તરીકે મૂકી આપે છે.

એનાં સૉનેટોમાં એક મહત્ત્વનું નિરીક્ષણ એ જોવા મળે છે કે કલા વેદનાને વ્યક્ત કરે છે તે સાથે વેદનાને જીરવવા માટે - તેને સમજવા માટે સજ્જ પણ કરે છે.

સૉનેટમાં પેટ્રાર્કશાઈ તેને જચતું નથી, શેક્સ્પીઅરનાં સૉનેટો ય સ્વરૂપદૃષ્ટિએ તેને પસંદ આવતાં નથી. એ પોતાની રીતે સૉનેટને નવા પ્રયોગરૂપે યોજવા મથામણ કરે છે.

'ટુ સ્લીપ' (**To Sleep**), 'ઑન પીસ' (**On Peace**), 'સૉનેટ ઑન ધ સૉનેટ' (**Sonnet on the Sonnet**) જેવાં

સૉનેટમાં તેની પ્રયોગશીલતા અને આગવી સૉનેટ-યોજનાની રીતિ વરતાશે.

કીટ્સે જીવનના સાવ છેલ્લા તબક્કામાં આત્મા રેડીને સત્ત્વશીલ કાવ્યસર્જન કર્યું. ગ્રીકના કક્કો-બારાખડી ય જાણ્યા વિના અનુવાદરૂપે ગ્રીકના મહાકવિઓને આત્મસાત્ કરીને ગ્રીકની કલાસંસ્કૃતિને કાવ્યોમાં અવતારી. યુરોપ સમગ્રના કેટકેટલા મહાન કવિઓનો ગાઢ સંપર્ક તેમના ગ્રંથો દ્વારા તેણે મેળવ્યો ને કેળવ્યો ! એનામાં નૈસર્ગિક સૌંદર્ય-કલાદૃષ્ટિ હતી. એનામાં ઈંદ્રિયપ્રત્યક્ષતાની કુદરતી બક્ષિસ હતી. એ સાથે જીવન અને કલા વિશેની ઊંચી વિચારણા ય હતી. કવિતા માટે કવિનું સર્વ સમર્પણ જ હોવું જોઈએ, કવિએ પેગંબર થવાનું છે. કવિતા જો ઉત્તમ રીતે અનાયાસે ઊતરી ના આવે તો બહેતર છે કે એ આવે જ નહિ. કીટ્સ સૌંદર્યધર્મનો પુરસ્કર્તા છે. એનામાં અમૂર્તને મૂર્ત કરવાની, વાયવ્યને વાસ્તવિક રૂપ આપવાની કુદરતી શક્તિ છે. તર્કબળ કરતાં કલ્પનાબળમાં તેને વધુ વિશ્વાસ છે, શ્રદ્ધા છે અને કલ્પના દ્વારા જે સૌંદર્યનો સાક્ષાત્કાર થઈ શકે તે સૌંદર્ય સત્ય જ હોય અને સૌંદર્ય એટલે જીવનનો શાશ્વત આનંદ : A THING of beauty is a joy for ever.

કીટ્સને જીવનમાં ઉત્સાહિત કરનારો એક પ્રસંગ તે ફૅની બ્રોન સાથેનો પ્રેમસંબંધ. એની સાથેનો વિહાર-પત્રવ્યવહાર તેને કાવ્યસર્જન માટે પ્રેરણા આપે છે. પણ એ પ્રેમસંબંધની વિફળતા તેને જીવલેણ આઘાત સમી પણ બને છે. કીટ્સનું પ્રેમાર્દ્ર, સુકુમાર વ્યક્તિત્વ, એની ઉચ્ચ ભાવનાઓ, એની વૈચારિકતા, એનું સમગ્ર શીલ પત્રોમાં પ્રગટ થાય છે. ફૅની પરના એક પત્રમાં એનું પ્રબળ રૉમેન્ટિસીઝમ ફૂટી નીકળ્યું છે :

I know not how to express my devotion to so fair a form. I want a brighter word than bright, fairer word than fair. I wish we were butterflies and lived but three summer days.

ફૅની સાથેનો વિવાહસંબંધ તૂટ્યો પછી ઘોર નિરાશામાં તે લખે છે-

I am sure I shall never have any rest till I get there.

મતલબ કે દુનિયામાં કબર જેવી ચીજ છે તે કેવી ખુશીની વાત છે ! રોમની કલાસંસ્કૃતિના મુગ્ધ ભોક્તા કીટ્સે જીવનના છેલ્લા શ્વાસ પણ રોમમાં જ લીધા... એ જ કવિનું પિયર હતું ને !

કવિ કીટ્સ એના વિશિષ્ટ કાવ્યસર્જનો દ્વારા એક નિરામય સૌંદર્યદૃષ્ટિ જગત સમક્ષ મૂકી ગયા.

A THING of beauty is a joy for ever :

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

આચાર્ય ડૉ. ડૉલરભાઈ માંકડનો વિઠ્ઠલભાઈ પટેલ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ વલ્લભવિદ્યાનગરમાં વિદાયમાન સમારંભ યોજાયો હતો. સને ૧૯૫૧-૫૨ની સાલ હતી. સમારંભ શરૂ થતાં પહેલાં આચાર્ય માંકડસાહેબે જણાવ્યું કે વિદાયમાનમાં વખાણ જ હોય તેવું નથી. મારા સંચાલનમાં વિદ્યાર્થીઓને શિસ્ત-શિક્ષણ અંગે કાંઈ ફરિયાદ હોય તો પણ કહેવા ભલામણ કરું છું. સાચે જ એક વિદ્યાર્થીએ પ્રતિભાવ રૂપે ફરિયાદમાં કહ્યું કે, બાબુ પટેલ (નામ બદલ્યું છે)ની ગેરવર્તણૂક માટે માંકડસાહેબે તેને શિક્ષા કરી નથી. માથાભારે બાબુથી આચાર્ય ડરી ગયા. માંકડસાહેબ એ રીતે સ્ટફલેસ પ્રિન્સિપાલ હોવાનો મને અનુભવ છે. તુરત બાબુ ઊઠ્યો અને રડતો રડતો બરાડી ઊઠ્યો : 'સાહેબ, હજુએ મને સજા કરો. મેં અશોભનીય કાર્ય કર્યું હતું.'

જવાબ આપવા ડૉ. માંકડસાહેબ ઊભા થયા : 'કોઈ વિદ્યાર્થીએ આવેશમાં અશોભનીય વર્તન બીજા વિદ્યાર્થી પ્રત્યે કર્યું અને પછી તેની માફી માગી હતી. એ વિદ્યાર્થીની કૅરીઅર મારી કલમના એક ઝાટકે બગડી જાય, એટલી મારી સત્તા હતી. પણ આ એ જ વિદ્યાર્થી છે, જેણે પ્રોફેસર દવેનાં પત્નીને પ્લેગ થયો, ત્યારે કોઈ તેના શબને અડવા તૈયાર નહોતું. તે શબને એકલા હાથે લઈ જઈ પેટ્રોલ વડે દૂર દૂર અગ્નિદાહ આપ્યો હતો. પ્રોફેસર દવે પગને અગ્નિ અડાડી ચાલી આવ્યા હતા જ્યારે એણે પોતાને તો ચેપ લાગી શકે તેવું જોખમ ઉઠાવ્યું હતું. સત્તા છતાં તેને સજા ન કરવી તેમાં (સ્ટફ) તાકાત છે કે કોઈ વિદ્યાર્થીના ભાવિ જીવનનો વિચાર કરી બદનામી વ્હોરી સજા ન કરી તેમાં સાચી તાકાત (સ્ટફ), સાચું ખાતર છે ?'

જે વિદ્યાર્થીએ આચાર્ય માંકડને સ્ટફલેસ કહ્યા હતા તેની આંખમાં પાણી હતાં. તેણે તેમના પગ પકડી લીધા. પ્રમુખ-સ્થાનેથી શ્રી ડૉ. એન. એમ શાહ (રૅંગ્લરે) આચાર્ય માંકડને બિરદાવ્યા અને ચારુતર વિદ્યામંડળ વતી ભાઈલાલભાઈ પટેલે તેમને સાલ ઓઢાડી સ્મૃતિચિહ્ન ભેટ આપ્યું. ડૉ. માંકડે અલિયાબાડા ગંગાજળા વિદ્યાપીઠની સ્થાપના કરી.

Its loveliness increases; it will never
Pass into nothingness; but still will keep
A bower quiet for us, and a sleep
Full of sweet dreams and health and quiet breathing (Endiymion)

(ક્રમશઃ)

સ્રોતકોષો

ડૉ. જગદીશ પી. ત્રિવેદી


ઘાતક માત્રામાં કિરણોત્સર્ગ આપેલા ઊંદરોનું જીવન તંદુરસ્ત ઊંદરના અસ્થિ-મજ્જા (bone marrow)નું ઈન્જેક્શન આપવાથી બચાવી શકાય છે તેવું ૧૯૫૬માં શોધાયું. કિરણોત્સર્ગની અસરને લીધે રક્ત બનાવનારી કાર્યપ્રણાલી નાશ પામે છે, પરંતુ અસ્થિ-મજ્જા આપતાં જ આ પ્રણાલી ફરી કાર્યશીલ બને છે. વધુ સંશોધન દ્વારા એમ જણાયું કે પ્રણાલીની આ પુનઃપ્રાપ્તિના પ્રાથમિક તબક્કામાં કોઈ ચોક્કસ પ્રકારના દાતાકોશોની વસાહત (donor cells colony) અસ્થિ-મજ્જા લેનારા ઊંદરની પ્લીહા (spleen, બરોળ)માં ઉદ્ભવે છે. આ પ્રત્યેક વસાહત કોઈ વિશિષ્ટ પ્રકારના દાતાકોશો - સ્રોતકોશો - અને તેમની સંખ્યાવૃદ્ધિને કારણે બને છે. હૉસ્પિટલોમાં થતું અસ્થિમજ્જાનું પ્રત્યારોપણ આવા તો આ સ્રોતકોશોના વિશિષ્ટ ગુણધર્મોને આભારી છે.

સ્રોત કોશો શું છે તથા વિકાસ દરમ્યાન તે કેવી રીતે ઉદ્ભવે છે ?


કોઈ પણ સજીવના શરીરનો પ્રારંભ એકકોશીય ભ્રૂણ (embryo) તરીકે થાય છે. પુખ્તવયના માનવ બનવા માટે કુદરત એક પ્રકારની કોશ-ગોષ્ઠિ રમી રહેલ છે. એક આદિ કોશ છેવટે 10^{14} કોશોમાં પરિવર્ધન પામે છે, જેમાં ૨૫૦થી વધુ પ્રકારનાં કોશ-પરિવાર (cell-families) બને છે જે જીવન પામીને રોજેરોજ તેને નભાવી રાખે છે. એક કોશીય ભ્રૂણ તરીકે પ્રારંભ કરી વધતા જતા શરૂઆતના આ કોશોને ભ્રૂણીય સ્રોતકોશો (embryonic stem-cells : ESC) કહે છે. આવા કોશો ક્રમશઃ વિકાસ પામીને ભિન્ન સ્વરૂપ પ્રાપ્ત કરે છે અને તેમનું રૂપાંતર અધિત્વચીય પેશી, ચેતાપેશી, સંયોજક પેશી, સ્નાયુપેશી, રક્ત વગેરેમાં થાય છે. પેશીઓના આવા વિકાસથી વિવિધ અંગો અને છેવટે આખું શરીર રચાય છે.

સ્રોતકોશો પોતાની આબેહૂબ પ્રતિકૃતિ બનાવી શકે છે, તદુપરાંત વિશિષ્ટ પ્રકારના કોશોના પૂર્વગામીઓ પણ બનાવી શકે છે. રક્તમાં તેઓ જુદા જુદા કોશ-પ્રકારો બનાવે છે, જેમાં રક્ત-કોશિકાઓ (erythrocytes), ચેતાનુરાગીઓ (neurophils) તથા લસિકાકોશ (lymphocytes) સમાવિષ્ટ થાય છે.

એવી માન્યતા છે કે શરીરની મોટા ભાગની પેશીઓ સ્રોતકોશો ધરાવે છે, જે ક્ષતિગ્રસ્ત કોશો અથવા મૃત કોશોને બદલાવે (replace) છે. આવા સ્રોતકોશો પુખ્તવયના માનવીની ચેતાપેશીઓ, ચરબી, ત્વચા તથા રક્તમાં હોય છે. પ્રાયોગિક કાર્ય માટે તેમને થોડા દિવસના ભ્રૂણમાંથી અથવા ગર્ભીય-જનન કોશો (foetal germ cells)માંથી મેળવવામાં આવે છે.



આકૃતિ ૧ : જાતિગત સ્રોતકોશ : સ્રોતકોશો વિભાજન દ્વારા પોતાના જેવો જ સ્રોતકોશ બનાવે અથવા પૂર્વગામી કોશ બનાવે છે, જે એક યા વધુ વિશિષ્ટ કોશ-પ્રકારો બનાવે તે પૂર્વે ઘણું કોશ-વિભાજન (cell division) પામે છે.



આકૃતિ ૨ : માનવ સ્રોતકોશોનું પ્રાપ્તિ-સ્થાન. સ્રોતકોશો પુખ્ત વયનાઓમાં કુદરતી રીતે હોય છે, પરંતુ પ્રાયોગિક કાર્ય માટે ભ્રૂણમાંથી અથવા ગર્ભીય જનનકોશોમાંથી મેળવાય છે.

રક્તમાં પરિભ્રમણ કરતા કોશોનું આયુ ટૂંકું હોય છે. (દા.ત. રાતા રક્તકણો એક મહિના સુધી જીવે છે આથી એમ માનવામાં આવે છે કે રક્તોત્પાદક (**haempoietic**) કોશો બનાવવા માટેના આવશ્યક કોશો ખૂબ ક્રિયાશીલ હોય છે. આથી ઊલટું, મગજમાં ચેતાકોશ (**neuron**) જેવા કોશો પાંચ વર્ષ જીવી શકે ત્યાં સ્રોતકોશોની ક્રિયાશીલતા બહુ ધીમી હોય છે. યકૃત (**liver**) જેવો અવયવ રોગિષ્ઠ થાય કે ક્ષતિગ્રસ્ત થાય ત્યારે સ્રોતકોશોની ક્રિયાશીલતા એકદમ વધી જાય છે. સ્રોતકોશોની સાપેક્ષ અછત તેમને વ્યક્તિગત રીતે પારખવાં મુશ્કેલ બનાવે છે. હજી હમણાં જ પુખ્ત સ્રોતકોશોનું શુદ્ધીકરણ તથા અભિલક્ષણ શક્ય બન્યું છે.

અગાઉ જણાવ્યું તેમ સસ્તન પ્રાણીના સ્રોતકોશ ફલિત એક-કોશીય ભ્રૂણ છે, જે જુદાજુદા પ્રકારના કોશો બનાવીને ગર્ભ અથવા પુખ્તરૂપ ઉપરાંત ઓર (**placenta**, જરાયુ) જેવી પેશીઓ બનાવે છે કે જે ગર્ભને પોષણ આપે છે. આ કારણથી આવા કોશને પૂર્ણવિભવી (**totipotent**) કોશ કહે છે. અન્ય સ્રોતકોશોમાં આવી વિશાળ શક્યતાઓ ધરાવતા ગુણ હોતા નથી. જો કે ખૂબ પ્રારંભિક ભ્રૂણમાં સ્રોતકોશો ઉત્પન્ન થતા હોય છે તે તેમના પુખ્ત સ્રોતકોશો જેવાં નથી હોતા. તેઓની પશ્ચાત્ આયુર્મર્યાદામાં ફરીને તેઓનું વિ-વિભેદન (**de-differntiation**) થતું હોય છે. ઉ.દા. યકૃતનું પુનર્જનન (**regeneration**) ઓવેલ કોશ (**oval cell**) નામના સ્રોતકોશોની કાર્યશીલતાને લીધે થતું હોય છે. ઓવેલ કોશ યકૃત કોશો (**hepatocytes**)ના વિ-વિભેદન દ્વારા બને છે.

શરૂઆતમાં ઊંદરો ઉપર પ્રયોગો દ્વારા, પરંતુ હવે વિવિધ સસ્તન જાતિઓ (**species**) જેવી કે હેમસ્ટર (**hamster**), મોટા ઊંદરો (**tats**), ગાય, વાનર તેમજ માનવો ઉપર પ્રયોગો કરીને પ્રયોગશાળામાં ભ્રૂણીય (**ES**) અથવા ગર્ભીય જનનકોશો (**EG**) મેળવી શકાયા છે. માનવીય સ્રોતકોશો અન્ય સસ્તન પ્રાણીઓના કોશ માફક મુખ્યત્વે ત્રણ પ્રકારના હોય છે :

અ. પૂર્ણવિભવી (**totipotent**)
બ. બહુશક્તિક (**pluripotent**)
ક. બહુવિભવી (**multipotent**)

આ પ્રત્યેક પ્રકાર વિકાસનાં સોપાનો સૂચવે છે. ફલિતાંડ (**Zygot** : ઝાઈગોટ-**fertilised egg**) પૂર્ણવિભવી સ્રોતકોશ ગણાય છે. તેમનામાંથી એક પૂર્ણવ્યક્તિ બનવાની સંભવિતતા હોય છે. ફલીકરણની શરૂઆતના કલાકોમાં તથા દિવસોમાં આ ક્ષમતા તેના પોતાના જેવા જ આબેહૂબ પૂર્ણવિભવી સ્રોતકોશોમાં વિભાજન પામે છે. કેટલીક ચોક્કસ પરિસ્થિતિઓમાં જ્યારે ઓર જેવી ગર્ભીય પેશીઓ આ સ્રોતકોશો બનાવી શકતા નથી ત્યારે તેમને બહુશક્તિક કહે છે. પુખ્ત ઉંમરનામાંથી મેળવેલા સ્રોતકોશો, જેની ક્ષમતાઓ મર્યાદિત હોય છે તેમને બહુવિભવી કહે છે. કારણ કે આવા કોશો મર્યાદિત પ્રકારના કોશ જ ઉત્પન્ન કરી શકે છે. આજકાલ વિજ્ઞાનીઓમાં ભ્રૂણીય સ્રોતકોશો (**ES**)ની ખૂબ માંગ છે. બહુશક્તિક સ્રોતકોશોનો અલગ પાડી શકાયેલ એકમાત્ર સ્રોત માનવીના પ્રારંભિક ભ્રૂણ તથા ગર્ભીય પેશીઓ છે જેમાંથી તેના જનનપિંડો (**gonads**) બનવાના હતા.

સ્રોતકોશો અંગે આટલી ઉત્તેજના શાથી છે ?

વર્ષો સુધી એમ મનાતું કે ચેતાપેશીનું પુનર્જનન પુખ્તવયના સસ્તનમાં થઈ શકતું નથી તેથી તેમાં કોઈ સ્રોતકોશોનું અસ્તિત્વ હોવા વિશે ખાતરી નહોતી. આ માન્યતા વિરુદ્ધ સ્રોતકોશોનાં મહત્ત્વનાં સંશોધનો ચેતાપેશી ઉપરનાં સંશોધનો દ્વારા જ થયાં છે. ૧૯૯૨માં રેનોલ્ડ્સ તથા વાઈઝ (**Reynolds & Weiss**) દ્વારા ઊંદરના મગજમાંથી કોશો અલગ પાડી તેમનું સંવર્ધન (**culture**) બનાવી, તથા આ કોશોનું ગુણન (**multiplication**) કરીને કોશીય સમુચ્ચય (**cellular aggregate**) ન્યૂરોસ્ફિયર્સ (**neurospheres**) બનાવી શકાય છે તેવું સાબિત થયું. આ કોશોને પ્રેરિત (**induce**) કરીને મગજના ચેતાકોશો (**neurons**) તેમજ ઑલિગોડેન્ડ્રોસાઈટ્સ (**Oligodendrocytes**) એમ બે પ્રકારના ચેતાકોશો મેળવી શકાય છે. આ એક ખૂબ જ ક્રાન્તિકારી સંશોધન ગણાય છે. આની એક દૃશ્યાત્મક પ્રસ્તુતિ ક્લાર્ક (**clarke : 2000**) તથા સાથીઓ દ્વારા થઈ જેમાં ન્યૂરોસ્ફિયર્સ માત્ર ચેતાકોશોના પ્રકારો બનાવવા ઉપરાંત મૂત્રપિંડ, યકૃત, અસ્થિકોશો જેવા બીજા અનેક અસંબંધિત કોશો પણ ઉત્પન્ન કરે છે. આ સંશોધનના ફળસ્વરૂપે રક્ત-ઉત્પાદક સ્રોતકોશો યકૃત તથા સ્નાયુ બનાવી શકે, ચેતા સ્રોત-કોશો રક્ત, સ્નાયુ, મૂત્રપિંડ, ત્વચા, ફેફસાં તથા અન્ય પ્રકારના કોશપ્રકારો બનાવી શકે, સ્નાયુ સ્રોતકોશો રક્ત બનાવી શકે તેમજ મધ્યપેશીય (**mesenchymal**) સ્રોતકોશો જે અસ્થિ તથા ઉપાસ્થિ (**cartilage**) માટે જવાબદાર હોય છે તે કોશો ચેતાકોશો જેવા મગજના અન્ય કોશો પણ બનાવી શકે છે તેમ સાબિત થયું છે. કેટલાક પ્રયોગોમાં આવા કોશોનું અન્ય પ્રાણીઓમાં પ્રત્યારોપણ કરીને તેમની વિક્ષતિ (**lesion**)નું આંશિક સમારકામ પણ કરી શકાયું છે.

કોશીય ચિકિત્સા (Cell Therapy)

રક્ત-સંચરણ (**blood transfusion**) તથા અસ્થિ-મજ્જા પ્રત્યારોપણ હવે નિયમિત રૂપે વપરાવા લાગ્યાં છે.

તાજેતરમાં યકૃત પ્રત્યારોપણ પણ કરાયું છે. બહિર્દેહી કોશ-સંવર્ધન તકનિકી (**in vitro cell culture technology**)માં હવે નવાં નવાં સોપાનો સર કરી શકાયાં છે.


કોશ-ચિકિત્સા હવે એક સુસ્થાપિત ચિકિત્સા-પ્રકાર છે. કોશ-પ્રત્યારોપણ ચિકિત્સાનો વ્યાપ વધ્યો છે. હવે સંવર્ધન (**culture**)માં ત્વચાના કોશો ઉગાડવા શક્ય બન્યા છે. આસ્ટ્રોમ બાયોસાયન્સીઝ, ઍવાક્સ, ઍલેક્સીઓન, સીરસ, ડેન્ડ્રીઓન, ડાયાક્રીન, જીરોન, જેન્ઝાઇમ, મોડેક્સ, ન્યૂરોટેક, ઓર્ટેક, ટાકાર સુઝો, ટાઇટેન, ટ્રાન્સજીન તથા વૅસોજન જેવી અનેકવિધ કંપનીઓ હવે અનેક પ્રકારની નીપજોનો વિકાસ કરી રહી છે, જેમાં મધુપ્રમેહ, અલ્સર, દાઝ્યા ઉપર, કેન્સર, ચાંદાં, જેવી સ્થિતિ માટેની નીપજો વ્યાપારી ધોરણે પ્રાપ્ય બની છે.

કોષ્ટક ૧માં પ્રત્યારોપણ માટેના અન્ય ઇચ્છનીય કોશ-પ્રકારો દર્શાવ્યા છે.

કોષ્ટક ૧ : કોશ-ચિકિત્સા માટે આવશ્યક વિશિષ્ટ કોશ પ્રકારો

કોશ-પ્રકાર	ઉપયોગ
હૃદપેશી વિકૃત (cardiomyocytes)	માયોકાર્ડિયલ ઇન્ફાકર્શન (myocarclial-) બાદ હૃદયનું સમારકામ રોધગલન
કોશ દ્વિપિકા (islet cells)	મધુપ્રમેહ પ્રકાર ૧ તથા ૨.
અંતઃસ્તર કોશો (endothelial cells)	atheroschlerosis or ischemia માટે રક્તવાહિનીઓનું સમારકામ
કાસ્થિ (chondrocytes)	અસ્થિસંધિશોથ (osteoarthritis), અસ્થિ છિદ્રામુતા (osteoporosis,) અથવા આમવાતીય સંધિશોથ (rheumatiod arthritis)માં પુનઃ પરિસ્થાપન
તંતુબીજ કોશ (fibroblasts) તથા ત્વકૃલયક (keratinocytes)	દાઝ્યા ઉપર અથવા ઘા રૂઝાવવા
યકૃતીય કોશો (hepati cells)	કમળો તથા યકૃતકાઠિન્ય માટે
શ્વસન અધિસ્તરીય કોશો (respiratory epithelial cells)	ફેફસાનું કેન્સર, વાતસ્ફીતિ (emphysema) તથા પુટીય સતંતુતા (cystic fibrosis)
નેત્રપટલ વર્ણક અધિસ્તરીય કોશો	રંજકબિંદુ અપક્ષીણતા માટે (macular degeneration)

કોચર (**Kocher**) તથા સાથીઓએ (૨૦૦૧) માનવીય અસ્થિ-મજ્જા સ્રોતકોશો દ્વારા રોધગલિતાંશ (**infarcted**)) ઊંદરોનાં હૃદયની કાર્યક્ષમતા ૩૦-૪૦% સુધારી છે. પ્રત્યારોપણ કરેલા કોશોને ઊંદરોની પૂંછડીમાં ઇન્જેક્શન દ્વારા દાખલ કરવામાં આવ્યાં, જે સફર કરતાં કરતાં ક્ષતિગ્રસ્ત હૃદય સુધી પહોંચીને નવી રક્ત-શિરાઓના નિર્માણને ઉદ્દીપ્ત કરી શક્યા.




આકૃતિ ૩ : પુખ્ત ઉંદરના અસ્થિ મજ્જામાંથી સ્રોતકોશો કાઢી તેઓને **myocardial** ક્ષતિવાળા ભાગમાં ઇન્જેકશન દ્વારા દાખલ કરીને ૩૭% જેટલી હૃદય-ક્ષતિને સુધારી શકાઈ છે. આવાં જ પરિણામો ન્યૂ યૉર્ક મેડિકલ કૉલેજના પીએરો ઍન્વર્ષા (**Piero Anversa**) તથા નૅશનલ હ્યુમન જીનોમ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના ડોનાલ્ડ ઑર્લિક(**Orlic**)ને ૭-૧૧ દિવસમાં મળ્યાં છે (૨૦૦૧ નવેમ્બર).

આ રીતે સ્રોતકોશોના ચિકિત્સીય ફાયદાઓ ઘણા છે, કારણ કે (૧) જ્યાં સહેલાઈથી પહોંચી ન શકાય તેવા શરીરના ભાગોમાં સ્રોતકોશોની લક્ષ્યસ્થાને પહોંચવાની ક્ષમતાને કારણે સાદા શિરામાર્ગી ઇન્જેક્શન દ્વારા તેમને પહોંચાડી શકાય છે. (૨) સ્નાયુના નિભાવ તથા સ્વયં-નિયમન ગુણને કારણે સ્રોતકોશોનું મધ્યસ્થી થવાની (**mediated**) વિધિઓ અન્ય કોશપ્રકારો કરતાં ચિકિત્સા-પ્રકાર (**modality**)માં ઘણી ફાયદાકારક થશે. (૩) ઇચ્છનીય સ્નાયુ માટે આવશ્યક જનીન (**gene**) બનાવીને સ્રોતકોશોને ઉપયોગમાં લઈ શકાય. દા.ત. એબોડી (**Abody : 2000**) તથા સાથીઓએ જનીનિક ઇજનેરી દ્વારા બનાવેલા ચેતા સ્રોતકોશોનું શિરામાર્ગી (**intravenous**) ઇન્જેક્શન આપીને ઊંદરોના મસ્તિષ્કની ગાંઠ (**brain tumor**)માં ૮૦% ઘટાડો દર્શાવ્યો છે.

પુખ્ત સ્રોતકોશો (Adult Stem Cells)

પુખ્ત સ્રોતકોશો મેળવવા મુશ્કેલ છે અને પૂરતા પ્રમાણમાં મેળવવા એથી વળી વધુ મુશ્કેલ છે. ખૂબ જ પસંદગીય સ્રોતકોશો રક્તોત્પાદક (**haemopoietic**) સ્રોતકોશો છે. આવા કોશો નાળના રુધિર (**Umbilical cord blood**)માં હોય છે. અનેક કંપનીઓ આવા રુધિરને (અથવા નાળને) ખૂબ નીચા તાપમાને જાળવી રાખીને ભવિષ્યમાં તેના દાતા માટે જીવલેણ રોગ ઉપર ઉપયોગ કરી શકાય તે અર્થે સાચવે છે. સંવર્ધન (**culture**)માં રક્તોત્પાદક સ્રોતકોશો વધી શકે નહિ તેમજ લાંબો સમય જીવી શકે નહિ. આથી દર્દી (ભવિષ્યના)ના જન્મ વખતે જ તેના નારડામાંથી રક્ત કાઢી લઈ સંઘરી રાખવાનું શરૂ થયું છે.

સ્રોતકોશોમાંથી વિવિધ પ્રકારના અન્ય સ્રોતકોશો બનાવવા (મેળવવા) તે એક મોટો પડકાર છે. આથી ભ્રૂણીય સ્રોતકોશો (ES) ઉપર આ સંશોધન ઝડપથી આગળ વધી રહ્યું છે. આ ઉપરાંત દર્દીના શરીરમાંથી તંદુરસ્ત કોશો મેળવી તેને



આકૃતિ ૪ : માનવીય સ્રોતકોશ સંશોધનનું ભવિષ્ય

સંશોધનો માને છે કે શરીરના કેટલાક ભાગનું સમારકામ સ્રોતકોશો કરી શકશે.

(a) મગજ : અલ્ઝાઈકાર તથા પાર્કિન્સન રોગ માટે

(b) પારદર્શક પટલ : અપક્ષીણતા વિકાર માટે

(c) સ્નાયુપેશી : શરીરના કોઈ પણ ભાગ માટે

(d) અસ્થિપેશી

(e) હ્રદયપટલ તથા પેશી : રોગિષ્ઠ ભાગના સમારકામ માટે

(f) યકૃત : કમળો તથા યકૃત કાઠિન્યના સમારકામ માટે

(g) સ્વાદુપિંડ : મધુપ્રમેહવાળા ઈન્સ્યુલીન ઉત્પન્ન કરતા કોશો પુનઃ કાર્યાન્વિત કરવા માટે

(h) કરોડરજ્જુ : ક્ષતિ બાદ ચેતાપ્રણાલિ પુનઃ કાર્યાન્વિત કરવા માટે

(i) ત્વચા : દાઝેલાં દર્દીઓ માટે

(j) અસ્થિ કૂર્ચા.

કાયિક નાભિકીય સ્થાનાંતરણ (somatic nuclear transfer-ડૉલિ ઘેટીના ઉદાહરણ મુજબ) પદ્ધતિથી આવશ્યક કોશો જે દર્દીના પોતાના જ કોશો સાથે પ્રતિરક્ષાલક્ષી સમાન (immunologically identical) હોય તેવાં મેળવવામાં આવી રહ્યાં છે. અત્યારે આ ટેક્નિક ખૂબ મોંઘી તેમજ અધૂરી છે. કોશો બનાવવા માટે ભ્રૂણ-હત્યા (embryo destruction) આવશ્યક હોઈ આ અંગે નૈતિક કક્ષાએ અનેક લોકોએ વિરોધ નોંધાવ્યો છે. તેમની રજૂઆત મુજબ ભ્રૂણ ગર્ભ એક સજીવ વસ્તુ હોઈ તેની હત્યા ખૂન જ ગણાય. આ ઉપરાંત માનવશરીરના માંસમાંથી આર્થિક લાભ મેળવવો ખૂબ જ નિંદનીય છે.

હમણાં જ અમેરિકન પ્રમુખ જ્યૉર્જ બુશે જાહેર કર્યું છે કે સ્રોતકોશો ઉપરની મોંઘીદાટ સંશોધનપ્રવૃત્તિ માટે માત્ર ૬૦ 'lines' of cells (કોશવંશ) જે પ્રયોગશાળાઓમાં બનાવાયા છે તે માટે જ સરકારી અનુદાન મળી શકશે. (Live વંશ એવા અભિજ્ઞાનિત સ્રોત-કોશ પિંડો છે જે વિશિષ્ટ લાક્ષણિકતાઓ ધરાવે છે) અગાઉ આવા ૨૩ વંશ (lines) પ્રયોગશાળામાં બનાવાયા છે. આ સંખ્યા મહત્ત્વની છે, કારણ કે મોટા ભાગની જે વંશ-શ્રેણી અભિજ્ઞાનિક કરી શકાઈ છે તે એશિયાવાસીઓનાં ભ્રૂણમાંથી મેળવાઈ છે તેથી આવી વંશ-શ્રેણી ઉપરનાં સંશોધનો કદાચ કોકેશિયન કે અશ્વેતરંગીઓ માટે ફાયદાકારક ન પણ રહે. આવી કોશ-વંશ-શ્રેણી ભારત સહિત ગણ્યાગાંઠ્યા દેશોની પ્રયોગશાળામાં વિકસાવવામાં આવી છે.

મધુપ્રમેહથી પિડાતાં દર્દીઓ, પાર્કિન્શન તથા અલ્ઝાઈમર વ્યાધિથી પિડાતાં દર્દીઓ, હૃદયરોગીઓ, અસ્થિસંધિશોથ, કમળો, ફેફસાંનાં કેન્સર વગેરેનાં દર્દીઓ સ્રોતકોષોની મદદ માટે મોટી અપેક્ષાઓ રાખી રહ્યાં છે. આમ, સ્રોતકોશો ઉપરનું વધુ સંશોધન માનવજાત માટે મોટા આશીર્વાદ રૂપ બનશે. આકૃતિ ૪માં માનવીય સ્રોતકોશ સંશોધનનો વ્યાપ દર્શાવ્યો છે. ❐

અનુસંધાન] બામિયાનની બુદ્ધ પ્રતિમાઓ [પૃષ્ઠ-૧૬૧ થી

આ અર્થમાં અતિમાનવ કદના દર્શાવ્યા છે. એક જ પથ્થરમાંથી કંડારેલી અને ઊંચામાં ઊંચી પ્રતિમા તરીકે બામિયાનની આ વિશાળકાય બૌદ્ધ પ્રતિમા જગતમાં અદ્વિતીય છે. અર્વાચીન કાળમાં સૌપ્રથમ એક અંગ્રેજ સર્જન્ટે ઈ.સ. ૧૮૧૯-૨૫ દરમિયાન તેને જોઈ હતી. ૧૯૩૨માં લેફટનન્ટ બર્નીસ નામના એક અંગ્રેજ અફસરે તેની મુલાકાત લીધી હતી. અમેરિકાના સંશોધક ચાર્લ્સ મૅસન જ્યારે અફઘાનિસ્તાનના અવશેષો વિશે સંશોધન કરતા હતા ત્યારે તેમણે ૧૮૩૪-૩૭ દરમ્યાન આ સ્થળની મુલાકાત લીધી હતી. ૧૯૨૨થી ફૂશેની આગેવાની નીચે ફ્રાન્સના પુરાવિદોએ અફઘાનિસ્તાનના સમગ્ર અવશેષોનો અભ્યાસ કર્યો હતો. અંગ્રેજો અને અફઘાનોના વિગ્રહો વખતે આ પ્રતિમાઓને ઘણું નુકસાન પહોંચ્યું હતું. ત્યારથી આ પ્રતિમાઓ ખંડિત અવસ્થામાં જ વર્ષો સુધી રહી. ભારત સરકારના આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઈન્ડિયા (ASI) દ્વારા, આ પ્રતિમાઓના જીર્ણોદ્ધારનું કાર્ય થયું હતું. પછી આ બૌદ્ધ પ્રતિમાઓ અફઘાનિસ્તાનની સરકારને સોંપવામાં આવી હતી. વર્ષો સુધી વિશ્વના પ્રવાસીઓ માટે આકર્ષણરૂપ બનેલી આ પ્રતિમાઓને સાંપ્રદાયિકતાની અસર લાગતાં તાજેતરમાં ખંડિત કરવામાં આવી છે. ❐

મિઝોરમ

ડૉ. જયકુમાર ર. શુક્લ

ભારતના ઈશાન ખૂણે આવેલ મિઝોરમ રાજ્ય, મ્યાનમાર (બર્મા) તથા બાંગલાદેશ એમ બે પડોશી દેશોની આંતરરાષ્ટ્રિય સરહદો વચ્ચે સેન્ડવીચ સમાન છે. આસામના લુશાઈ હિલ્સ જિલ્લાને અલગ કરીને મિઝોરમ રાજ્યની રચના કરવામાં આવી છે. તેની સરહદો આસામ, મણિપુર તથા ત્રિપુરા રજ્યોને અડકે છે. કુદરતી સૌન્દર્ય ધરાવતા આ પ્રદેશમાં ઉત્તરથી દક્ષિણે પર્વતો આવેલા છે. આ પર્વતોની સરાસરી ઊંચાઈ ૯૦૦ મીટર છે. આ પર્વતમાળાનું સૌથી ઊંચું શિખર ફયંગ પુઈ અથવા બ્લુ માઉન્ટન ૨૨૧૦ મીટરની ઊંચાઈ ધરાવે છે.

આ રાજ્યનો વિસ્તાર ૨૧,૦૮૧ ચોરસ કિ.મી. છે. ૧૯૯૧ની વસતીગણતરી મુજબ રાજ્યની વસતી ૬૮,૯૭૫૬ માણસોની છે. તેમાં શીડ્યુલ ટ્રાઈબના લોકોની વસતી ૯૫ ટકા છે. રાજ્યની કુલ વસતીના ૮૬ ટકા એટલે સૌથી વધારે લોકો ખ્રિસ્તી, ૫ ટકા હિંદુ, ૮ ટકા બૌદ્ધ તથા બાકીના અન્ય ધર્મના લોકો વસે છે. રાજ્યના ૭.૭ ટકા લોકો ગરીબાઈની રેખા નીચે જીવે છે. રાજ્યમાં સાક્ષરતાનો દર ૮૩ ટકા છે. ખેતીમાં રોકાયેલા મજૂરોને લઘુતમ દૈનિક વેતના રૂપિયા ૩૫ આપવામાં આવે છે. રાજ્યમાં આવેલાં જંગલો ૧૫,૯૩૫ ચોરસ કિ.મી.નો વિસ્તાર ધરાવે છે.

આ રાજ્યમાં ત્લાવંગ, સોનાઈ, તુઈવાલ, કોલોડિન અને કમ્પાફુલી મહત્ત્વની નદીઓ છે.

સરકાર : રાજ્યનું પાટનગર ઐઝાવલ (**Aizawal**) છે. વહીવટ માટે રાજ્યને આઠ જિલ્લામાં વહેંચવામાં આવ્યું છે. રાજ્યમાં એકગૃહી ધારાસભા છે. તેની વિધાનસભાની સભ્યસંખ્યા ૪૦ની છે. રાજ્યમાંથી દેશની લોકસભામાં એક તથા રાજ્યસભામાં એક સભ્ય ચૂંટીને મોકલવામાં આવે છે.

ઈતિહાસ : મિઝો લોકો મોંગોલોઈડ જાતિના છે અને તેઓ ભારતમાં આવ્યા તે અગાઉ મ્યાનમાર (બર્મા)ના શાન રાજ્યમાં રહેતા હતા. મિઝો લોકોમાંના હમાર, લુશાઈ, પાવીસ વગેરે આધુનિક સમયમાં ભારતમાં આવ્યા. તેઓ ૧૮૭૦ના દાયકામાં ભારતના ચાના બગીચા ઉપર સરહદ પરથી વારંવાર હુમલા કરતા હતા. તેના જવાબમાં અંગ્રેજોએ તેમના ઉપર વળતા હુમલા કરી તેઓને હરાવ્યા અને તેમના પ્રદેશો કબજે કરીને ૧૮૯૧ સુધીમાં તે વિસ્તારો ખાલસા કર્યા. અંગ્રેજ



સરકારે ૧૮૯૮માં લુશાઈ હિલ નામના અલગ જિલ્લાની રચના કરીને તેને આસામ રાજ્યનો વિભાગ બનાવ્યો. અંગ્રેજોએ તે જિલ્લામાં માત્ર ખ્રિસ્તી મિશનરીઓને પ્રવેશવા દીધા. તેના ફલસ્વરૂપે ઘણી મોટી સંખ્યામાં ત્યાંના લોકો ધર્મપરિવર્તન કરીને ખ્રિસ્તી બની ગયા. આ જિલ્લો ૧૯૭૨ સુધી આસામનો એક પ્રદેશ રહ્યો અને તે વરસે તેને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યો. તેને ૨૦ ફેબ્રુઆરી, ૧૯૮૭થી આસામથી અલગ કરીને જુદા ૨૩મા રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો.

લોકો : લુશાઈ, પૈથી, પાવીસ, રાલ્ટી, પેન્ગ, હમાર, કુકી વગેરે આદિવાસી જાતિના લોકો મિઝો કહેવાય છે. તેઓ મિઝો ભાષા બોલે છે. આ રાજ્યમાં શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજી ભાષા અપનાવવામાં આવી છે. આ રાજ્યના મોટા ભાગના લોકો ખ્રિસ્તી ધર્મ પાળે છે. તેમ છતાં ડુંગરાળ પ્રદેશોના લોકોએ પોતાનો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો - વિવિધ રિવાજો તથા પરંપરાઓ જાળવ્યાં છે.

નૃત્ય : મિઝો કન્યાઓનું માનીતું નૃત્ય ચેરવ અથવા વાસનૃત્ય તરીકે ઓળખાય છે. તેઓનું બીજું રસપ્રદ નૃત્ય છેહલમ સાંજના સમયે ચોખામાંથી બનાવેલા બિયર સહિત કરવાની પ્રથા છે. મહેમાનો અથવા મુલાકાતીઓના મનોરંજન માટે કરવામાં આવતું ખુઅલ્લમ નૃત્ય, જૂથ (સમૂહ)માં ઘંટ વગાડવા સાથે થાય છે. મારા તથા પૉલ જાતિઓનાં ખાસ નૃત્યો સોલકર કહેવાય છે.

ઉત્સવો : મિઝો લોકોના કેટલાક મહત્ત્વના ઉત્સવોમાં મિમકુટ એટલે કે મકાઈનો ઉત્સવ ઑગસ્ટ-સપ્ટેમ્બર મહિનામાં, ચોખાનો બિયર પીને, સંગીત તથા નૃત્ય અને ઉજાણી સહિત ઊજવવામાં આવે છે. પાક લણવાનો-કાપણીનો ઉત્સવ પૉલકુટ નામથી ઓળખાય છે. તે ડિસેમ્બરજાન્યુઆરી મહિનામાં ઉજવાય છે. ચપચર કુટ જંગલની સફાઈનો ઉત્સવ છે. આ ઉપરાંત મિઝો લોકો ક્રિસ્ટમસ તતા ઈસ્ટરના તહેવારો પણ એટલા જ ઉત્સાહપૂર્વક ઊજવીને આનંદ માણે છે.

મુખ્ય પાક : મિઝો લોકોનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. રાજ્યના ૬૦ ટકા જેટલા લોકો ખેતીના વ્યવસાયમાં રોકાયેલા રહે છે. ખેતીમાં પાક બદલવાની પદ્ધતિ લોકો અપનાવે છે. રાજ્યમાં ડાંગર, મકાઈ, આદુ, રાઈ, શેરડી તથા બટાટાનો પાક થાય છે. રેસા વગરના આદુ માટે મિઝોરમ જાણીતું છે. ફળો અને આદુ વધારે પકવવા પ્રત્યે વિશેષ ધ્યાન આપવામાં આવે છે. નારંગી, લિંબુ, પપૈયાં, પાઈનેપલ વગેરે ફળ પણ ત્યાં

પકવવામાં આવે છે. જંગલની પેદાશોમાં વાંસ તથા ઈમારતી લાકડું રાજ્યની આવકમાં વધારો કરે છે.

ઉદ્યોગો : આખું મિઝોરમ રાજ્ય પછાત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યું છે. છેલ્લા દાયકાથી ત્યાં ઉદ્યોગો વધારવા માટે સરકાર દ્વારા પ્રયાસો કરવામાં આવે છે. તે માટે ત્યાંની રાજ્ય સરકારે ૧૯૮૯ના વર્ષમાં ઔદ્યોગિક નીતિ ઘડી કાઢી છે. તેમાં ખાસ કરીને ખેતી અને જંગલોની પેદાશો પર આધારિત ઉદ્યોગોને અગ્રતાક્રમ આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. તેના પછી હેન્ડલૂમ, હસ્તઉદ્યોગ, ઇલેક્ટ્રોનિકસ તથા ગ્રાહકોની આવશ્યકતાના માલના ઉત્પાદનને મહત્ત્વ આપવામાં આવે છે. મિઝોરમ ફૂડ ઍન્ડ એલાઇડ ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન ફળો તથા ખોરાકને લગતા ઉદ્યોગો ચલાવે છે. કેટલાંક વરસોથી મિઝોરમમાં ચાના બગીચાનો ઉદ્યોગ વિકસાવવામાં આવી રહ્યો છે. ત્યાં આટો અને તેલની મિલો, ફળોની, પ્રક્રિયા, ઇલેક્ટ્રોનિક્સના ઉદ્યોગો તથા રેશમકીટ પાલન પ્રત્યે ખાસ ધ્યાન આપવામાં આવે છે.

પ્રવાસન : રાજ્યનું પાટનગર ઐઝાવલ હવાખાવાનું સ્થળ છે. તે સમુદ્રની સપાટીથી લગભગ ૪૦૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલું છે. આ ઉપરાંત તે મિઝો લોકોનું ધાર્મિક તીર્થ તથા સાંસ્કૃતિક કેન્દ્ર પણ છે. મ્યાનમાર (બર્મા)ની સરહદે આવેલ ચેમ્ફાઈ પ્રાકૃતિક સૌન્દર્યનું ધામ છે. ઐઝાવલથી ૬૦ કિલોમીટરના અંતરે આવેલ તામદિલ કુદરતી સરોવર છે, તથા તેની નજીકમાં જ અણવાપ રેલ જંગલ આવેલું છે. ત્યાંથી ૧૦ કિલોમીટરના અંતરે સઈતુલ નામનું પ્રવાસનું સ્થળ છે. બુંગ અને પઈખાઈ પર્યટન માટેનાં સ્થળો છે. થેન્ઝાવલ નામના હિલ સ્ટેશનથી પાંચ કિલોમીટર દૂર આવેલ વાંટાંગનો ધોધ આ રાજ્યનો સૌથી ઊંચો અને સૌથી સુંદર ધોધ છે.

વિશિષ્ટતા : લુશાઈ હિલ્સના આદિવાસી લોકોમાં ઈસુ ખ્રિસ્તના ઉપદેશનું બીજારોપણ કરવા માટે ઈંગ્લંડથી લીડ્ઝના દાનવીર રોબર્ટ આર્થિંગટને, ૧૧ જાન્યુઆરી, ૧૮૯૪ના રોજ મિઝોરમની રમણીય ભૂમિ ઉપર રેવરન્ડ જે.એચ. લોરાં તથા રેવરન્ડ સેવીજને મિશનરી પ્રવૃત્તિનો આરંભ કરવા મોકલવામાં આવ્યા. તેમના આગમનની શતાબ્દી ૧૧ જાન્યુઆરી, ૧૯૯૪ના રોજ મિઝોરમમાં ધામધૂમપૂર્વક ઊજવવામાં આવી હતી.

આ પ્રદેશનો સરકાર દ્વારા વિકાસ કરવામાં આવતો નથી, એવા ચોક્કસ ખ્યાલથી ૧૯૬૬થી સરકારની વિરુદ્ધ અલગતા આંદોલનનો આરંભ કરવામાં આવ્યો. તેથી સરકારે મિઝોરમના સમગ્ર પ્રદેશને, અશાંત વિસ્તાર તરીકે જાહેર કર્યો. કેન્દ્ર સરકાર તથા મિઝો નૅશનલ ફ્રન્ટ વચ્ચે ૩૦ જૂન, ૧૯૮૬ના રોજ સંધિ કરવામાં આવી. તેની સાથે જ બે દાયકાથી ચાલતા આંદોલનનો અંત આવ્યો.


મિઝો યુવક

મિઝોરમના વાયવ્ય (ઉત્તર-પશ્ચિમ) ખૂણે વસતા આશરે ૩૦,૦૦૦ રીઅંગ લોકો જીવવાદીઓ છે. તેઓ એવો આક્ષેપ કરે છે કે મિઝો લોકો તેમના ઉપર ત્રાસ ગુજારે છે. તે લોકો છેલ્લાં થોડાં વર્ષોથી સ્વાયત્ત જિલ્લા સમિતિની રચના કરવાની માગણી કરે છે, અને ત્યારથી રીઅંગ લોકો ત્રિપુરા જતા રહે છે. રીઅંગ નેતાઓએ અગરતલામાં જણાવ્યું છે કે તેમના અનેક રિવાજો હિંદુઓને મળતા આવે છે. ત્યાંના મુખ્ય મંત્રીએ રીઅંગ લોકો ઉપર કોઈ જુલમ થયાનો ઈનકાર કરી, સ્વાયત્ત જિલ્લા સમિતિ રચવાની ના પાડી દીધી છે. તેમણે જણાવ્યું છે કે રીઅંગના વસવાટના વિસ્તારનો વિકાસ કરવાની તેમની તૈયારી છે. માત્ર કેટલાક ઉગ્રવાદીઓએ આ સમસ્યા સર્જી છે.

મિઝોરમ રાજ્યમાં ૬૯ નાની સિંચાઈ યોજનાનું કામ પૂરું થયા બાદ ૭૨૬૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ થાય છે. તેથી તે પ્રદેશોમાં વર્ષમાં બે થી ત્રણવાર પાક લેવામાં આવે છે.

રાજ્યમાં ઊર્જા શક્તિ વિકસાવવાના પ્રયાસો ચાલુ છે. રાજ્યનાં ૬૯૫ ગામ તથા ૫૭૭ કિલોમીટર વિસ્તારનું વીજળીકરણ પૂર્ણ કરવામાં આવ્યું છે. રાજ્યમાં કુલ ૩૯૫૪ કિલોમીટરના રસ્તા છે. બૈરાલી કસબાને રેલવે લાઈનથી જોડવામાં આવ્યું છે. રાજ્યના બાંધકામ વિભાગે ૨૧૦૩ કિલોમીટરના રસ્તા બાંધ્યા છે. રાજ્યમાં બે અભયારણ્યો આવેલાં છે. રાજ્યમાં વિવિધ પ્રકારના જવલ્લે જોવા મળતા છોડ ઊગે છે. ત્યાં વિવિધ જાતનાં પ્રાણીઓ પણ રહે છે. ❐

નેપાળપ્રવાસ

દેવો સદા સમીપે

પ્રીતિ સેનગુપ્તા

૨. બાઘમતી કે ઘાટ પર

સર્વ-જનનાં મનમાં ઊંચાં સ્થાનનો બહુ મોટો મહિમા હોય છે. હંમેશાં ઈશ્વરનો વિચાર કરીએ ત્યારે આપણે આકાશ તરફ જોતાં હોઈએ છીએ. એ ઊંચું તો છે જ, ને સાથે અનંત છે, આખા ખલકને વ્યાપ્ત એવો એ ગેબી અવકાશ છે. પરન્તુ પર્વતોને પણ આપણે દેવોનાં નિવાસ-સ્થાન ગણીએ છીએ. જેની પાસે મનુષ્ય વામણો હોય, જ્યાં પહોંચવું અત્યંત કઠિન હોય - ત્યાં જ હોયને દૈવી ઉપસ્થિતિ ? હિમાલય પર તો કેટકેટલાં દેવ-દેવીઓ વસે છે ! એમનાં દર્શને જવા માટે કઠિન યાત્રાઓ કરવી પડે છે.

આકાશને ચૂમતો એક દેશ એવો છે કે જ્યાં અનેક સુંદર મંદિરો છે, અને અગત્યનાં સ્થાનકો છે. એ દેશ તે નેપાળ- હિમાલયની બે હજાર કિ.મી.થી વધારે લાંબી ગિરિ-પંક્તિનાં તેરસોથી પણ વધુ ઉચ્ચ તથા મહોચ્ચ-શૃંગોને જેણે ધારણ કરેલાં છે તે ભૂમિ. ભૌગોલિક કારણે પહેલેથી જ પવિત્ર બનેલા એ પ્રદેશમાં ધર્મ-વિષયક સંસ્કૃતિ એટલી સક્રિય તેમજ કળાત્મક રીતે વિકસી છે કે ત્યાં સર્વત્ર અનન્ય દેવશિલ્પો અને મંદિર-સ્થાપત્યો જોવા મળે છે. નેપાળમાં જ્યાં પણ જઈએ ત્યાં ગલીએ ગલીએ, ને ખૂણે ખૂણે અનેકવિધ દેવ-દેવીઓનું સામીપ્ય મળતું રહે છે. મન-હૃદયને ભક્તિ અને પ્રાર્થનાનો આનંદ પ્રાપ્ત થયા કરે છે, તો નેત્રો દ્વારા અતુલ્ય કળા-શૈલી જોઈ શક્યાનો હર્ષ મળી જાય છે. પાટનગર કાઠમંડુ હિન્દુ ધર્મ તેમજ બૌદ્ધ ધર્મનાં પવિત્રતમ દેવ-સ્થાનોથી સજ્જ છે.

હિન્દુઓ માટે નેપાળ યાત્રા-ધામ છે. ત્યાં એક જ્યોતિર્લિંગ છે તે કારણે શહેરથી પાંચેક કિ.મી. આગળ, બાઘમતી નદીને પશ્ચિમ કિનારે મહા-શિવ શ્રી પશુપતિનાથ ઉપસ્થિત થયેલા છે. મુખ્ય મંદિરની ઉપર બે સુરેખ ધાતુ-છત્ર છે, ને ટોચ પર સુવર્ણ-મંડિત કળશ મૂકેલા છે. એનાં મોટાં, ભારે દ્વાર રજત-જડિત છે. મુખ્ય દ્વારની સામે નંદિ અને ત્રિશૂળ સ્થિત છે. પથ્થરથી જડેલા ચોગાનમાં બીજાં સ્થાનક તથા શિલ્પો છે, જેની ઉપર હંમેશાં કંકુ, ચોખા, ફૂલ વગેરે ચડાવેલાં હોય છે.

કેવળ ધાર્મિક ગણાતા દિવસે અથવા ઔપચારિક વિધિ તરીકે મંદિરે જવામાં કશોક મિથ્યાચાર લાગ્યા કરે છે, કારણ કે મન એમ માને છે કે દેવનાં દર્શનને માટે પ્રત્યેક દિવસ સરખો પવિત્ર હોય છે. પહેલી વાર નેપાળ ગઈ ત્યારે એક દિવસ રત્નાપાર્કના બસ-સ્ટેશનેથી હિંમત-ભેર બસ લીધેલી. શિવ-મંદિરે જવા. અહીં એવું નહીં કે તમે હરોળમાં સૌથી પહેલાં ઊભાં હો એટલે બસમાં પણ પહેલાં જ ચઢવા મળે. ના, જે ધક્કા મારી શકે તે બધાં આગળ નીકળી જાય. છેવટે હું બસમાં ચઢી શકી.

ગૌશાલાનું સ્ટૉપ આવતાં હું ઊતરી ગઈ, ને આશરે જ, બીજાં થોડાં લોકોની પાછળ ચાલવા લાગી. મને થયું, એ બધાં પણ દર્શનાર્થીઓ જ હશે. રસ્તો પાકો ચણાતો હતો, પહોળો કરાતો હતો, તેથી ચાલવામાં અગવડ પડી. એ પૂરો થતાં જમણે વળવાનું, ને થોડે જ જતાં મંદિરનું ચોગાન આવે. ત્યાં નીચે બેસીને કેટલાંક જણ ફૂલો ને પૂજાપો વેચતાં હતાં. નાની હાટડીઓમાં રુદ્રાક્ષ, ભદ્રાક્ષ, શાલિગ્રામ વગેરે મળતાં હતાં. ચંપલ કે બૂટ જો ચામડાનાં ના હોય તો ચોગાનમાં પહેરીને જઈ શકાય, પણ કૅમરા અંદર ના લઈ જવાય. મારો મોટો કૅમરા મેં એક લૉકરમાં મૂક્યો, એની સાથેનું તાળું માર્યું, ને ચાવી ખીસામાં મૂકી. પણ મારો ખભા-થેલો કોઈએ ખોલાવ્યો નહીં, ને બીજો એક નાનો કૅમરા મારી સાથે મંદિરના ચોગાનમાં ગયો. ત્યાં અમુક એટલાં સુંદર શિલ્પ છે, કે ફોટા લીધા વગર જીવ ઝાલ્યો ના રહે.

એ કૅમરામાં બ્લૅક-ઍન્ડ-વ્હાઈટ ફિલ્મ હતી. હું ફોટા લેવા માંડી. મારી દૃષ્ટિએ એ પાપ નહોતું, પણ કળા પ્રત્યેનું ઊંડું આકર્ષણ હતું. ત્રણ-ચાર ફોટા લીધા હશે એટલામાં એક છોકરો જોઈ ગયો, ને 'નો, નો' કરવા માંડ્યો. એની તરફ મેં ધ્યાન ના આપ્યું, પણ એકાદ મિનિટમાં એને એક ગાર્ડ સાથે આવતો જોયો. એ પછી હું જરા પણ રોકાઈ નહીં. સડસડાટ ચાલીને બહાર નીકળી ગઈ – જ્યાંથી તરત નીકળી જવાયું ત્યાંથી. પછી ચોગાનને ફરતે થઈ મુખ્ય દરવાજે પહોંચી, ને લૉકરમાંથી મોટો કૅમરા કાઢી લીધો.

મંદિરના એ ચૉગાનમાં એક બાજુ નાનાં નાનાં પાંચસો-ચ્યોરાશી શિવલિંગની ગોઠવણી છે. એમની વચ્ચેથી ચાલીને જઈ શકાય છે પ્રાર્થના કે મંત્રોચ્ચાર કરતાં. આવી રચના મેં ક્યારેય પહેલાં કે પછી જોઈ જ નથી. એના બેએક ફોટા લેવાની ઈચ્છા પૂરી ના થઈ. પણ એ ઈચ્છા, અને એ વિરચન ભુલાયાં નહોતાં. બીજી વાર નેપાળ ગઈ ત્યારે તિબેટના પ્રયાણ માટે આશીર્વાદ લેવા, પહેલી જ સવારે, કશું ખાધા-પીધા વગર, પશુપતિનાથનાં દર્શને નીકળી ગઈ હતી. એ વખતે પાછલે દરવાજેથી, ક્યાંક ચંપલ કાઢીને, ચૉગાનમાં પ્રવેશી ખભા-થેલો જોનાર કોઈ હતું નહીં, તેથી કૅમરા અંદર સુધી તો પહોંચ્યો.

દર્શન ચાલુ હતાં. અભિષેક થઈ રહ્યો હતો, ને ધક્કામુક્કી થાય એટલી ભીડ નહોતી. પહેલાં તો નિરાંતથી, સંતોષથી દર્શન

કર્યાં. પછી ચોગાનમાં બીજાં શિલ્પ જોવા થોડું ફરી. એ દરમ્યાન પાછી કોઈ છોકરાના ધ્યાનમાં હું આવી ગઈ. પેલો દસ વર્ષ પહેલાંનો જ છોકરો હતો કે ? શું નહોતો થયો એ મોટો ? શું એને પણ યાદ હતી હું ? પણ મંદિરની 'રક્ષા' કરનારા આવા 'ચોકીદાર' પેઢી દર પેઢી નેપાલની સ્થાનિક પ્રજામાંથી જન્મતા જ રહે છે. ઉપરાંત, હું જુદી પણ તરી આવતી હોઈશ. તે શા કારણે ? નાગરીય લાગતી હોઉં તેથી ? એકલી ફરતી હોઉં તેથી ? કદાચ વધારે તો, મૂર્તિઓને ધ્યાનથી, રસથી નિહાળતી હોઉં તેથી પૂજા ના કરતી હોય તેવી એકલી બાઈ શંકાસ્પદ તેમજ પાપીણી જ હોયને ?

છતાં સ્વાભાવિકપણે હું ફરતી ને જોતી રહી. પાંચસો-ચ્યોરાશી શિવલિંગના વિરચન પાસે આવીને પણ મેં ભક્તિ-ભાવે પ્રણામ કર્યાં, થોડી વાર ઓટલા પર બેઠી. પેલા છોકરાની નજર છુપાઈને પણ મારા તરફ હશે જ, તેની મને જાણ નહીં. જેવો મેં એક ફોટો લેવા કૅમરા કાઢ્યો કે તરત જ એ છોકરો અને બીજો એક માણસ બૂમો પાડતા ધસી આવ્યા. મારા હાથમાંથી કૅમેરા ખેંચી લીધો. એમ કહો કે એને પટક્યો નહીં. પણ કૅમરાને ખોલતાં એને ફાવ્યું નહીં. અરે, મેં જ ખોલી આપ્યો, ને એણે અંદરની ફિલ્મ પર તરાપ મારીને બહાર કાઢી, અને મચડી-મસળી નાખી. એમાં બાઘમતી પરની ચિતા સિવાય કોઈ ફોટા હતા નહીં. પણ એક ફિલ્મ ગઈ, ને કાળજું કાંપી જાય એવા ઘૂરકતા આદમીનો હુમલો ભોગવવો પડ્યો.

હવે ક્યારેક પશુપતિનાથનાં દર્શને જવા પામીશ ત્યારે ફરી ત્યાં ફોટા લેવાના પ્રયત્ન નથી કરવા. પ્રભુની પોતાની જ ઇચ્છા નથી લાગતી.

બાઘમતીના ઘાટ પર મરવામાં, ને બળવામાં મોક્ષ-પ્રાપ્તિ મનાય છે, જેમ બનારસની ગંગા પરના મણિકર્ણિકા ઘાટ પર. નજીકમાં સરકારી સહાયથી ચાલતા ઘણા વૃદ્ધાશ્રમ છે. કેટલાંયે વૃદ્ધ, રોગગ્રસ્ત જન ત્યાં જ મૃત્યુની રાહ જોતાં રહે છે. ઘાટ પર જ ચિતા સળગાવાય છે. બહારના, પરદેશના તેમજ સ્થાનિક લોકો સ્તબ્ધ થઈ, કશાક સંમોહનની અવસ્થામાં એ અગ્નિદાહ જોતાં ઊભાં રહે છે. બીજાં કેટલાંયને માટે આ રોજિંદી બિના છે. બળતી ચિતાના ફોટા તો શું, પણ એની સામે પણ મારાથી ના જોવાય. મેં લીધેલો ફોટો, બીજી મુલાકાત વખતનો હતો જ્યારે લાકડાં હજી ગોઠવાઈ રહ્યાં હતાં.

ઉપરવાસમાં રાજવી સદસ્યો અને મોટા અમલદારોની ચિતા માટેની જગ્યા હતી. ત્યાંના ઘાટ પરથી સ્થાનિક પ્રજાજનો ન્હાવાનું, કપડાં ધોવાનું, અને આચમન કરવાનું કામ કરતાં રહે છે. બાઘમતીનું છીછરું, સ્થગિત પાણી પવિત્ર હોઈ શકે છે, શુદ્ધ નહીં.

નદી પરના નાના પુલની પેલી તરફ અનેક સ્થાનકો છે.



પશુપતિનાથનું મંદિર

કેટલાંક સફેદ ધોળેલાં છે, તો અમુક પથ્થરના મૂળ સ્વરૂપમાં રખાયેલાં છે. મુખ્યત્વે એમાં શિવલિંગ દેખાય, પણ ગણપતિ, વિષ્ણુ વગેરે દેવો પણ હોય. ગોરખનાથ અને કાલીમાતાનાં સ્થાનકો પણ હતાં. ઘણાં લાકડાના દરવાજા પર તાળાં હતાં. ટેકરી પર પગથિયાં ઊંચે સુધી જતાં હતાં, ને આ સ્થાનકો તથા નાના-મોટા કદનાં દેવ-શિલ્પોના વિશાળ સંપુટ જાણે પૂરા જ નહોતા થતા.

આ જ તરફથી મંદિરના ચૉગાનમાંનાં બધાં છત્ર, પૅગોડા અને શિખરો સુંદર રીતે જોઈ શકાય છે. ને એમના ફોટા નિર્વિઘ્ને લઈ શકાય છે. મ્લેચ્છ જાતિનાં સભ્યો મંદિરમાં પ્રવેશી શકતાં નથી, તેથી પરદેશી મુસાફરોએ તો આ ટેકરી પરથી જ મંદિરનો ખયાલ મેળવવાનો રહ્યો. ત્યાં બે સાધુઓ બેઠા હતા. નિરાંત જીવી હતા. મને ફોટા લેવાની છૂટ આપી. સાધુ નારાયણી, અને સાધુ વિક્રમ, જેમણે કહ્યું કે ભરત ભરીને, એ ચીજો વેચીને ગુજરાન ચલાવતા હતા. અર્જુન કેરાકી નામનો શાંત, સભ્ય નેપાળી યુવક પરદેશી પ્રવાસીઓને નેપાલી ચીજ-વસ્તુઓ વેચીને થોડી-ઘણી આવક મેળવતો હતો. એ સ્થાનને અનુરૂપ મનોભાવ હતા એ ત્રણેના.

પાંચસો-ચ્યોરાશી શિવલિંગની પરિક્રમા કરવાથી કહે છે કે પાપ ધોવાય છે, અને ચ્યોરાશી લાખ જન્મોના ફેરાથી બચાય છે. પણ સાથે જ, એ ટેકરી પર કળિદેવનું નાનું મંદિર છે. એ અડધું જમીનની અંદર છે, અડધું બહાર. કહે છે કે કળિદેવ આખા દટાઈ જશે ત્યારે ફરી સત્યયુગ શરૂ થશે. આવી બધી વાતો જેટલી આસ્થાની હોય છે તેટલી જ અજ્ઞાત અંગેના ભય પર પણ આધારિત હોય છે. કહે છે ને કે, 'ભય વિના ભક્તિ નહીં ?' -કે એવું જ કંઈક ! (ક્રમશઃ)

અમે ભાનવગરના

કિશોર રાવળ

બીજા ગામનાં માણસો 'આ તો ભાનવગરનાં' એમ કહીને અમારી ભાવનગરિયાની ઓળખાણ આપે ત્યારે તમે એમ માનતા હો કે જવાબમાં ગુસ્સો કરીને એક વડચકું મળશે તો એ તમારી ધારણા પાયા વગરની છે. અમે સમજી શકીએ છીએ કે બે જ અક્ષર ઊલટસૂલટ કરીને આ રમૂજ કરવાની લાલચ એટલી પ્રબળ અને લોભામણી છે કે મક્કમ મનનાં જ તેનો સામનો કરી શકે. મોટા ભાગના તો લપસી જ જાય ! જવાબમાં અચૂક જ 'હા, મોટાભાઈ, અમે સાવ ભાનવગરના' એમ કહીને એક મીઠું સ્મિત જ મળે.

એ અમારા ભાવનગરની જે જમાનાની વાત કરું છું ત્યારે ગામની સીમાઓ નાની હતી. ઘોઘા દરવાજાથી ખાર દરવાજા સુધીના બે માઈલના પટમાં શહેરની મુખ્ય બજાર અને મોટા ભાગની વસ્તી. એક ફાંટો વોરાબજાર અને નાગર પોળમાં થઈ ખોડિયાર દરવાજે નીકળે અને ત્યાંથી ખોડિયારના મંદિર સુધી જાય. બીજો ફાંટો હૅરિસ રોડથી આંબા ચોક, સંઘેડિયા બજાર અને સ્ટેશન જઈ વિરમે. તેની પેલી બાજુ સ્મશાન અને થોડે આગળ પારસીનો ભસ્તો.

ઘોઘા દરવાજાની એક શાન હતી. એક બાજુ ગંગાજળિયાનું તળાવ અને તેને કાંઠે કોઈ કાબેલ શિલ્પીએ આરસમાં કંડારેલી ગંગાજળિયાની દેરી. તળાવમાં બારે માસ પાણી રહે. સાંજે સૂર્યાસ્તના અવનવા રંગોની પશ્ચાદ્‌ભૂમિકામાં દેરી જુઓ તો ખાલી પરિકથાઓમાં વાંચેલી અને કલ્પેલી સુંદર સૃષ્ટિ જોવા મળે. મનમાં જરૂર ખાતરી થાય કે જગત મિથ્યા નથી.

તળાવની બીજી બાજુએ મોતીબાગનો મહેલ જેમાં મહારાજા કૃષ્ણકુમારસિંહનો દરબાર ભરાય. દેશી ઝાડવાંઓ, આસોપાલવ, આંબા, લાલ પીળી અને સફેદ કરેણ, જાસૂદ અને તેમાં અંગ્રેજોનાં બાગકામનાં પ્રેમ અને દૃષ્ટિનું નિરૂપણ થયું એટલે સોનામાં સુગંધ. વાહ, વાહ, પોકારો. મોતીબાગની ફરતા, કાંગરાવાળા ગઢમાં મોતીબાગ ક્લબ, જેમાં શું થતું તે મોટા ભાગના લોકોને મન એક સમસ્યા હતી.

ત્યાંથી જમણી બાજુ જાવ તો પિલ ગાર્ડન. પિલ ગાર્ડનમાં સાડા ચાર જાનવરનું એક ઝૂ. એક વાઘ, એક બોખો સિંહ અને બે રાજાએ પકડેલા દીપડા. - અને બાકીનું અડધું ક્યું તે ઓળખાય નહિ એવા રૂપમાં. એ ચાર જાનવરોને રોજ ખોરાક જોઈએ ને ? વાઘ, સિંહ જોવામાં રસ પડે તેના કરતાં વાઘ સિંહને નીરવામાં આવતા માંસના ટુકડાને જોઈને પડતો. એક વખત મારાથી બોલાઈ ગયું કે આ તો તરબૂચ જેવું લાગે છે, એટલે મારાં બા છ મહિના તરબૂચ ન ખાઈ શક્યાં. 'મારા રોયાએ તરબૂચ ખાતી બંધ કરી' એમ ઠપકો મળ્યો.

પિલ ગાર્ડનથી આગળ ચાલો તો રાજાનો નીલમબાગ પૅલેસ અને તેના પછી બોર તળાવ. તેમાં બારે માસ પાણી. ફરવા જવા માટે ગામ આખાનું એક પ્રિય સ્થાન. ઝૂલતા પુલ ઉપરથી ચાલતાં એક ટાપુ ઉપરના બૅન્ડ વગરના બૅન્ડ સ્ટૅન્ડે જઈને બેસતાં અને સાથે લઈ ગયેલી ચિનાઈ શિંગ ખાતાં.

બીજું ફરવાનું સ્થાન તખ્તેશ્વર મહાદેવનું મંદિર. મોતીબાગ પૅલેસથી ડાબી બાજુ જાવ તો રસાલો આવે, ત્યાંથી જમણા વાઘાવાડી રોડ ઉપર હાલ્યા જાવ ત્યાં જમણી બાજુ ટેકરી ઉપર ફરફરતા ધજાગરાવાળું મંદિર ગમે ત્યારે આ એક જ જોવા જેવી જગ્યા રહી છે અને તેનું આકર્ષણ આજે પણ એવું ને એવું જળવાયું છે. તળેટીથી રસ્તો ગોળાઈમાં આરસનાં પગથિયાં સુધી પહોંચાડે. બે-ત્રણ ઈંચનાં. છીછરાં ત્રીસ-ચાલીશ પગથિયાંઓ ચડો અને ઉપર ડોકિયું કરો તો આરસનું એક લંબગોળ આંગણ, ફરતી એકાદ ફૂટ ઊંચી દીવાલ કહો તો દીવાલ અને બેસવાની જગા કહો તો તે. એ આંગણની વચ્ચે નાના મંદિરનું શિખર એ જમાનામાં ગગનચુંબી લાગતું હતું. ભાવુક હો કે ન હો, પણ માનવીએ ઊભી કરેલી, પોતાનાં મનની ઉત્કર્ષ ભાવનાને સાક્ષાત્ સ્વરૂપ આપવાની તેની શક્તિ ઉપર તો ફિદા થઈ જવાય. ભાવનગર જાઓ તો ત્યાં ગયા વગર પાછા નો આવતા.

વાઘાવાડી રોડ પર હાલ્યા જાવ તો ગધાડિયું ખેતર અને તેની પાછળ ગોળીબારની ટેકરી. રાજાના સિપાઈઓ રોજ ગોલંદાજીની તાલીમ લે. સીધાં જાવ તો ભવ્ય શામળદાસ કૉલેજ અને વાઘજીભાઈની વાડી.

આ ભાવનગરમાં જઈને મારા દાદા વસેલા. ચાર ચોપડી ભણેલા અને નોકરીની ચટપટી લાગેલી. કોઈનું પાઘડું માગી, લોટામાં કોલસા નાખીને ડગલાને અસ્ત્રી મારી, હતી તેનાં કરતાં વધુ ઉંમર દર્શાવી એક નોકરીના ઈન્ટર્વ્યૂમાં પાસ થયા અને પોસ્ટ ઑફિસમાં કામ મેળવ્યું. ખંત અને નિષ્ઠાથી પ્રગતિ કરી.

એ વખત કોઈ બળવાખોરની ટપાલ હાથવગી કરવા ગોરા સાહેબે તેમના ઉપર ગેરકાયદે દબાણ કર્યું. તેનો અડગ રહીને સામનો કર્યો તે બદલ તે બીજા ગોરાસાહેબે પ્રશંસા કરી અને મોટું બિરુદ અપાવ્યું અને દાદાનું નામ ભાવનગરમાં ઝળહળતું થયું.

ભાવનગરના રાજાને એક બૅન્ક ખોલવાનો વિચાર આવ્યો અને મારા દાદા તેમની નજરમાં આવ્યા. તેમને મૅનેજર બનાવ્યા. દાદાએ પોતાના ગોઠિયાના દીકરા જગજીવનને એસિસ્ટન્ટ

મૅનેજર બનાવ્યો. જગુ એક તો બ્રાહ્મણ અને તરવરાટ ઘણો. દાદાની પૂરી આમન્યા રાખે એટલે સરસ મેળ જામ્યો.

તેમાં ભાવનગરમાં વાત ઊડી. 'ઇન્ગ્લાન્ડમાંથી ઓલી રાણીએ સીધો દિલ્લી ઓલા વાઇસરૉય લિન્લિથગોને તાર કરી ધઘલાવ્યો કે એલા આટલા વખતથી ન્યાં પડ્યો છ અને રૂડું ભાવનગર જોવા નથ ગ્યો.' એટલે વાઇસરૉય એની પલટન લઈને ભાવનગર આવે છે. ધૂમ તૈયારીઓ થવા લાગી.

મોટી બજારનો રસ્તો તો સમજ્યા પણ પીર છલ્લાની ગલી અને ભા દેવાની શેરીના ખાડાખબડા એક રાતમાં પુરાઈ ગયા. સાવરણિયે સાવરણિયે ગામ આખું વળાયું. મોતીબાગ પૅલેસને નવો ડિસ્ટેંપરનો રંગ લાગી ગયો. ગંગાજળિયાની દેરીની બગલમાંથી વર્ષોના જામેલા લીલના પોપડા નાળિયેરનાં કાચલાંથી ઘસીને સાફ કર્યા. તાર ઑફિસ અને પોસ્ટ ઑફિસને પીળી માટીથી અને બૅન્કને ગળિયલ ચૂનાથી ધોળ્યાં.

ભિખારીઓને આદેશ થયો કે મુખ્ય રસ્તાઓ છોડીને બાજુની ગલીમાં જઈને ભીખ માગવી. એટલે ગલીઓમાં ગડદી વધી. સવાર, સાંજ, બપોર, દિવસમાં ત્રણ વાર ફુવારાવાળા બંબા ધોરી મારગ ઉપર નીકળે. ધોતિયાવાળા તો સાથળ સુધી ધોતિયું ચડાવી માટીના છાંટણાંથી બચે. બૈરાંઓ માટે દુકાનવાળાઓ બૂમો મારી સમયસર ચેતવે અને તે બધાં બાજુની ગલીમાં જઈને કે કોઈ દુકાનના પગથિયે ચડીને પોતાને તેમની સાસુમાઓની ભઠમાંથી બચાવે. તે દિ સાસુના રુદ્ર સ્વરૂપની બીક, શિયળ લૂંટાવાની બીકથી પણ વધતી.

આજના મર્કેટિયરો મોંમાં આંગળાં ઘાલી દે તેવું એક કૌતક થયું. પારિસ હેર કટિન્ગ સલૂનમાં,ન્યૂ ફાઈન કોલ્ડ-ડ્રિન્ક ડિપોમાં, બૅન્કુંમાં, સ્ટેશન પર, નવરાબાગની બાજુમાં સિનેમાનાં પાટિયાં પર લૉર્ડ લિન્લિથગો અને મહારાજા કૃષ્ણકુમારસિંહના ફોટાઓ ચોંટી ગયા. સાંભળ્યું છે કે સ્મશાનની દીવાલો પર પાપીઓ પણ ચિતા ઉપરથી ઊઠી પશ્ચાત્તાપ કરવા લાગે તેવાં યમરાજાનાં અને નરકની વાસ્તવિકતાનાં ભયંકર ચિત્રો વચ્ચે પણ કોઈએ વાઇસરૉયની છબી લગાડેલી. ભાવનગરનાં માણસોને હું પૂરાં જાણું એટલે છાતી ઠોકી કહી શકું કે તેમાં લેશમાત્ર કટાક્ષ હોય જ નહિ. ખાલી ભોળપણ અને રાણીના જમણા હાથ જેવો માણસ આંગણે આવે તેને સૌએ માન આપવાનો વિચાર વધુ ઊંડું મંથન કર્યા વગર અમલમાં મૂકેલો.

ઘરેઘરે કાચની ભૂંગળીમાં ઝીણી વરિયાળીની પીપરમેન્ટ ભરી બે છેડે બૂચ મારી અને એક છેડે ગુંદરથી ચોંટાડેલા યુનિયન જૅક વહેંચવામાં આવ્યા. વાઇસરૉયનો વરઘોડો ક્યાંથી અને ક્યારે ઊપડશે અને કયે માર્ગે જશે તેની ચારે બાજુથી જાહેરાત કરવામાં આવી. નહાતી વખતે અને નાહ્યા પછી આંખમાં કોકા કરાવતાં હું ધમપછાડા કરતો ત્યારે મારાં બા કહેતાં કે, 'ઓલો વાઇસરૉય જો ભાળી જશે તો કેશે કે આ કોનો નઠારો છોકરો છે, લઈ જાવ ધોબીઘાટે સાફ કરવા.' અને હું ડાહ્યો-ડમરો થઈ જતો.

ભાવનગરના બધા બૅન્ડવાળાઓને નવાં કપડાં આપવામાં આવ્યાં. પિત્તળિયા પાવા, બ્યુગલો અને ભૂંગળોને બ્રાસો લગાડી ચમકતા કરવામાં આવ્યા. કિટસન લાઇટોમાંનાં ઝળી ગયેલાં રેશમી મેન્ટલો બદલાવવામાં આવ્યાં. કોઈએ પૂછ્યું નોતું કે ધોળે દિવસે કિટસન ક્યાં સળગાવશો ? જોડા માટેના બૂટપાલીશ આપ્યા તે બે પટ્ટીનાં ચંપલો ઉપર ચોપડાઈ ગયા. ભાવનગરના કયા વાજાવાળા પાસે તે દિ બૂટ હતા ? ધોળા દાઢી મૂછ પર મેંદી લગાડવાનો આદેશ આપવામાં આવેલો. જેને મેંદીની ગંધથી બકારી ચડતી તેણે બૂટપાલિશ વાપરી જુવાની હાંસલ કરી. મહારાજાની બે બગીઓ પર ઉકા મિસ્ત્રીનાં, અમરત દરજીનાં અને ફિરોઝ મિકૅનિકનાં નજર અને હાથ ફરી વળ્યાં. નવી ગાદિયું શિવડાઈ અને એને ભળતાં કપડે મઢેલાં બટનો ટંકાઈ ગયાં. નકુચાને પાલિશ થઈ ગયો. રસાલામાંથી છ અરબી કાળા ઘોડાઓ ધમારીને સજ્જ કરવામાં આવ્યા. ગફુર મિયાં અને તખુભાને વાઇસરૉય દીપી ઊઠે એવાં નવાં કપડાં અને વિલાયતથી મગાવેલી, ક્યાં લાકડી પૂરી થાય અને ક્યાં દોરી શરૂ થાય તે ખબર ન પડે તેવી સફેદ ચાબુકો મળી. ગાડીની પાછળ ઊભા રહેવાવાળા પસાયતા પોતાનો નવો ગણવેશ પહેરીને કુટુંબીજનો અને મિત્રો આગળ પ્રદર્શન કરતા. કમ્મરની બરછી કાઢી કહે કે, 'કોઈની દેન નથી કે વાઇસરૉયને હાથ લગાડે. એક ઝટકે અંજામ લાવી દઉં. એનાં સગાં રોતાં રે ને કટકા કરી પિલ ગાર્ડનના દીપડાને જમાડી દઉં.'

મંદિરોની ધજાઓ ધોવાણી - અને જે વર્ષોના સૂર્યસ્નાન કરીને ઝળી ગઈ હતી તેને રાતોરાત જે મળે તે રંગના કપડામાંથી નવી શિવડાવીને બદલાવી દીધી. પોલીસની બંધુકુંને પાલીશ થઈ ગયા અને પોલીસલાઈનમાં દિવાળીની યાદ આપે એવા ધડાકાભડાકા ચાલુ થયા.

ભાવનગર સ્ટેટ રેલવે (બી.એસ.આર.)ને લોકો બ્રાહ્મણોની ગેરહાજરીમાં બામણ સંકટનિવારણ રેલવે કહેતાં. જેને ડાબે ખંભે જનોઈ હોય તેને ત્યાંની નોકરીમાંથી કોઈ દી જાકારો નથી મળ્યો. મહારાજાને ગૌ-બ્રાહ્મણ-પ્રતિપાળ અમથા નહીં કીધા હોય !

રેલવેનાં ઍંજિનોનો ચકચકાટ વધી ગયો, મોટા ઉપરીએ પોતે આવીને રંગની પોપડી ઊખડી ગયેલા, જુવાની વટાવી ગયેલા ડબ્બાઓને નોખા કરી થોડા દિ ગઢેચીના યાર્ડમાં

દેશનિકાલ કર્યા. ઍંજિનને વાઈસરૉયના આવવાના આગલા દિવસે ફૂલતોરણથી નવાજી અને બધી ટ્રેનું નવોઢા જેવી કરી મૂકી. ગાર્ડમાસ્તરે તેના ટોપા ઉપર ચાકપાણી લગાડી અંધારામાં અછતી નો રહે તેવી કરી દીધી.

રાજના બધા અમીર, ઉમરાવ, ઑફિસરો, ગામના નગરશેઠ, તેલના ઘાણાના માલિક આબિદભાઈ, લોખંડ બજારના બેતાજ બાદશાહ સી. ચંપકલાલ (સી. ચિરણજીવીનો કે ચોરનો એની ચર્ચા અવારનવાર ચૌટેચૌટે થઈ પણ કોઈ એક-મત નહોતું), 'આધુનિક આઈસ ફૅક્ટરી'ના માલિક પેસ્તનજી પસ્તાકિયા વગેરે વગેરેને મોતીબાગ પૅલેસમાં વાઈસરૉયના રિસેપ્શન માટે આમંત્રણ આપ્યું કે નવને ડંકે મોતીબાગ મહેલમાં આવી જવું. 'એક મિનિટ મોડું થાય તો સામુકું માંડી જ વાળજો-પછી જોયું જશે. વાઈસરૉય તમારી વાટ ન જોવે' એમ મોઢેથી સમયની અગત્ય ગળે ઉતારવામાં આવી.

દાદા અને જગુભાઈને પણ એ કંકોત્રી મળી હતી. સામાન્ય રીતે દાદા કામે જાય ત્યારે એક ધોતિયું, ઉપર એક પૂરી બાંયનું, લિવરપુલના શર્ટિંગમાંથી જેરામ દરજી પાસે શિવડાવેલું પહેરણ, ઉપર એક છપ્પન ઈંચનો બંધ ગળાનો ડગલો, માથે મલમલનો ફેંટો. પગમાં પરમાણું આપીને મેપા મોચી પાસે બનાવેલા, ખબ દઈને પહેરાય અને ખબ દઈને કઢાય તેવા જોડા. પહેરણના ખિસ્સામાં એક ભગવા રંગની પાર્કર પેન, ડગલાના અંદરના ખિસ્સામાં સાંકળીથી બાંધેલું ૨૭ હીરાવાળું સ્વિસ ઘડિયાળ. તે દિ સ્વિસ સિવાય ઘડિયાળ જ કોણ બનાવતું કે સ્વિસ છે તેમ કહેવાની જરૂર પડે ? ગળે રુદ્રાક્ષની માળા. બધાં કપડાં સફેદ. રોજ ધોવાઈને દોરી ઉપર સુકવાય. ત્યાંથી સીધાં પહેરી લેવાનાં. જગુભાઈએ માંડ ગળે ઉતાર્યું કે આ પ્રસંગે ઈસ્ત્રીવાળાં કપડાં જરૂરી છે. હા પડી એટલે જગુભાઈએ ચક્રો ચાલુ કર્યાં. કપડાંને ગળી નાખી ધોવરાવ્યાં. ધોતિયું અને સાફાને ભાતના ઓસામણમાં ઝબોળી આર ચડાવરાવી. ધોબી અને તેની સાથે ઈસ્ત્રીનો પ્રબંધ થઈ ગયો. આગલી ઓશરીમાં જાડી જાજમ પાથરી. ઈસ્ત્રીમાં સળગતા કોલસા ભર્યા, એક તપેલીમાં પાણી ભરી ઈસ્ત્રી ચાલુ કરી. ભીખાને માથે બેસાડ્યો કે 'જોજે માળો કાંઈ બાળી નો નાખે. ધોબાંનું ભલું પૂછવું.' નિર્વિઘ્ને એ તો પત્યું. મોજાં પહેરવામાં દાદાએ મચક ન આપી. 'એક તો મોજાં ચામડાંનાં જોડાને અડે એટલે ઘરમાં નો ઘલાય, બીજું ગામની ધૂળ અને ગંદવાડ એના ઉપર ઊડે, એને બીજી વાર હાથ કેમ અડાડાય ? આ કાઢીને જોડાં બાજુએ મૂક્યાં અને પગ કળશો પાણી રેડી ધોઈ નાખ્યા એટલે ભયો ! ભયો. પગ ધોવા સેલા, મોજાંમાં કૂથો.'

ગઈ સાલ દાદાનો હજામ જશલો ગુજરી ગયો અને તેની વહુ લખુ રાત દાદા પાસે પોસ પોસ આંસુએ રડી કે જો દાદા બીજો હજામ ગોતે તો પોતે અને બે બાળકો રખડી પડશે એટલે મેં'રબાની કરીને એવું નો કરતા. 'પણ તો તારાં છોકરાં મારું વતું કરશે ?'

'ના બાપુજી, એ તો બચાડાં નાનાં છે. એને અસ્ત્રો આપો તો કોઈનાં ગળાં કપાય. હું જ હજામત કરી આપીશ. રોજ જશલાને હું દાઢી કરતી એટલે મને આવડે છે....' રકઝક કરી દાદાએ દયાદૃષ્ટિ કરી અને લખુને એ નિત્યકર્મ સોંપ્યું. આજ સુધી કંઈ ફરિયાદ કરવા જેવું નહોતું લાગ્યું.

સવારમાં આદેશ પ્રમાણે લખુ વહેલી આવી ગઈ. લાજ કાઢી, સામે સાડલો સંકોરી ઉભડક બેઠી અને દાદાની આંખો ન દેખાય એટલો છેડો ઊંચો કરી, જેમ એકલવ્યે ખાલી પક્ષીની આંખ ઉપર મીટ માંડી હતી તેમ દાઢી ઉપર કેંદ્રિત થઈ. પાણી લગાડ્યું અને સાબુનો કુચડો લગાડી ફીણ ફીણ કરી અસ્ત્રો ઉપાડ્યો. અસ્ત્રાની હારેહાર એની જીભ પણ ઊપડી, 'તે બાપુજી, આ વાઈસરૉય તેની બાયડીને પણ હારે લાવે છે ? એને છોકરાંછૈયાં તો હશે ને ? એને રેઢાં મૂકીને ઈ શું આંઈ આવતી હશે.... એને કે જો કે કરશણશિંગ અમને સારી રીતે રાખે છે અને સૌ પરજા બધી વાતે સુખી છે. કાંઈ ચંત્યા કરવી નૈ... સબાકામાં હજામત પૂરી થઈ અને દાઢી ઉપર ફટકડીનો ગાંગડો ઘસી ઊભી થઈ, 'લ્યો મોઢું જુઓ.' સામે બટકી ગયેલી ધારવાળી આરસી ધરી અને લખુ રાતે દુકાન વધાવી. દાદાએ ચમચમતી દાઢી ઉપર હાથ ફેરવી ચકાસી અને ગજવામાં તૈયાર રાખેલી બે આની લખુને આપી.

રોજ તો કાયમની ઠેરવેલી ઘોડાગાડી દાદાને લેવા આવે. પણ આજે મહારાજાએ વિક્ટોરિયા મોકલી આપી. વાઈસરૉય જોઈ જાય કે મોટા ઑફિસરો ઘોડાગાડીમાં આવે છે તો રાજાને નીચાજોણું થાય ને ?

ટાપટીપ કરીને દાદા તૈયાર થયા. વિક્ટોરિયા હાજર હતી. બેઠા અને રસ્તામાંથી જગુભાઈને ઉપાડ્યા. એમણે તો કેટલા દિ'થી લઈ રાખેલાં મોજાં હિમ્મત કરી આજે પહેર્યાં હતાં. ડગલા પાછળથી પહેરણની બાંય દેખાતી હતી અને એને કાંડે સોનાની કફ-લિંગ દેખાણી. દાદા તેમને નખ-શિખ નિહાળી રહ્યા. જગુભાઈ બેઠા એટલે પહેલો પ્રશ્ન કર્યો : 'જગુભાઈ, તેં આજે પાઠપૂજા કર્યા હતા કે રહી ગયું ?'

'અરે બાપુજી, આજે જરા વધુ સમય તેને માટે ગળાય તેથી હું ચાર વાગે ઊઠી ગયેલો. એટલે આજે મંત્રોચ્ચાર પૂરો કરી શક્યો.'

'એટલે રોજ પૂરો નથી કરતા એમ ?' દાદાએ પકડ્યા.

'એમ તો નહિ...' જગુભાઈએ લોચા વાળ્યા. દાદાને થયું કે જવા દો બાપડાને. સંઘ દુવારકે પહોંચ્યો. નિશ્ચિત જગાઓ પર

બધા ગોઠવાવા લાગ્યા હતા. બામણિયા ચાયની વ્યવસ્થા શિવશંકર મહારાજની ઉપર હતી. તેમને ખબર કે દાદા કાફી જ પીએ છે એટલે પેશીયલ કાફી બનાવીને લાવ્યા, જગુભાઈ માટે ચા. આમ તો બહારનું કોઈ દિ કંઈ દાદા પીએ નહિ પણ આ તો બ્રાહ્મણના હાથની કાફી એટલે સતેજ રહેવા ખાતર પી ગયા.

વાજા, બૅન્ડના અવાજો દૂરથી સંભળાયા અને વરઘોડો પાસે આવતો લાગ્યો. મને સુરવાળ, કફની ને ઉપર આભલે ભરેલી બંડી પહેરાવી. પફ-પાવડર અને કોકા કરી, ગાલે મશનું એક ટીલું (કોઈની નજર નો લાગે ને ?), બે હાથમાં પહોંચી અને પગમાં લાલ મોજડિયો. હાથમાં પીપરમિન્ટવાળો ધજાગરો પકડાવી મારાં બા અને બાપાજી બીજા દોસ્તો સાથે તળાવે લઈ ગયાં. પેલા ભૂંગળીવાળા વાવટામાંથી કોઈ પીપરમિન્ટ ખાવા નોતું દેતું તેનો મનમાં રોષ હતો. થોડો કજીઓ હતો. વરઘોડામાં આગળ ઘોડા, પછી ઝૂલતો હાથી, પોલીસની કતારું, પછી વાજાવાળાઓ 'મારાં ભાભી કેવાં સોહામણાં' વગાડતા વગાડતા આવ્યા, નવા પડેલા નાટક 'બિંબીસાર'નું લોકપ્રિય ગીત હતું અને ભાવનગરની પ્રજાને ગાંડી કરી મૂકી હતી. અજાણ્યો આંગણે આવે ને તેની વહુને ભાભી કહીએ તો તેને કેવું મીઠું લાગે ? આનાથી સારું ક્યું ગીત આજ માટે મળે ?

એટલું જોયું અને મારી આંખો ઘેરાણી. વાઈસરૉયને જોયાનું યાદ નથી. મારાં બાએ મને પાછળથી કહ્યું, 'વાઈસરૉયની ગાડી આવી એટલે એની નજર તારા ઉપર પડી. ગાડી ઊભી રખાવીને એ પાસે આવ્યો. કહે કે આ ભૂરિયું છોકરું કોનું છે ? મેં કહ્યું કે મારું. તો એ કહે કે મને બહુ ગમે છે આપી દે. તો મેં તો કુંજામાંથી પાણી કાઢી ફરતી એક હનમાનની આણ કરી દીધું કે જો આમાં પગ મૂક્યો તો હનમાન તને પોંચે. એ તો એવો બી ગ્યો કે દોડીને ગાડીમાં એની મઢમ પાછળ બેસી ગ્યો.' હું બચી ગયાના આનંદના નશામાં તેમના ખોળામાં લપાઈને સૂઈ ગયો.

હવે આપણે મોતીબાગમાં શું થયું તે જોઈએ. પોલીસનું બૅન્ડ અંદર આવી એક ખૂણામાં ગોઠવાઈ ગયું. બાકીના વાજાંવાળા માટે પાછળ ચાપાણી અને જલેબી-ગાંઠિયાનો બંદોબસ્ત હતો એટલે હડેડાટ ત્યાં ઊપડી ગયા. વાઈસરૉય, અને તેનો એક હાથ પકડી તેની મઢમ, ધીમેધીમે પગથિયાં ચડી હૉલમાં દાખલ થયાં. તેની પાછળ રાજકોટથી એજન્સીનો એક ગોરો એની બાયડી હારે આવ્યો, રાજા તેના મોભામાં સિંહાસને બેઠા રહ્યા. દીવાનસાહેબે સામા જઈને વાઈસરૉયને આવકાર આપ્યો અને રાજા પાસે લઈ ગયા. રાજાએ ઊભા થઈને શેકેન કરી. પછી પટ્ટણી સાહેબ હૉલ ફરતા વાઈસરૉય અને તેની મઢમને લઈ ગયા અને એક પછી એક બધા માણસોની સાથે પરિચય કરાવ્યો. પેલા પેસ્તનજીનો વારો આવ્યો એટલે એમણે વાઈસરૉય સાથે શેકેન કરી અને પછી પેલી મઢમ સામે હાથ ધર્યો. પેલી બેશરમ મઢમે પણ જરાય અચકાટ વગર પેસ્તનજીનો હાથ પકડી શેકેન કરી. જગુભાઈએ સાંભળ્યું હતું પણ આ તો પ્રત્યક્ષ જોયું કે અજાણ્યાં સ્ત્રીપુરુષ એકબીજાંનો હાથ પકડી શેકેન કરે.

પેસ્તનજી પછી આબિદભાઈએ અને બીજા એકબે જણાએ મઢમ સાથે હસ્તધૂનન કર્યું. ત્યાં દાદાનો વારો આવ્યો. દાદાએ વાઈસરૉયની સાથે હાથ મિલાવ્યા અને તેની વહુ સામે બે હાથ જોડી નમન કર્યું. એણે, મારી વાલીએ, પણ સામે નમસ્તે કર્યાં. ક્યાંથી શીખી હશે તે રામ જાણે.

જગુભાઈનો વારો આવ્યો. બહુ ઉત્સાહથી તેણે વાઈસરૉય સાથે હાથ મેળવ્યા અને પછી હાથ લાંબો કરી તેની મઢમને ધર્યો. એક સ્મિત આપી એણે પણ હાથ લંબાવી શેકેન કરી અને ધીમેથી બોલી 'પ્લીઝ્ડ.'

દાદા કતરાતી આંખે તાલ જોઈ રહ્યા અને અંદરથી ધૂંઆફૂંઆ થઈ ગયા. મનનો ઉભરાયેલો ગુસ્સો માંડ દાબી રાખ્યો. પ્રસંગ પૂરો થયો અને માણસો વિખરાયા એટલે 'મારે ગામમાં જવું છે. તું તારે ગાડીમાં ઘરે પહોંચી જા. હું મારી મેળે આવી જઈશ. અને જગુભાઈ, સાંજે તું જરા આવીને મળી જજે.' તેમ કહી દાદા જગુભાઈથી છુટ્ટા પડ્યા.

સાંજે સાડા ચારે દાદાનો રોજનો કાર્યક્રમ કે ઘરમાં કૉફી પી, ટાઈમ્સ ઑવ ઈંડિયા લઈ બહાર બાવરની બાજુમાં, પીપળા નીચેના બાંકડે જઈને બેસે. અંગ્રેજી ભાષાની આંટીઘૂંટીઓ સમજવા પ્રયત્ન કરે. તેમાંથી અંગ્રેજી સરકારની કાબેલિયત પર અચંબો પામતાં. આ માળા સાળા જાતે પણ કેટલા આગળ વધ્યા છે ? એમના અનુભવમાં જે જે ખ્રિસ્તીઓ આવેલા તે બધા હિંદુ ધરમ તજીને વટલાયેલા મળ્યા હતા, અને બધા અંગ્રેજો ખ્રિસ્તી. તેમાંથી તેમને ચોખ્ખું ફલિત થયું કે બધા અંગ્રેજો મૂળમાં હરિજન

જગુભાઈ આવી ગયા અને બાજુમાં બેઠા. બેઠા એટલી વાર. દાદાએ આખી બપોર શું કહેવું અને કેવી રીતે તેના શબ્દો ગોઠવવામાં ગાળી હતી.

'જગુ, ચોરાશી લાખ જન્મે માંડ માનવીની યોનિમાં જનમ મળે છે. તો તેમાંથી બ્રાહ્મણ કુટુંબમાં જનમ બહુ જ ભાગ્યશાળીને મળે. આવેલી આ એક તક કોઈ ઓળવી નાખે તેને શું કહેવું ? તને જરાય શરમ નો આવી કે તારો બાપ જાણશે તો કેટલો કચવાટ થશે ? કુટુંબનાં પુણ્યો બધાં એક નબિરાએ પળમાં વેચીસાટી ખાધાં ? આપણી આખી જ્ઞાતિને મોઢે મશ ઢળી ગઈ !' ભવાં ઉપર ચડી ગયાં, રોષ પૂરો પ્રજ્વલિત દેખાતો હતો. જગુને ખબર ન પડી કે તેનાથી એવો તે શું કાળો કામો

થઈ ગયો હતો. 'પણ, બાપુજી, મને ખબર નથી પડતી કે મારાથી શું ભૂલ થઈ ગઈ.'

'કિકલો છો તે ખબર ન પડે ? બે છોકરાનો બાપ થ્યો અને ખબર નો પડે કે શું કર્યું, એ છોકરાંને શું ઉછેર આપવાનો ? ખબર નથી પડતી, મોટો બોલ્યો.'

'બીજાની બાયડીને હાથ લગાડે તે બ્રાહ્મણના સંસ્કાર કહેવાય ?'

હવે જગુભાઈને સમજાણું. 'પણ બાપુજી, આ તો એ લોકોની રસમ છે. એમના સમાજમાં હાથ મેળવવાનું અજુગતું નથી !'

'એ તો હરિજનો છે. ખ્રિસ્તી થઈ જા પછી વાંધો નહિ. ડંકો વગાડીશ કે ઈતિહાસમાં આ પહેલો બામણ ખ્રિસ્તી થઈ ગ્યો. બહુ રૂપાળો લાગીશ..જગુ મટીને જૅકશન થાઈશ ? વરવો લાગીશ કોટપાટલૂનમાં, વરવો ! હં...'

'પણ બાપુજી, પેલો પેસ્તનજી.'

'ઈ પસ્તાકિયો ઔદિચ્ય બ્રાહ્મણ છે ? એ કૂવે પડે તો તું પડીશ ?' પછી એક નવો વિચાર આવ્યો. 'આ નાતમાંથી કાઢી મૂકશે તો તારા છોકરાને કોઈ કન્યા નહિ આપે ઈ ખબર છે ?'

જગુભાઈ સમજી ગયા કે મામલો બગડ્યો અને વધુ બિચકે તે પહેલાં જરા મોડવી લેવો રહ્યો. ઊભા થયા અને બાપુજીના પગ પકડી લીધા, 'બાપુજી, ભૂલ થઈ ગઈ. હું આ સાહેબોથી અંજાઈને મારગ ભૂલ્યો. મારા મનમાં કંઈ કાળું હતું જ નહિ. હવે તમે કહો તે કરું. મને માફ કરો. તમે મને રસ્તો ન દેખાડો તો હું જઉં ક્યાં ?' 'બાપુજી, બાપુજી'. ધ્રુસ્કે ને ધ્રુસ્કે પોક મૂકી.

'આમ બાયડીની જેમ રડવા કેમ માંડ્યો. છાનો રે.' ધોતિયાને છેડે જગુએ આંખો લૂછી. દાદાએ બૂમ મારી ભીખાને બોલાવ્યો અને પાણીનો પ્યાલો મગાવ્યો. જગુભાઈ સ્વસ્થ થયા, દાદાનો ગુસ્સો જરા ઓસર્યો.

'જગુ, મને ખબર છે કે દિલનો તું ચોખ્ખો છો. પ્રાયશ્ચિત્ત કરી નાખ. અને ન્યાતને જમાડી દે એટલે સૌ સારાં વાનાં થઈ જશે. અને જો, બહુ ડાયો થઈને શેનું પ્રાયશ્ચિત્ત છે તેનો ઢંઢેરો નો કરતો. આજનાં સૂતેલાં ભૂતો ક્યારે માથાં કાઢે તે કેવાય નહિ. શંભુરામ ગોરને કહેવું કે જરા મનશુદ્ધિની જરૂર છે એટલે કરું' છું. ન્યાતમાં કહેવું કે તેં પગારવધારા માટે બાધા રાખી તે ફળી એટલે યજ્ઞ કરાવ્યો અને સૌને જમાડ્યા એટલે બધું બરોબર થઈ જશે.'

જગુ આ તક છોડે ? 'બાપુજી, બીજાં તો ઠીક પણ આ મંછી તો કહેતી ફરે કે નાત જમાડી પણ મેં કાંઈ કોઈ પગાર-વધારો જોયો નથી તો તકલીફ થાય...'

દાદા ખડખડ હસી પડ્યા, 'મારો બાપ નીકળ્યો હોં. જો પાણી મૂક કે કોઈ દિ કોઈ મઢમડીનો હાથ નહિ પકડું.'

ટુચકા

હાથીના દાંત

ભાનુપ્રસાદ પંડ્યા

'ભાઈ, દુનિયા બહુ બદલાઈ ગઈ છે, માણસને મફતના મેવા આરોગવાની આદત પડી ગઈ છે. વગર પૈસે તાગડધિન્ના કરવા છે. ચોગડેપાંચડે (મફત) મળતું હોય તો માણસ એક પાઈનો ઘસારો ખમવા તૈયાર નથી !' જમનાશંકર દાદા સાંજના બહારના ઓટલે બેઠાબેઠા વૃદ્ધોના ટોળા વચ્ચે તડાકા મારતા હતા. સાથે બેઠેલા સહુ ઘરડા પણ જમનાશંકરની વાતોમાં ટાપશી પુરાવતા હતા, 'બાપા, સાવ સાચી વાત છે, નિયત પલટી ગઈ છે !' એટલામાં દાદાનો પૌત્ર કિરીટ નોકરીએથી ઘેર આવ્યો. તે જકાતનાકા ઉપર કારકુન હતો. 'કેમ, આવી ગયો, બેટા !' દાદાજીએ પૌત્રને આવકાર્યો. થોડી વારે ઘરમાંથી કિરીટનો સાદ સંભળાયો 'દાદાજી, અંદર આવો તો !' જમનાશંકર અંદર ગયા. 'જુઓ દાદા, તમારે સુખડનો ટુકડો જોઈતો હતો ને ? લ્યો આ લેતો આવ્યો !' કિરીટ ઉત્સાહથી બોલ્યો. ખુશ થતાં થતાં દાદા બોલ્યા : 'વાહ, ભૈ, કેટલામાં આવ્યો ?' કિરીટ હસ્યો : 'દાદાજી, અમારે કાંઈ આપવાનું ન હોય. એક વેપારી પાસેથી પડાવી લીધો !' દાદા વધા, 'શાબાશ બેટા !' અને ફરીથી દાદા બહાર જઈને વાતે વળગ્યા.

પાણી હાજર હતું. જગુએ પાણી હાથમાં લઈ શપથ લીધા.

'કાલે બૅન્કમાં પગારવધારાના કાગળની યાદ દેજે. ભૂલતો નહિ.'

જગુ એ ભૂલે ? 'વાઈસરૉયના રિસેપ્શનમાં ભાવનગર ગામની સારી છાપ પાડવા માટે જગજીવન ત્રિવેદીને મહિને પાંચ રૂપિયાનો પગાર વધારો કરવામાં આવે છે.' એવો તુમાર લખાણો.

ગોર મહારાજનું તરભાણું, બ્રાહ્મણો લાડુ જમ્યા, મંછા ગામમાં પહોળી પહોળી થતી ફરતી કહે, 'એમણે એવો તો છાક વાઈસરૉય અને એની મઢમ ઉપર બેસાડ્યો કે બાપુજી મોઢામાં આંગળાં નાખી ગ્યા કે કોક દિ આ મારી ગાદી લેશે.'

દાદા પોતાના લાડકા આસિસ્ટન્ટ ઉપર પૂર્વવત્ ગર્વિષ્ઠ થયા.

'અને ઓલા વાઈસરૉયે,' ભાવનગરમાં વાત ઊપડી કે, 'રાણીને રિપોર્ટ મોકલાવ્યો કે આંઈ ફાંફળ છે. દોમદોમ સાયબીથી રે છે અને વાંદરાએ કીધું કે જકાત વધારિયે તો વાંધો નહિ. તો મારે બેટે, બંદર ઉપર નાકાબંધી કરી અને દીવાન સાહેબ બેઠા બેઠા રોવે છે - ક્યાં આ બલાને આટલાં માનપાન આપ્યાં !' ❐

પ્રબુદ્ધતાનાં વિચારતત્ત્વો - ૧૨

યોગેન્દ્ર માંકડ

અમેરિકા અને પ્રબુદ્ધતા : ઈશ્વર અને સ્વતંત્રતા

જ્ઞાનપ્રકાશ યુગ એ સ્વતંત્રતાના વિજ્ઞાનનો યુગ હતો. ૧૭૭૦ અને ૧૭૮૦ની શરૂઆતનાં વર્ષોમાં ઉત્તર અમેરિકાનાં બ્રિટિશ સંસ્થાનોમાં સંખ્યાબંધ બનાવો બન્યા જેને કારણે 'ફિલૉસોફિસ'માં એવો આશાવાદ ઊભો થયો કે તેમણે જોયેલાં સપનાં ત્યાં સાકાર થશે (રસપ્રદ વાત એ છે કે ફ્રેંચ પ્રબુદ્ધ વિચારો અમેરિકન ક્રાંતિ (૧૭૭૯) પાછળનું મુખ્ય પ્રેરકબળ હતું જ્યારે ખુદ ફ્રાંસમાં ત્યાર પછી દસ વર્ષે એટલેકે ૧૭૮૯માં ક્રાંતિ થઈ.) બ્રિટિશ સંસ્થાનોમાં પ્રબુદ્ધતા તેની ચરમસીમાએ હતી. તેના મુખ્ય વિચારો વિશેના વિમર્શોનો લગભગ અંત આવી ચૂક્યો હતો અને વિવાદો ક્રમશઃ શમી રહ્યા હતા. બીજી બાજુ 'મહાન પ્રબુદ્ધ કુટુંબ'ના મુખ્ય અદાકારો જીવનરૂપી તખ્તા પરથી એક પછી એક વિદાય લઈ રહ્યા હતા. હ્યુમ ૧૭૭૬માં મૃત્યુ પામ્યો, રુસો અને વૉલ્તેર ૧૭૭૮માં મૃત્યુ પામ્યા, તુર્ગો અને લેસિંગના જીવનનો ૧૭૮૧માં અંત આવ્યો અને દાલેમ્બર્ત અને દિદેરોએ અનુક્રમે ૧૭૮૩ અને ૧૭૮૪માં ચિરવિદાય લીધી. પરંતુ અમેરિકન ક્રાંતિએ 'ફિલૉસોફિસ'ના જીવનની આથમતી સંધ્યાએ નવાં પરિવર્તનનાં અજવાળાં પાથર્યાં. અલબત્ત કેટલાક બ્રિટિશ પ્રબુદ્ધોનો આનંદ સામ્રાજ્યવાદ અને સંસ્થાનોની મુક્તિ વચ્ચે વહેંચાયેલો હતો. પરંતુ સમુદ્રપાર સંસ્થાનોમાં ઘટી રહેલી ઘટનાઓને અન્ય પ્રબુદ્ધ ચિંતકોએ સહર્ષ વધાવી. સંસ્થાનોની મુક્તિએ એ સિદ્ધ કરી બતાવ્યું કે ગણતંત્ર માત્ર રંગદર્શી કલ્પના જ નહોતી પણ એક જીવંત, ધબકતી અને સંવેદનશીલ રાજકીય પ્રથા બનવાની તેનામાં ક્ષમતા પણ હતી એટલું જ નહિ, તેણે એમ પણ પુરવાર કરી બતાવ્યું કે મનુષ્યોમાં સ્વશાસન અને સ્વસુધારની ક્ષમતા પડેલી છે. પ્રગતિ માત્ર કલ્પના નહોતી, તે વાસ્તવિકતા પણ હતી. રિઝન અને માનવતા કેવળ સમાલોચક સિદ્ધાંતો જ નહોતા, તે શાસકીય સિદ્ધાંતો પણ બની શકે તેમ હતા.

'ફિલૉસોફિસ'ને શરૂઆતથી જ બ્રિટિશ સંસ્થાનોમાં ખૂબ જ રસ હતો. તેમની સરળતા, સભ્યતા અને સુઘડતા આ બધાંએ તેમને એક પ્રકારનું આકર્ષણ જમાવ્યું હતું. આથી જ બેન્જામિન ફ્રેંકલિન સંસ્થાનીય મુક્તિનો ઉદ્દગાતા પુરવાર થયો. યુરોપીય સલોનોમાં અને ખાસ કરીને ફ્રાંસમાં તેના અનેક ચાહકો અને સમર્થકો હતા, કારણ કે કુદરતી ગુણો અને સુઘડ રીતભાતનો તેનામાં અદ્દભુત સમન્વય હતો. અલબત્ત, યુરોપીય 'ફિલૉસોફિસ'માં કેટલાક એવા પણ હતા કે જે એમ માનતા હતા કે સભ્યતા કે સંસ્કૃતિને પાંગરવા માટે પોષક એવી આબોહવા અમેરિકામાં નહોતી; પરંતુ ફ્રેંકલિનને મળ્યા પછી તેમને પોતાનો અભિપ્રાય બદલવાની ફરજ પડી. ઉદાહરણ તરીકે રેનલ (**Raynal abbe Guillaume - Thomas** - જન્મ લા પનાઉઝ, ૧૨ એપ્રિલ ૧૭૧૩; મૃત્યુ: પૅરિસ, ૬ મે, ૧૭૯૬ - ફ્રેંચ લેખક અને ચિંતક. ૧૭૪૩માં તેણે દીક્ષા લીધી અને ૧૭૪૬માં તે પૅરિસમાં સ્થાયી થયો અને કલમને ખોળે માથું મૂકી શેષ જીવન વિતાવ્યું. યુરોપની અનેક વિદ્યાસભાઓનો તે સભ્ય હતો. ૧૭૭૦માં તેણે **Historie Philosophique et Politique des establissements et du commerce des Europeens dans la deux Indes** લખ્યું. આ લખાણને પ્રબુદ્ધતાનો સૂત્રધાર માનવામાં આવે છે. આ લખાણે તેને સમગ્ર યુરોપમાં ખ્યાતિ અપાવી.) નામનો 'નવા વિશ્વ'નો નિષ્ણાત શરૂઆતમાં અમેરિકાનો મોટો ટીકાકાર હતો પરંતુ ફ્રેંકલિનને મળ્યા પછી પોતાનો અભિપ્રાય બદલનારો કદાચ તે પહેલો પ્રબુદ્ધ હતો. તેના પોતાના શબ્દોમાં અમેરિકા નવા હોમર ગ્રીક મહાકવિ કે ઍનાક્રિઆન (બીજો મહાન ગ્રીક કવિ - ઈ.પૂ. ૫૭૦ ?-૪૮૫? એશિયા માઈનરના ટિઓસમાં તેનો જન્મ. આબડેરા - ગ્રીક ફિલસૂફો ડેમોક્રિટસ અને પ્રોટાગોરસની જન્મભૂમિ-ની સ્થાપનામાં તેણે ભાગ લીધો અને પાછળથી સૅમોસના પૉલિક્રેટ્સ નામના સરમુખત્યારના દરબારમાં દરબારી બન્યો. ઍનાક્રિઓન તેની પ્રેમ અને વાઈનની વ્યંગાત્મક કવિતા માટે જાણીતો હતો. આ પ્રકારની કવિતાઓને તેના નામ પરથી ઍનાક્રિઓન્ટિક કવિતા કહેવામાં આવે છે. આજે તેના થોડા જ અંશો સચવાયા છે. સુઘડતા, સરળતા અને ઋજુતા તેની કવિતાનાં પ્રધાન લક્ષણો માનવામાં આવે છે) પેદા કરી શકે એટલું જ નહિ, પરંતુ તેના પોતાના શબ્દોમાં 'ન્યૂ ઈંગ્લંડમાં કદાચ નવો ન્યૂટન પણ જન્મે.' જ્ઞાનપ્રકાશ યુગમાં આથી સારી મુબારકબાદી શી હોઈ શકે ?

યુરોપીય પ્રબુદ્ધો બ્રિટિશ અમેરિકાને પરોક્ષ રીતે પોતાના વિચારસાથીઓની ભૂમિ માનતા હતા. માન્યતાને વાચા આપનાર સૌપ્રથમ પ્રબુદ્ધ ચિંતક ડૅવિડ હ્યુમ હતો. બેન્જામિન ફ્રેંકલિનના સ્વદેશગમન પ્રસંગે તેણે લખ્યું : 'તમે યુરોપ છોડી પાછા ફરી રહ્યા છો એ વાતનો મને ખૂબ જ અફસોસ છે. અમેરિકાએ અમને ઘણી કિંમતી વસ્તુઓ - સોનું, ચાંદી, ખાંડ, તમાકુ, ગળી વગેરે મોકલી છે. પરંતુ તમે અમારે માટે નવા વિશ્વમાંથી આવતા પ્રથમ દાર્શનિક છો, બલકે ઊંચી પ્રતિભા ધરાવતા વિદ્વાન છો. આથી અમે અમેરિકા તરફ ખૂબ જ સન્માનની લાગણીથી જોઈએ છીએ.' પાછલાં વર્ષોમાં જ્યારે

અમેરિકન સંસ્થાનોનો પ્રશ્ન વધુ ગંભીર બન્યો ત્યારે હ્યુમે તેનું તાર્કિક પરિણામ સ્વીકાર્યું : 'ફિલૉસોફિસ'ની ભૂમિ સ્વતંત્ર સિવાય બીજું કશું ન હોઈ શકે. યુરોપીઅન પ્રબુદ્ધ ચિંતકોને સંસ્થાનોની અંતિમ મુક્તિ માટે કોઈ શંકા નહોતી. તુર્ગોએ લખ્યું, 'અમેરિકાની સમૃદ્ધિથી આશ્ચર્ય થતું નથી. અમેરિકનો માનવજાતની આશા અને તેનું ભવિષ્ય છે. તે કદાચ નમૂનારૂપ પણ પુરવાર થાય.' આ ચિંતકો જાણતા હતા કે પોતાની સ્વતંત્રતાના રક્ષણ માટે અમેરિકનો કોઈ પણ બલિદાન આપવા તૈયાર હતા. બેન્જામિન ફ્રેંકલિનની વિદાયવેળાએ વૉલ્તેરે ઉચ્ચારેલા શબ્દો અમેરિકનોના સ્વાતંત્ર્યના જતન માટેના જુસ્સા અને જોમના ઘોતક છે. લગભગ વીસ જેટલા સહૃદયી દર્શકોની હાજરીમાં અશ્રુભીની આંખે લાગણીસભર અવાજે વૉલ્તેરે ફ્રેંકલિનને ભેટી તેના પૌત્રને આશીર્વાદ આપતાં કહ્યું, 'ઈશ્વર અને સ્વતંત્રતા' આ શબ્દો બોલાયા ત્યાં સુધીમાં ઈશ્વર અમેરિકન 'ફિલૉસોફિસ'ના ગાઇડ તરીકે અને સ્વતંત્રતા અમેરિકાની વિશેષતા રૂપે પ્રસ્થાપિત થઈ ચૂક્યાં હતાં.

એન્લાઇટનમેન્ટના પુરસ્કર્તાઓ માટે બેન્જામિન ફ્રેંકલિનનો આ પરિકલ્પિત દરજ્જો અત્યંત ઉપયોગી પુરવાર થયો. પ્રબુદ્ધતા એ માત્ર અમૂર્ત વિચારોનો સંપુટ જ નથી, તેને વ્યવહારમાં પણ ચરિતાર્થ થઈ શકે છે એ મુદ્દો તેના કેન્દ્રમાં હતો. ફ્રેંકલિન વ્યવહારુ માણસ હતો, પ્રથમ પંક્તિનો વૈજ્ઞાનિક હતો, વૈજ્ઞાનિક વિદ્યાવર્તુળો દ્વારાં તેણે સૈદ્ધાંતિક જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કર્યો અને સાથેસાથે પ્રબુદ્ધ ચિંતક હોવાને નાતે પોતાનાં સંચિત તથ્યો/કથ્યોને તેણે કાર્યાન્વિત કર્યાં. અમેરિકન સંસ્થાનોનું મુક્ત થવું, પોતાનું અસ્તિત્વ જાળવવું અને મહામૂલી સ્વતંત્રતાનું જતન કરવું એ યુરોપીઅનો માટે પ્રોત્સાહિત કરે તેવી બાબત હતી, જેને કારણે મનુષ્યની તર્કનિષ્ઠા અને સર્જનશક્તિમાં તેમનો આશાવાદ વધ્યો. એટલું જ નહિ, એ વાસ્તવિકતા તેમને અનુકરણીય પણ લાગી. હવે આ વાસ્તવિકતા તેમની પોતાની વાસ્તવિકતા બને તેની તેમને પ્રતીક્ષા હતી. અમેરિકનો જાણે કે યુરોપીઅનોનું પ્રબૌદ્ધિક રોકાણ વ્યાજ સાથે વાળી રહ્યા હતા. અમેરિકા હવે વ્યવહારોનું નિકાસકાર બન્યું. અલબત્ત, નિકાસકાર તરીકે તેણે મુખ્યત્વે પોતાની જ નિકાસ કરી - એટલે કે પ્રબુદ્ધ કાર્યક્રમનું વ્યવહારમાં ચરિતાર્થવું જેનો ઇન્કાર થઈ શકે તેમ નહોતો.

અહીં એક મહત્ત્વની બાબતનો ઉલ્લેખ કરવો જરૂરી છે. ૧૭૭૦ પહેલાં અમેરિકનો એક અર્થમાં વિચારોના કેવળ ભોક્તા હતા. હ્યુમે ફ્રેંકલિનને સૌથી પહેલો પ્રબુદ્ધ ચિંતક કહ્યો અને તેમ કહીને તેણે સંસ્થાનોની ગર્ભિત રીતે ટીકા કરી તે બાબત સૂચક હતી. ૧૭૬૦ના દાયકા સુધીમાં અમેરિકન એન્લાઇટનમેન્ટના પાંગરવાની શરૂઆત થઈ ત્યારથી અને યુરોપીઅનોના ધ્યાન પર એ બાબત આવી ત્યાં સુધીમાં એન્લાઇટનમ્મેન્ટના બૌદ્ધિક માળખાની રચના લગભગ પૂરી થઈ ચૂકી હતી. અમેરિકામાં જે બન્યું તે યુરોપનું માત્ર આંધળું અનુકરણ નહોતું. અન્યોની જેમ અમેરિકન પ્રબુદ્ધ ચિંતકોએ પણ સ્થાનિક સંજોગો અને પરિસ્થિતિને ધ્યાનમાં લઈને પોતાની પ્રબુદ્ધ શૈલીને આકૃત કરી. આથી અમેરિકન એન્લાઇટનમેન્ટમાં બદલાતી રાજકીય પરિસ્થિતિ અને પ્રાદેશિક સાંસ્કૃતિક વૈવિધ્યનું પ્રતિબિંબ તેમાં સ્પષ્ટ રીતે નજર ચડે છે. મુદ્દો એ છે કે પ્રબુદ્ધતાના અમેરિકન સમર્થકો અને તેના મૂળ યુરોપીઅન ચિંતકોના રિઝન વિશેના ખયાલોમાં ઘણું સામ્ય હોવા છતાં અમેરિકામાં તેનું ફ્રેઇમવર્ક ખ્રિસ્તી ધર્મે પૂરું પાડ્યું. આથી અમેરિકામાં એનઈલાઇટનમેન્ટ ખ્રિસ્તી ધર્મના વિરોધ તરીકે નહિ પરંતુ તેની 'અંદરથી' ઉદ્‌ભવ્યું. હકીકત એ છે કે અમેરિકન પ્રબુદ્ધ વિચારોને ચોક્કસ રીતે આકૃત કરવામાં ધર્મનો ફાળો રહ્યો છે. આથી સ્વાભાવિક રીતે જ ન્યૂટન, લૉક અને મોતેસ્ક જેવા ચિંતકોની અસર વૉલ્તેર અને હ્યુમ જેવા ચિંતકો કરતાં વધુ હતી. અમેરિકામાં પ્રબુદ્ધ ચિંતકો માત્ર ધર્માર્થીઓ જ નહોતા, તેઓ સત્તાર્થીઓ પણ હતા. આની તુલનામાં યુરોપીઅન પ્રબુદ્ધ ચિંતકો માત્ર ધર્માર્થીઓ જ નહોતા, તેઓ સત્તાર્થીઓ પણ હતા. આની તુલનામાં યુરોપીઅન પ્રબુદ્ધ ચિંતકો સત્તાથી સંપૂર્ણ અલિપ્ત રહ્યા. અગાઉ ઉલ્લેખ થયો છે તે પ્રમાણે બેન્જામિન ફ્રેંકલિને જ્યારે યુરોપનો પ્રવાસ ખેડ્યો ત્યારે રિઝનના નવા સામ્રાજ્યના ચિહ્ન તરીકે તેને બિરદાવવામાં આવ્યો. અઢારમી સદીના અંતે અમેરિકાની બે મહાન વિદ્યાસભાઓ - અમેરિકન ઍકેડેમી ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સીસ અને અમેરિકન ફિલૉસૉફિકલ સોસાયટીના પ્રમુખો જ્હોન મેડીસન અમેરિકન રાજકીય વ્યવસ્થાના બે અત્યંત મહત્ત્વના દસ્તાવેજો - અમેરિકન બંધારણ અને 'ધ ફેડરાલિસ્ટ પેપર્સ' (The Federalist Papers)ના લેખકોમાંનો એક હતો.

આ 'ફેડરાલિસ્ટ પેપર્સ' વિશે થોડું વિગતે સમજવા જેવું છે. વિશ્વની બધી સંસ્કૃતિઓ માટે તેનું આગવું મૂલ્ય અને મહત્ત્વ છે. 'ફેડરાલિસ્ટ'ના ત્રણ લેખકો જે 'પબ્લિઅસ' (Publius)ના નામે લખતા - ઍલેકઝાંડર હૅમિલ્ટન, જેમ્સ મેડિસન અને જ્હોન જે જ્ઞાનપ્રકાશ યુગમાં શિક્ષિત માણસને ઉપલબ્ધ બધાં બૌદ્ધિક સંસાધનો જેવાં કે ગ્રેસનો ઇતિહાસ, મધ્યયુગીન યુરોપ અને ગ્રેટ બ્રિટન, અઢારમી સદીના સંઘર્ષો તેમનો પોતાનો સંસ્થાનો તરીકેનો અનુભવ વગેરેમાંથી પ્રેરણા લીધી. પિટર ગેના મત પ્રમાણે તેમને માટે ઇતિહાસ એ નોંધોયેલો અનુભવ હતો, અનુભવ એ ઇતિહાસનું વિષયવસ્તુ, માણસનું વિજ્ઞાન

ઇતિહાસ અને અનુભવની પદ્ધતિસરની સમજણ હતી અને રાજકારણનું વિજ્ઞાન તેનો પદ્ધતિસરનો ઉપયોગ હતો.

તેમના મતે ઇતિહાસનો સૌથી મહત્ત્વનો પદાર્થપાઠ એ છે કે મનુષ્યોને તેમના ઉદ્રેકો અને આવેગો પર કાબૂ મેળવવા માટે અને તેમના સંઘર્ષોને નિયંત્રણમાં રાખવા માટે સંસ્થાઓની આવશ્યકતા છે. મનુષ્ય પોતે ખરાબ નથી, પરંતુ સાથેસાથે તે ગુણો અને અવગુણો એમ બન્નેનું મિશ્રણ પણ છે. જેમ તેનામાં અધઃપતન તરફ લઈ જનારાં વલણો છે જેની સાથે કામ પાડવું કેટલેક અંશે સાવચેતી માગી લે છે અને અવિશ્વાસ જન્માવે છે તેમ તેનામાં બીજા પણ કેટલાક ગુણો છે જે તેના પ્રત્યે માન અને વિશ્વાસની લાગણી જન્માવે છે. આ બાબતને કેન્દ્રમાં રાખીને મેડિસન અમેરિકા માટે ગણતંત્રીય સરકારની હિમાયત કરે છે. તેના મતે આ પ્રકારની સરકાર એ સ્વયં સાવચેતીભર્યા આશાવાદની અભિવ્યક્તિ છે, કારણ કે તેની પાછળની પૂર્વધારણા એ છે કે બીજા કોઈ પણ પ્રકારની કે સ્વરૂપની સરકાર કરતાં આ પ્રકારની સરકારમાં માનવસહજ મર્યાદાઓ અને વૃત્તિઓને નિયંત્રણમાં રાખવાની શક્તિ વધુ છે. 'ધ ફેડરાલિસ્ટ' રિઝન આધારિત લખાણોનો સમુચ્ચય છે અને તેના વાચકોના રિઝનને અપીલ કરે છે. પરંતુ સાથેસાથે ગૌરવ, માનવતા અને દેશભક્તિ જેવી લાગણીઓની ઓછી કિંમત આંકતો નથી. 'ધ ફેડરાલિસ્ટ'નું મુખ્ય અર્થઘટન એ છે કે ઉદ્રેકો અને આવેગો રિઝન અને સમાજવિરોધી છે; મનુષ્યો ઘણી વાર મહત્ત્વાકાંક્ષા, લોલુપતા, વૈયક્તિક દ્વેષ અને વેરવૃત્તિ, ધિક્કાર, બીજાને નુકસાન કરીને લાભ પોતાને અંકે કરી લેવાની વૃત્તિ, સત્તાભૂખ વગેરેના પ્રભાવ નીચે જીવતા હોય છે. સંગઠિત સમાજ અને રૅશનલ નીતિના વિરોધી તરીકે જૂથબાજીનું મૂળ પણ મનુષ્ય સ્વભાવમાં જ રહેલું છે. આથી માણસના ગુણો અને અવગુણો વચ્ચે અસમતુલા ઊભી ન થાય તે માટે સરકાર જરૂરી છે. આનો અર્થ એવો નથી કે સરકાર બધા અવગુણોથી પર છે. મુદ્દો એ છે કે જો મનુષ્ય દેવદૂત હોત તો સરકારની આવશ્યકતા ન હોત. અને જો સરકાર દેવદૂતોની બનેલી હોત કે દેવદૂતો શાસન કરતા હોત તો સરકાર પર બાહ્ય કે આંતરિક નિયંત્રણની જરૂર ન હોત. આથી મનુષ્યો દ્વારા ચાલતી સરકાર પાસે શાસિતોને નિયંત્રણમાં રાખવા માટે સત્તા હોવી જોઈએ, પરંતુ સાથેસાથે સરકારે પોતાની સત્તાને પણ નિયંત્રણમાં રાખવી જોઈએ. 'ધ ફેડરાલિસ્ટ'ના લેખકો માટે મહત્ત્વનો મુદ્દો જૂથબાજીમાં રાચતા માણસોને નિયંત્રણમાં રાખવાનો જ નહોતો. એ માટે કદાચ કાયદા પ્રમાણે ચાલનારી, વાજબી અને પ્રમાણમાં સંયમી સરકારની તુલનામાં દમનખોર સરકાર તેમને વધુ અનુકૂળ આવી હોત. વાસ્તવમાં તેમનો એવી સરકાર જોઈતી હતી કે જેનામાં સ્વતંત્રતા અને વ્યવસ્થાનો સમન્વય હોય. આથી એનલાઇટનમેન્ટના અન્ય રાજકીય સિદ્ધાંતકારોની જેમ તેમણે પણ એવી સરકારની હિમાયત કરી કે જે પોતે મજબૂત અને સ્થિર હોય અને સ્વાતંત્ર્યનું રક્ષણ કરતી હોય.

આ પ્રકારનો સ્વાતંત્ર્યવાદ સમગ્ર લખાણમાં અભિપ્રેત હતો. 'ધ ફેડરાલિસ્ટ'માં કોઈ ઔપચારિક મૂલ્યોની સૂચિ નથી. વાસ્તવમાં મૂલ્યોનો પ્રશ્ન તેમને નડતો નહોતો. ભદ્ર અને સંસ્કૃત સમાજ માટે કે માનવતા, જાહેર શ્રેય અને સુખાકારી, મનસ્વી સરકાર સામે રક્ષણ, લોકોનું સાર્વભૌમત્વ, પ્રબુદ્ધ નીતિઓ વગેરે ગુણો લગભગ સ્વયંસ્પષ્ટ હતા. મૂળ પ્રશ્ન સરકાર પરના અસરકારક નિયંત્રણનો હતો. આથી 'ધ ફેડરાલિસ્ટ'ના લેખકોએ અમેરિકાની રાજકીય સંસ્થાઓ પર પોતાનું ધ્યાન સવિશેષ કેન્દ્રિત કર્યું છે. મોટા ભાગના 'પેપર્સ' પ્રેસિડેન્સી, કૉંગ્રેસ, અદાલતો અને સ્થાનિક તેમજ વિદેશી સમવાયી નીતિઓની વિગતે વાત કરે છે. આથી 'ધ ફેડરાલિસ્ટ'નું ધ્યેય સ્પષ્ટ હતું : વૈયક્તિક ભાવોદ્રેકને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નિયંત્રણમાં રાખવા અને સ્વતંત્રતાનું જતન થાય તે માટે સરકારને નિયંત્રણમાં રાખી શકે તેવી રાજકીય વ્યવસ્થાનું નિર્માણ કરવું.

સ્વાભાવિક રીતે જે રાજકીય વ્યવસ્થા મનુષ્ય સ્વભાવ અંગે સંશયવાદી હોય અને યુટોપિયા તરફ શંકાશીલ હોય તે સંભવતઃ રૂઢિચુસ્ત હોય. પરંતુ 'ધ ફેડરાલિસ્ટ'ની બાબતમાં આ સંપૂર્ણતયા સત્ય નથી. પ્રબુદ્ધતા પાછળ રહેલા આશાવાદી વાસ્તવવાદની છાંટ 'ધ ફેડરાલિસ્ટ' પર સ્પષ્ટ વર્તાય છે. મેડિસને નોંધ્યું છે તે પ્રમાણે 'બંધારણ અને ગણતંત્રની રચના કરીને સ્વતંત્ર અમેરિકાના ઘડવૈયાઓએ એવી ક્રાંતિ સર્જી છે કે તેનો ઇતિહાસમાં જોટો જડે તેમ નથી. તેમણે એવા પ્રકારની સરકારનું નિર્માણ કર્યું છે કે એના જેવું બીજું મૉડલ પૃથ્વીના પટ ઉપર મળવું મુશ્કેલ છે.' અમેરિકન બંધારણ, સમવાયી માળખું, કૉન્ફેડરસીથી યુનિઅન તરફ સંક્રમણ વગેરે તે સમયના સંદર્ભમાં મહાન પ્રયોગો હતા. તેનું સૌથી મોટું જમા પાસું એ હતું કે અમરિકનોને પોતાનામાં વિશ્વાસ હતો અને અનુભવે તે સાબિત કરી બતાવ્યું. અમેરિકનો પ્રશિષ્ટતાને માનની લાગણીથી જોતા હતા છતાં તેઓ આધુનિકતાના પ્રણેતા અને પુરસ્કર્તા પણ બન્યા. શું કેવળ નવીન હોવાને નાતે ગણતંત્રનો પ્રયોગ ફગાવી દેવો જોઈએ ? વિતેલો સમય અને રાષ્ટ્રો પોતપોતાની રીતે સાચાં હતાં. પ્રશિષ્ટતા અને પ્રણાલિનું પોતાનું સત્ય હતું. છતાં પોતાનો અનુભવ, પરિસ્થિતિ વિશેનું જ્ઞાન અને 'મહાન અમેરિકન પ્રયોગ' વિશે તેમની આગવી સમજ હતી. મેડિસનના શબ્દોમાં 'આ પુરુષાર્થ અને જુસ્સાની

નિપજ રૂપે ખાનગી અધિકારો અને જાહેર સુખાકારી માટે વિશ્વ અને આવનારી પેઢીઓ અમેરિકાની ઋણી રહેશે.' એનલાઈટનમેન્ટ પાછળ રહેલા સંદેશ માટે આથી અધિકૃત વિધાન શું હોઈ શકે ? પ્રયોગલક્ષી વલણ, શાસનસત્તા માટે તિરસ્કાર, રિઝનની સ્વાયત્તતા પર સંપૂર્ણ અવલંબન, અનુભવાશ્રિત આગવી સૂઝ અને સમજ - આ બધું સ્વતંત્રતા અને જાહેર સુખાકારી કાજે.

સરવાળે એમ કહી શકાય કે મોંતેસ્કના 'ધ સ્પિરિટ ઑફ ધ લૉઝ' (**The Spirt of the Laws**) કે રુસોના 'સામાજિક કરાર' (**Social Contract**) કરતાં 'ધ ફેડરાલિસ્ટ પેપર્સ' કોઈ રીતે ઊતરતાં નહોતાં. બીજું, અમેરિકામાં પ્રબુદ્ધતા ત્રણ તબક્કામાંથી પસાર થઈ. ૧૭૬૩ પહેલાં અમેરિકાએ યુરોપ પાસેથી વિચારો જાણે કે ઉછીના લીધા અને તેની સાથે એક પ્રકારના અનુકૂલનની પ્રક્રિયા શરૂ થઈ. ૧૭૬૩ અને ૧૭૮૯ વચ્ચે સર્જનશીલતાનો જુવાળ આવ્યો અને અમેરિકન અનુભવ અને પ્રબુદ્ધ વિચારો વચ્ચે સમન્વયની પ્રક્રિયા શરૂ થઈ. છેલ્લા તબક્કામાં સ્વતંત્રતા મળ્યા પછીના કેટલાક દાયકાઓ સુધી જાહેર જવાબદારીની સીમાઓ વચ્ચે રહીને વૈયક્તિક સ્વાયત્તતાના ખ્યાલમાં પ્રબુદ્ધતાને વણી લેવામાં આવી, જેનું પ્રતિબિંબ લોકોના સાર્વભૌમત્વના ખયાલ અને તેને વ્યવહારમાં ચરિતાર્થ કરતા તંત્રના ગઠનમાં પડે છે. ત્રીજી મહત્ત્વની બાબત એ છે કે રાજકીય સત્તાને બહારથી પડકારી નિષ્ફળતાનું જોખમ વહોરવાને બદલે અમેરિકન ફિલૉસૉફરોએ સત્તા પોતાના હાથમાં લીધી અને પોતાની રીતે રિઝન અને સંયમ દ્વારા પ્રબુદ્ધતા સંલગ્ન વિચારોને ગણતંત્રીય પ્રથામાં ગૂંથી લેવાનો પ્રયત્ન કર્યો, અલબત્ત તેનાં ધાર્યાં પરિણામો આવ્યાં નહિ એ જુદી બાબત છે. આમ છતાં 'વિચાર અને વિવેક'ના યુગ સાથે જોડાયેલા આદર્શો અને અમેરિકી જીવનની ઘણી વાસ્તવિકતાઓ વચ્ચે સુસંગતતા હોવાને કારણે અમેરિકન એનલાઈટનમેન્ટ વ્યવહારમાં ચરિતાર્થ થઈ શક્યું. કમનસીબે કાળાઓની ગુલામીનો એક પ્રશ્ન એવો હતો કે શાંતિમય રીતે રૅશનલ સંવાદ દ્વારા તે હલ થઈ શક્યો નહિ. સમવાયી વ્યવસ્થા અને સત્તાવિશ્લેષના સિદ્ધાંતોએ તેને વધુ ગૂંચવ્યો. ગુલામીના પ્રશ્ને એક તરફ વૈયક્તિક સ્વાયત્તતા અને બીજી તરફ લોકોના સાર્વભૌમત્વના આદર્શો વચ્ચે રહેલી વિસંગતતાઓને ક્રમશઃ પ્રકાશમાં આણી. આને પરિણામે સ્વતંત્રતા, સમાનતા, ન્યાય અને તર્કનિષ્ઠાના પ્રબુદ્ધ આદર્શોને અત્યોક્તિ રૂપી લૂણો લાગવાની શરૂઆત થઈ. ગુલામીના પ્રશ્ને છેડાયેલો આંતરવિગ્રહ તેની ચરમ સીમા હતી. (ક્રમશઃ)

ચેસ-કૉર્નર : કોયડો-૧૬

કાળું



સફેદ

સફેદ મહોરાની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. (**White to play and mate in two**).

મહોરાની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Kd2,Qa1,Re4, Bb8, P-b3**

કાળાં : **Kd5, Nf5, Ng4, P-d4, C6**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પશ્ચિમ એપાર્ટમેન્ટ, ઠાકરશી હૉસ્પિટલની બાજુમાં, જયશેફાલી રૉ હાઉસની સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ ૩૮૦૦૦૭ (**e-mail -shaharpi@hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે.

જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ ૨૦૦૨ના મે 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના જાન્યુઆરી ૨૦૦૨ના અંકમાં આવેલા કોયડા નં. ૧૪નો ઉકેલ :

સફેદ	કાળું
(૧) **P-e4**	
જો.... (૧)	**Nb8, Nf8** કે **Nf6**
(૨) **BxP #**	
જો....	**Nb6**
(૨) **Bb8 #**	
જો....	**Nc5**
(૨) **Rd5 #**	
જો....	**PxP (en passent)**
(૨) **P-d4 #**	
જો....	**P-d3**
(૨) **Qf5 #**	

આ વખતે સાચો ઉકેલ મોકલેલ છે તેમનાં નામ : (૧) ઝેડ.એલ. ઝાલાવાડિયા, (૨) નૌતમભાઈ વખારિયા (અમદાવાદ), (૩) કે.એમ. મુલિયા (સુરેન્દ્રનગર), (૪) મહેશ વૈદ્ય (મુંબઈ). નૌતમભાઈ વખારિયાનો ઉકેલ સાચો છે પણ રીત સાચી નથી. આ કોયડામાં ચેસની એક વિશિષ્ટ ચાલ **In passcent** નો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ચાલના નિયમથી મોટા ભાગના ચેસ-રસિકો અજાણ હોય નહિ. -અર્પી શાહ

ઍન ફ્રૅન્કની રોજનીશી



અનુંવાદ
હિના ગોખલે

શુક્રવાર ૧૯મી ઑક્ટોબર ૧૯૪૩
મારી વ્હાલી કિટી,

શ્રી ક્લાઈમન ફરી માંદા પડી ગયા છે. એમની પેટની તકલીફ ક્ષણ માટે પણ એમને જંપવા દેતી નથી. અંદરનો રક્તસ્રાવ બંધ થયો કે નહિ એની પણ ખબર પડતી નથી. એમની તબિયત સારી નથી અને આરામ કરવા ઘેર જાય છે એમ કહેવા ઉપર આવ્યા ત્યારે પહેલી વાર એમના ચહેરા ઉપર નિરાશા છવાયેલી જોઈ.

શ્રી અને શ્રીમતી વૅનડાન વચ્ચેના ઝગડાઓએ હવે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. વાત સીધી છે. પૈસા ખૂટી ગયા છે. એમની ઈચ્છા શ્રી વૅનડાનનો એક ઑવરકોટ અને એક કોટ વેચી દેવાની હતી પણ ઘરાક મળ્યા નહિ. ભાવ પણ જરા વધારે જ રાખ્યા હતા.

થોડા દિવસ પહેલાં શ્રી કલાઈમને વૅનડાનને એક ફરના વેપારી વિશે વાત કરતાં સૂચવ્યું કે શ્રીમતી વૅનડાનનો ફરનો કોટ કદાચ ત્યાં વેચાઈ જાય. એ સત્તર વર્ષ જૂનો કોટ સસલાંનાં રૂંવાંમાંથી બનાવેલો હતો. શ્રીમતી વૅનડાનને એના ૩૨૫ ગિલ્ડર મળ્યા એટલે યુદ્ધ પત્યા પછી એમાંથી પોતાના માટે નવાં નવાં કપડાં લેવાની યોજના એમણે ઘડી નાખી. પણ આ પૈસાની રોજના ખાધાખોરાકી માટે તાત્કાલિક જરૂર છે, એ વાત સમજાવતાં શ્રી વૅનડાનને નાકે દમ આવ્યો.

તું વિચારી પણ ન શકે એટલા બૂમબરાડા અને ધમપછાડા થયા. ખાસ્સું ભયંકર પ્રકરણ હતું. જરૂર પડ્યે બંનેને છૂટાં પાડવાને ઉપર જવા શ્વાસ રોકીને અમે તૈયાર બેઠાં હતાં. આ રોજના ઝગડા અને રોયારાણીથી દિવસ તણાવગ્રસ્ત જાય છે. રોજ રાત્રે પથારીમાં હું રડું છું. ભગવાનનો આભાર માનું કે રોજ અડધો કલાક તો શાંતિથી એકલા રહેવા મળે છે.

મારી ભૂખ તદ્દન મરી ગઈ છે. બાકી તબિયતને કાંઈ જ વાંધો નથી. લોકો વારે વારે મને જોઈને બોલે છે, 'બાપ રે, કેવી દુબળી થઈ ગઈ છો !' બધાં મારી તબિયત માટે બધું જ કરી છૂટે છે. રોજ ગ્લુકોઝ, કોડલીવર ઑઈલ, બ્રુઅર્સ યીસ્ટ ને કૅલ્શિયમ ખવડાવે છે. ઘણી વાર મને નિરાશા ઘેરી વળે છે, ખાસ તો રવિવારે. તે દિવસે તો મારી હાલત ખૂબ ખરાબ થઈ જાય છે. ઘરનું એ ભારેખમ વાતાવરણ મને ગૂંગળાવે છે. સમય પછી મંદ ગતિએ સરકે છે. બહાર પણ ચકલુંય ફરકતું નથી. આખા ઘરમાં એક ભયાનક હતાશા ભરેલી શાંતિ પથરાઈ જાય છે. જાણે કે મને વળગીને ઊંડે ઊંડે અંધરકારમય નૈરાશ્યની ગર્તામાં ખેંચી જાય છે. આવે સમયે માર્ગટ, મમ્મી કે પપ્પાની હાજરીથી પણ કાંઈ જ ફેર પડતો નથી. એક રૂમમાંથી બીજા રૂમમાં, ઉપર ને નીચે હું ભટક્યાં કરું છું. – પાંખ તૂટેલી મેના કોઈ અંધારા પીંજરામાં સળિયે સળિયે અથડાતી હોય એમ. 'મને બહાર જવા દ્યો, ખુલ્લી હવા અને ખડખડાટ હાસ્યની દુનિયામાં !' મારું અંતર પોકારી ઊઠે છે. ત્યારે મને કોઈને જવાબ આપવાની પણ પરવા નથી હોતી, સીધી પથારીમાં જઈ પડું છું. આ ભેંકાર શાંતિ અને ભય દૂર કરવાને નિદ્રા જ સક્ષમ છે. કાઢવો મુશ્કેલ એવો એ સમય પણ વેગ પકડે છે.

લિ. ઍન.

બુધવાર ૩જી નવેમ્બર ૧૯૪૩
પ્રિયતમ કિટી,

માનસિક તણાવ ઓછો થાય અને સાથે માનસિક વિકાસ થાય એ હેતુથી પપ્પાએ દૂર સંપર્કથી શિક્ષણ આપતી શાળાનો અભ્યાસક્રમ મંગાવ્યો. એનાં મોટાં થોથાં માર્ગટ ત્રણ વાર ઉથલાવી ગઈ પણ એને રસ પડે અને ખિસ્સાંને પોસાય એવો એકેય કોર્સ એને જડ્યો નહિ. એના પ્રમાણમાં પપ્પાની અપેક્ષાઓ એટલી ઊંચી ન હોવાથી એમણે 'પ્રાથમિક લૅટિન'ના અભ્યાસક્રમ માટે પ્રયત્ન કરવાનું નક્કી કર્યું. ને એ પ્રમાણે એનો પહેલો પાઠ પણ આપ્યો. માર્ગટે ઉત્સાહથી ભણવાનું શરૂ કર્યું અને જરા વધુ ભાવ હોવા છતાં એ અભ્યાસક્રમ પૂરો કરવાનું નક્કી કર્યું. મનેય લૅટિન શીખવું તો ગમે પણ જરા અઘરું લાગ્યું.

મને પણ નવું કામ મળે એ માટે પપ્પાએ શ્રી ક્લાઈમન પાસે ખાસ બાળકો માટે લખાયેલું બાઈબલ મંગાવ્યું. મને 'ન્યૂ ટેસ્ટામેન્ટ' વાંચવા મળે.

'તમે ઍનને હાનુકા ઉપર બાઈબલ ભેટ આપશો ?' જરા અસ્વસ્થ માર્ગટે પપ્પાને પૂછ્યું.

'હા, હા,...., કદાચ 'સેન્ટ નિકોલસદિને આપવું' વધારે યોગ્ય રહેશે.' પપ્પા બોલ્યા.

ઈસુ અને હાનુકા બે વાત એક સાથે જતી નથી.

અમારું વૅક્યૂમ ક્લિનર તૂટી ગયું છે. એટલે રોજ રાત્રે જાજમને હું બ્રશથી સાફ કરું છું. હવે ત્યારે બારીઓ બંધ હોય, ચૂલો ને લાઈટ ચાલુ હોય એટલે મને પહેલાં જ વિચાર આવ્યો કે નક્કી બધાંને આ સફાઈનો ત્રાસ થવાનો છે. અને થયો જ. ધૂળના ગોટેગોટા ઊડ્યા, મમ્મીનું માથું દુખવા માંડ્યું. માર્ગટના નવાનકોર લૅટિન શબ્દકોષ પર ધૂળનો થર બાઝી ગયો. ઉપરથી પીમને જાજમ પર ખાસ કાંઈ જ ફેર પડ્યો હોય એવું લાગ્યું નહિ. ચાલો, મારી મહેનત તો પાણીમાં જ ગઈ.

હવેથી દર રવિવારે ચૂલો સવારે સાડાપાંચને બદલે સાડાસાતે શરૂ કરવામાં આવશે. મને તો લાગે છે કે એમ કરીને અમે ખતરો જ વ્હોરી લઈએ છીએ. ચિમનીમાંથી ધુમાડો નીકળતો જોઈ અમારા પડોશીઓ શું વિચારશે ?

બારીના પડદાનું પણ એવું જ છે. અમે અહીં આવ્યાં ત્યારથી બારી પર પડદા ખોસીને નાખેલા છે. હવે કોઈ વાર અમારામાંથી કોઈને જરાક બહાર જોવાની અદમ્ય ઈચ્છા થઈ આવે. ને પછી બધાં જ એ વ્યક્તિ પર તૂટી પડે. અને એમનો જવાબ હોય 'અરે, કોઈને ખબર નહિ પડે.' અમારા દરેક નિષ્કાળજીભર્યા વર્તનનાં શરૂઆત અને અંત આમ જ હોય છે. કોઈ નહિ જુએ, કોઈ નહિ સાંભળે. કોઈનું ધ્યાન નહિ જાય, આમ કહેવું તો બહુ સહેલું છે, પણ સાચું છે ?

હમણાં જ બોલાચાલીનું વાવાઝોડું શમ્યું છે. ફક્ત ડસેલ અને વૅનડાન હજી ધૂંધવાયેલા છે. વાત કરતાં ડસેલ શ્રીમતી વૅનડાન માટે ગર્દભ અને વાંદરા શબ્દો વાપરે છે અને શ્રીમતી વૅનડાન અમારા આ અતિશિક્ષિત મહેરબાનને 'ડોકરી' કે 'ગાંડી' જેવા શબ્દથી સંબોધે છે.

કુંડું હસે કથરોટને કે તારું મ્હોં પહોળું !

લિ. ઍન.

સોમવાર ૮મી નવેમ્બર ૧૯૪૩, સાંજ

પ્રિયતમ કિટી,

તું જો મારા બધા જ પત્રો એકીબેઠકે વાંચીશ તો તને ખયાલ આવશે કે આ બધા જ પત્રો મારી જુદી જુદી માનસિક અવસ્થામાં લખાયેલા છે. મને અકળામણ થાય છે કે અહીં 'ગુપ્તનિવાસ'માં રહેવા આવ્યાં છીએ ત્યારથી મારું વર્તન મારી મનઃસ્થિતિ પ્રમાણે બદલાય છે. જો કે વાત ફક્ત મને જ લાગુ પડે છે એવું નથી, બધાં જ એનો શિકાર બન્યાં છે. હું જો પુસ્તક વાંચવામાં મગ્ન થઈ ગઈ હોઉં પછી લોકો સાથે હળવા-ભળવાનું શરૂ કરતાં પહેલાં મારે જરા એ સૃષ્ટિમાંથી બહાર આવવાનો પ્રયત્ન કરવો પડે, કારણ કે નહિતર બીજાંને મારું વર્તન વિચિત્ર જ લાગે. હવે તને તો ખબર છે કે અત્યારે તો હું એક ઊંડી હતાશા ભરેલી માનસિક હાલતમાંથી પસાર થઈ રહી છું. આની શરૂઆત ક્યાંથી ને ક્યારે થઈ એ તો કહેવું મુશ્કેલ છે, પણ મને લાગે છે કે આનું મૂળ મારા ડરપોકપણામાં છે. અને એ ડરપોક સ્વભાવ મને વારંવાર સતાવે છે. આજે સાંજે બૅપ હજી ઉપર જ હતી ત્યારે અચાનક જોરથી ઘંટડી વાગી ને લાંબા વખત સુધી વાગતી રહી. તરત મારું નૂર ઊડી ગયું, મારા પેટમાં ફાળ પડી અને હૃદય જોરથી ધબકવા માંડ્યું, કારણ કે હું ખૂબ ડરી ગઈ.

રાત્રે હું સૂતી હોઉં ત્યારે મને અચાનક ભાસ થાય કે હું એક અંધારી કોટડીમાં એકલી છું. મમ્મી-પપ્પા વિના કે હું ગલીઓમાં ભટકી રહી છું કે પછી 'ગુપ્ત નિવાસ'ને આગ લાગી છે કે અડધી રાતે એ લોકો અમને પકડવા આવ્યા છે અને પછી ડરની મારી હું ખાટલાની નીચે ભરાઈ જાઉં. મને ખરેખર એવું બનતું દેખાય છે અને પછી મને થાય કે હવે ખરેખર એવું બનશે જ.

મીપ તો ઘણી વાર એમ કહે છે કે અહીંની શાંતિ અને નિરાંત જોઈને એને અમારી ઈર્ષ્યા આવે છે. કદાચ એની વાત સાચી હશે પણ નક્કી જ એણે અમારી પર તોળાઈ રહેલા ભયનો વિચાર કર્યો નથી. મને તો કલ્પનામાં પણ નથી આવતું કે અમારી જિંદગી ફરી પહેલાં જેવી થઈ શકે.*

અહીં અમ આઠની અવસ્થા ચોતરફ કાળાં ડિબાંગ વાદળોથી ઘેરાયેલા ભૂરા આકાશના એક નાનકડા ટુકડા જેવી છે. અમે એક વર્તુળાકાર કડીની વચ્ચે ઊભાં છીએ, જે હજી ભયમુક્ત છે. પણ પેલાં વાદળાં ધીમે ધીમે અમારી નજીક સરી રહ્યાં છે ને કડી વધારે ને વધારે સાંકડી થતી જાય છે ને અંધકાર અને ભય અમને ભીંસી રહ્યાં છે. બહાર પડવા અમે તરફડિયે છીએ ને તેમ કરતાં એકબીજાં સાથે અમે અથડાઈએ છીએ. નીચે લડાઈ દેખાય છે. ઉપર સુંદર શાંતિ નજરે ચડે છે. પણ ત્યાં તો પેલાં વાદળાં આવી લાગ્યાં. હવે અમારાથી નહિ ઉપર જવાય કે નહિ નીચે. એક અભેદ્ય દીવાલ બની અમારી ઉપર તોળાય છે, ઈચ્છે છે તો અમને કચડી નાખવા પણ તેમ કરી શકતાં નથી ને હું પોકારી ઊઠું છું : 'કડી ઓ કડી, તૂટી જા અમને બહાર જવા દે !'

લિ. ઍન.

(ક્રમશઃ)

★ હું પણ 'યુદ્ધ પછી'ની વાતો તો કરું છું પણ મારે મન એ વાત હવાઈ કિલ્લા જેવી છે જે ક્યારેય સત્ય બનવાની નથી.

ધારાવાહી બંગાળી નવલકથા

સુખનું અસુખ

મૂ.લે. વિમલ મિત્ર /અનુ. ચન્દ્રકાન્ત મહેતા

પોલીસનું નામ સાંભળતાં જ હું લાગલો જ બહાર ગયો. અને ટેલિફોન લીધો. સામેથી અવાજ સંભળાયો, 'સર, કાલે પેલા છોકરાને કોર્ટમાં હાજર કરું છું. એક બીજી ખબર છે, ધરપકડની.'

'શી વાત છે ?'

ઓ.સી.એ કહ્યું : 'આજકાલ કલકત્તા શહેરમાં આવું ઘણું થાય છે. નાનાંનાનાં બાળકોને પકડી એમને સ્ત્રીઓ દ્વારા ગુના કરવાની તાલીમ અપાય છે. પકડેલા છોકરાઓને કશુંક ખવડાવાય છે.'

મેં પૂછ્યું, 'તો શું મારે કોર્ટમાં હાજર થવું પડશે ?' ઓ.સી.એ કહ્યું, 'હા. સાહેબ ! તમે હાજર નહિ રહો તો ચાલશે. તમારો છોકરો સાજો થઈ ગયો ?'

મેં કહ્યું, 'હા,પણ હવે અહીં એક બીજું કંઈ એવું બન્યું છે, જે મને મૂઝવે છે. કોઈ એક અજાણ્યા માણસે અમારે ઘેર આવીને મારા છોકરાને એક સિગારેટની દાબડી આપી છે.'

'એ શું ? એ તમારા છોકરાને શા માટે આપી ગયો ?'

મેં કહ્યું : 'મને શી રીતે ખબર પડે.'

'એ કેવી સિગારેટકેસ છે ?'

'સોનાની છે. બહું મોંઘી વિલાયતી ચીજ છે. તેની પર એક સાહેબનું નામ કોતરેલું છે.'

ઓ.સી.એ કહ્યું, 'મૂંઝવે એવો બનાવ છે. ઠીક છે. એ પણ અમારી તપાસમાં કામ લાગે એવો બચાવ છે.'

પછી મેં ફોન મૂકી દીધો.

પણ ડૉક્ટર ! જીવનમાં મેં એવી ઠોકરો ખાધી છે કે, મને ઠોકરનો ડર લાગતો નથી. તેથી એ વખતે પણ મને સમજાતું નહોતું કે હજુ મારે કેટલી ઠોકરો ખાવાની છે. એક તરફ મારી ઑફિસ અને બીજી તરફ મારું ઘર. ઑફિસનું કામ પણ અગત્યનું તો ઘરનું કામ પણ એટલું જ અગત્યનું હતું, કારણ રીટાને હું આખો વખત મારી નજર સામે જ રાખતો, તેમ બાબાની સામે પણ નજર રાખ્યાં કરવી પડતી. કારણ પાછું કોઈ આવીને બીજું કંઈ બાબલાને આપી જાય તો ? ફક્ત એટલું જ નહિ પણ કોઈ બાબલાને ક્યારેક કંઈ ખવડાવી દે તે ઉપરાંત નરસિંહમને ઘેર પણ કંઈ ને કંઈ મૂંઝવણ નાખે એવી પરિસ્થિતિ ઉત્પન્ન થતી હતી. પત્નીને લઈને ઘરનું તંત્ર ડામાડોળ થઈ જતું હતું. તેની પત્નીને પ્રસૂતિ માટે ઑપરેશન કર્યાં પછી એની સારવાર માટે માણસોની ખેંચ હતી. એ પણ ઑફિસનું કામ મન મૂકીને કરી શકતો નહોતો. નસીબજોગે એક સારી વિશ્વાસુ બાઈ મળી હતી. એટલી જરા રાહત હતી. તે દિવસે સાંજે એનો ટેલિફોન આવ્યો. એણે કહ્યું, 'હું નરસિંહમ.'

મેં પૂછ્યું, 'શી ખબર છે ?'

એણે કહ્યું, 'મારી પત્નીને હું ઘેર લઈ આવ્યો છું.'

મેં પૂછ્યું, 'તમારી બેબી કેમ છે ?'

'બન્ને સારાં છે. પણ આજે સવારે હું બહુ મોટી મુસીબતમાં ફસાઈ ગયો છું.'

હું ચમક્યો. મેં પૂછ્યું, 'મુસીબત ? પાછું શું થયું ?'

એણે કહ્યું, 'મેં તમને કહ્યું હતું ને કે એક બહુ વિશ્વાસુ નોકરાણી મળી હતી.'

મેં કહ્યું, 'હા, મને યાદ છે. એને શું થયું ? માંદી પડી ?'

નરસિંહમે કહ્યું : 'ના સર, માંદી નથી પડી. એને આજે પોલીસ પકડીને લઈ ગઈ છે.'

હું ચમક્યો. 'શા માટે એને પોલીસે પકડી ? એણે શું કર્યું ? ચોરી કરી ? તમે કશી તપાસ કર્યા વગર એક અજાણી બાઈને કામ કરવા રાખી હતી, તે ચોરી તો કરવાની જ.'

નરસિંહમે કહ્યું, 'ના. સર. મેં તમને કહ્યું હતું કે એ ઘણી વિશ્વાસપાત્ર હતી. આટલા દિવસમાં એણે ગજબનું કામ કર્યું હતું. બહુ વિવેકી હતી. સરસ રસોઈ કરતી હતી. એના કામમાં મારે ક્યારેય કશું કહેવાપણું હતું જ નહિ.'

'તો પછી એને પોલીસ શા માટે પકડી ગઈ ?'

નરસિંહમે કહ્યું : 'તે હું જાણતો નથી. એ વખતે હું ઘેર નહોતો. ઘેર પાછો આવ્યો ત્યારે ખબર પડી કે પોલીસ એને પકડી ગઈ છે.'

મેં પૂછ્યું : 'હવે શું કરશો ? તમારી માંદી પત્નીની સેવા-ચાકરી કોણ કરશે ?'

નરસિંહમે કહ્યું, 'એ માટે તો મેં રાત અને દિવસની નર્સો રાખી છે. એ બન્ને એની સેવાચાકરી કરે છે.'

મેં કહ્યું : 'ઘરનાં રસોઈ, વાસણ, કપડાં કરવા માટે પણ એક જણ જોઈએને ?'

નરસિંહમે કહ્યું : 'એ માટે એક બીજી બાઈ મારા મિત્રે બાલિગંજથી મોકલી છે.'

'એ ઠીક કામ કરે છે ?'

'મને લાગે છે કે ઠીક છે. પછીથી શું થાય એ કહેવાય નહિ. પણ પહેલાં જે બાઈ હતી તે કામકાજમાં બહુ હોશિયાર અને ચોખ્ખી હતી. એ મૂંગી મૂંગી બધું કામ મન દઈને કરતી. એને કશું કહેવું પડતું નહિ. બજારમાં શાકભાજી અને બીજો સરસામાન ખરીદવા જતી. રાંધતી, કપડાં ચોખ્ખાં ધોતી,

હિસાબ બરાબર આપતી. ધોયેલાં કપડાં બરાબર ગોઠવતી...'

મેં વચમાં જ કહ્યું, 'તો પછી એને પોલીસ શા માટે પકડીને લઈ ગઈ ?'

નરસિંહમે કહ્યું, 'તે તો મને ખબર નથી, સર ! મેં તમને કહ્યું ને કે પોલીસ આવી ત્યારે હું ઘરમાં નહોતો.'

મેં પૂછ્યું, 'આજે ઑફિસ જવાના છો ?'

નરસિંહમે કહ્યું, 'હા સર, જઈશ. પણ જતાં જરા મોડું થશે. નવી બાઈ છે. વળી આજે પહેલો દિવસ છે. એટલે એને બધું બતાવવું પડશે.'

મેં કહ્યું, 'તમારે ગામથી તમારાં મા અને બાપને શા માટે નથી બોલાવી લેતા ?'

નરસિંહમે કહ્યું, 'મેં ઘરે તાર કર્યો હતો. ત્યાંથી જવાબ આવ્યો કે મારા પિતા માંદા છે. તે ઉપરાંત એમની ઉંમર એંશી ઉપર છે. તેથી મારી મા આવી નહિ શકે. એ લોકો આવત તો મારે કશી ચિંતા જ ન રહેત.'

તે પછી હું કહું ડૉક્ટર ! એ વખતે મારા ઘરમાં તેમ જ મારા ડેપ્યૂટિના ઘરમાં એમ બન્ને ઘરમાં આફતનો મામલો હતો.

તે દિવસે ઑફિસમાં પાર્કસ્ટ્રીટના ઓ.સી. આવ્યા. મેં પૂછ્યું, 'કેમ એકાએક ?'

એણે કહ્યું, 'તમારે ઘેર ટેલિફોન કર્યો હતો. ત્યારે ખબર પડી કે તમે ઑફિસે ગયા છો. એટલે અહીં તમને મળવા આવ્યો.'

મેં પૂછ્યું, 'કેસમાં કંઈ નવો ફણગો ફૂટ્યો છે ?'

ઓ.સી.એ કહ્યું, 'હા, સર ! મેં ગુનેગારની સામે દાવો નોંધાવ્યો છે.'

મેં પૂછ્યું, 'તમે જે બાઈને પકડી છે તે આ મામલામાં કઈ રીતે સંડોવાયેલી છે ?'

ઓ.સી.એ કહ્યું, 'એને અમે ડરાવી, ધમકાવી, પણ એ મોઢું ઉઘાડતી જ નથી. ઘણી રીતો અજમાવી જોઈ, પણ કંઈ વળ્યું નહિ.'

મેં પૂછ્યું, 'મારા છોકરાને ઉઠાવી જવાથી એને શો ફાયદો થવાનો હતો ?'

ઓ.સી.એ કહ્યું, 'તે તો મને હજીય સમજાતું નથી. તો પણ હજી જાતજાતની તપાસ ચાલુ છે. જોઈએ. શું થાય છે. પેલા છોકરાને તો અમે પોલીસથાણામાં બંધ કર્યો છે. અને સવારથી રાત સુધી પૂછપરછ ચાલુ છે. છોકરો ઉસ્તાદ છે. ઘણી મુશ્કેલીથી આ બાઈનો પત્તો મળ્યો !'

મેં કહ્યું, 'મને શું થાય છે તેની ખબર આપતા રહેજો.'

આખો દિવસ ઑફિસમાં કામ કર્યા પછી હું ઘેર ચાલ્યો ગયો. આવીને જોઉં છું તો રીટા મોટે મોટેથી હસતી હતી. એ બાબલાની પાસે બેસીને વાતો કરતી હતી. અને બાબલો પિયાનો લઈને ઉઘાડઢાંક કર્યા કરતો હતો.

મેં પૂછ્યું, 'બાબલા ! શું કરે છે ?'

રીટાએ પૂછ્યું, 'પેલી સિગારેટની દાબડી કોની હતી ? તેની કંઈ ખબર પડી ?'

મેં કહ્યું, 'ના, પોલીસને કશી ખબર મળી નથી. મને લાગે છે કે એ કોઈ ચોરી કરીને લઈ આવ્યું છે. લાગે છે સાહેબની એ ચીજ કોઈકે ઉઠાવી છે.'

રીટાએ કહ્યું, 'તો આટલાં વર્ષો પછી એ ચોરેલો માલ પાછો કેવી રીતે આવ્યો અને તે પણ આપણા ઘરમાં કોણ મૂકી ગયું ?'

મેં કહ્યું, 'આજ વાત મેં પોલીસને કરી હતી અને એની પાછળ શું રહસ્ય છે તે શોધી કાઢવા કહ્યું છે. મને લાગે છે કે બે દિવસમાં બધી વાત સ્પષ્ટ થઈ જશે.'

રીટાએ એ વિશે કશી માથાકૂટ કરી નહિ. હું પણ નચિંત થઈ મારા ખંડમાં ચાલ્યો ગયો. આશ્ચર્ય ઉપજાવે એવી વાત હતી, ડૉક્ટર ! એ છોકરો સિગારેટની દાબડી જોડે રમવા લાગ્યો. પણ એનો રમવાનો નશો ઊતરતો નહોતો. ધીરેધીરે એની તબિયત સુધરવા લાગી.

તે દિવસે પાર્કસ્ટ્રીટ થાણાના ઓ.સી.એ. મને ફોન કરીને જણાવ્યું કે મારે કોર્ટમાં જવું પડશે. મેં પૂછ્યું, 'કેમ ?'

'આજે તમારા છોકરાને ઉઠાવી જવાનો કેસ ચાલવાનો છે. તમે તમારા છોકરાને લઈને કોર્ટમાં આવજો. તમારા છોકરાને હવે સારું છે. તમને વધારે વખત નહિ રોકીએ. અર્ધો કલાકથી વધારે નહિ લાગે, કારણ મેજિસ્ટ્રેટ તમારા છોકરાને એક વાર મળવા ઇચ્છે છે.' મેં કહ્યું : 'ઠીક છે.'

તે દિવસે હું ઑફિસમાં ગયો નહિ. કોર્ટમાં જવાનું હોય ત્યારે ઑફિસમાં શી રીતે જવાય ? બાબલાને જવાને માટે તૈયાર કરવા મેં આયાને કહ્યું. એને કપડાં પહેરાવ્યાં.

રીટાએ પૂછ્યું, 'તમે ક્યાં જાઓ છો ?'

મેં બધી વાત કરી, 'પોલીસ બાબલાને કોર્ટમાં લઈ આવવાનું કહે છે. જો મેજિસ્ટ્રેટ એને કશું પૂછવા ઇચ્છે, તો પૂછી શકે.'

રીટાએ કહ્યું કે, 'બાબલો તો હમણાં જ માંદગીમાંથી ઊઠ્યો છે. તો, આ અથડામણ સહન કરી શકશે ?'

મેં કહ્યું, 'જોડે ડૉક્ટરને પણ લઈ જઈશ. કશું થાય તો તરત જ ઇલાજ થાય.'

રીટાએ કહ્યું, 'તો તો હું પણ સાથે આવીશ.'

મેં કહ્યું, 'હા, તું પણ સાથે ચાલ.'

રીટા પણ તૈયાર થઈને આવી. ડૉક્ટરને ફોન કરી કોર્ટમાં

આવવા જણાવ્યું.

અમે કોર્ટમાં હાજર થયાં. અમે ગયાં ત્યારે કેસની સુનાવણી શરૂ થઈ ગઈ હતી. અંદર તો ઘણી ભીડ હતી. ઘણાં લોકો કેસ સાંભળવા આવ્યાં હતાં.

વકીલ પેલા પકડાયેલા છોકરાની ઊલટપાલટ તપાસ કરતો હતો : 'તું ક્યાં રહે છે ?'

'નેબુબાગાનમાં.'

'તો તું દેવવ્રત સેનને શી રીતે ઓળખે ?'

છોકરાએ કહ્યું, 'હું તો રસ્તામાં ભીખ માગું છું. હું ભીખ માગવા બધી જગ્યાએ જાઉં છું. એ દિવસે આ નિશાળના છોકરાએ મને બોલાવ્યો, ને પૂછ્યું, 'તું માણિકને ઓળખે છે ? મેં કહ્યું, હા. ઓળખું છું. એટલે એ મારી સાથે નેબુબાગાનમાં આવ્યો.' 'પછી ?'

'તે પછી અમારી શેરીમાં માણિકને જોઈને તે કહે, આ માણિક નહિ. મારે તો મારા ગામના માણિકને મળવું છે. મારો દોસ્તાર છે તેને.'

વકીલે પૂછ્યું, 'તે પછી ? તે પછી તેં એને નિશાળમાં પાછો પહોંચાડ્યો કેમ નહિ ?'

છોકરાએ કહ્યું, 'એને પાછું નિશાળમાં જવું નહોતું. મેં એને ઘણું કહ્યું પણ એને ઘેર જવું નહોતું. એને મયરાડાંગા જવું હતું.' 'મયરાડાંગા શા માટે ?'

છોકરાએ કહ્યું, 'મયરાડાંગામાં એની માસી રહે છે. ત્યાં એને જવું હતું.'

'તો 'એની મા ? મા ક્યાં રહે છે ?'

છોકરાએ કહ્યું, 'એને માને માટે વહાલ નથી.'

'શા માટે ?'

છોકરાએ કહ્યું, 'એની કલકતાની મા મમ્મી હતી : મા નહિ.'

મેં રીટાની તરફ નજર નાખી. રીટાની નજર બાબલા પર ખોડાયલી હતી. વકીલે પાછું પૂછ્યું, 'તે પછી એ જ્યારે તારા ઘરમાં રહ્યો ત્યારે એ ક્યાં ખાતો હતો, સૂતો હતો ?'

છોકરાએ કહ્યું, 'અમારા નેબુબાગાનની પાસે એક મોટું મકાન બંધાયું હતું. એક ભદ્રલોકનું ઘર હતું. એ ઘરમાં એક કામ કરવાવાળી બાઈ હતી...'

હું એકદમ ચમક્યો ને ટટાર થઈને બેઠો. મારી એક બાજુ ડૉક્ટર બેઠા હતા. ડૉક્ટર કેસ ચાલતો હતો, તે બધું સાંભળતા હતા.

મેં વકીલને પૂછ્યું, 'હજી કેટલો વખત આ કેસ ચાલશે ?'

વકીલે કહ્યું, 'હવે બહુ વાર નથી. આ છોકરાની જુબાની પૂરી થાય એટલે મુદત પડશે.'

બાબલો અત્યાર સુધી શું જોતો હતો, શું સાંભળતો હ તે મને ખબર નથી. એણે એકાએક કહ્યું, 'આ છોકરાને પકડ્યો છે કેમ ?'

મેં કહ્યું, 'આ છોકરો જ તને એને ઘેર લઈ ગયો હતોને ?'

બાબલાએ કહ્યું, 'હા, એણે કહેલું કે એની શેરીમાં માણિક રહે છે ! એ મને ત્યાં લઈ જશે.'

મેં કહ્યું, 'તારે માસીને ત્યાં જવું છે ?'

બાબલાએ કહ્યું, 'હા'.

મેં કહ્યું, 'માસીને ત્યાં શા માટે જવું છે ? માસીનું કંઈ અમારા જેવું ઘર છે ? માસીને ત્યાં કંઈ જાતજાતનું ખાવાનું મળે ? માસી કંઈ આવાં ખમીસ-પાટલૂન પહેરાવે ?'

બાબલાએ કશો જવાબ ન આપ્યો.

મેં કહ્યું, 'મેં પૂછ્યું તેનો જવાબ આપ.'

આખરે બાબલાએ કહ્યું, 'માસી મને બહુ વહાલ કરે છે.'

મેં પૂછ્યું, 'કેમ, અમે તને વહાલ નથી કરતાં ?'

બાબલાએ કહ્યું, 'તમે મને પિયાનો આપતા નથી. માસી તો મને પિયાનો આપે છે.'

મેં કહ્યું, 'મેં તને પિયાનો અપાવ્યો છે.'

બાબલાએ કહ્યું, 'હવે હું તમને વહાલ કરીશ.'

મેં કહ્યું, 'હમણાં તો તારી માસીને ત્યાં તારે જવું છે ને ?'

બાબલાએ લાચારીથી મારા મોઢા સામે જોયું. કશો જવાબ ન આપ્યો. એટલે મેં એને સાન્ત્વના આપતાં કહ્યું, 'તું જરાય ચિંતા ન કરતો. હું તને માસીને ત્યાં લઈ જઈશ.'

બાબલાના મોઢા પર એવો ભાવ હતો કે જાણે હાથમાં ચાંદો આવ્યો હોય. એણે કહ્યું : 'તમે લઈ જશો ?'

મેં કહ્યું, 'હા લઈ જઈશ.'

અમે બહુ ધીરેથી વાતો કરતાં હતાં. એકદમ કોર્ટ બંધ થઈ. મેજિસ્ટ્રેટ કોર્ટના ખંડમાંથી અંદરના ખંડમાં ચાલી ગયા. પેલા પકડેલા છોકરાને પોલીસની ગાડીમાં બેસાડીને લઈ ગયા. કોર્ટમાં પહેલા દિવસે કોર્ટનો અનુભવ લઈને અમે ઘેર ગયાં. ગાડીમાં રીટાએ કહ્યું, 'પેલી કામવાળી બાઈની જુબાની ક્યારે લેવાશે ?'

મેં કહ્યું, 'હવે મુદત પડશે ત્યારે લેવાશે.'

રીટાએ કહ્યું, 'એ બાઈ કોણ છે ?'

મેં કહ્યું, 'મને તો ઓ.સી.એ કહ્યું છે કે કલકત્તામાં એવી ઘણી ખિસ્સાકાતરું બાઈઓ ઘૂસી છે. એ બધી બૅન્કમાંથી પૈસા લઈને જતા ગ્રાહકોને લૂંટી લે. બસટ્રામમાં ભદ્રઘરની મહિલાઓની જેમ ફરે અને પાકીટ તફડાવે. એમ મારો ડૅપ્યૂટી નરસિંહમ કહેતો હતો. એને ઘેર એક કામ કરવાવાળી બાઈ રાખેલી તેને પોલીસ પકડી ગયા છે.' (ક્રમશઃ)

કલાસ્મૃતિ

સરોદવાદક શરણરાણી

સંગીત કોને ના ગમે ? દેવતાઓથી લઈને સામાન્ય પ્રજાજનો સુધી દરેકને, સંગીત સાંભળવું તેમજ તેની સાથે તાલ મિલાવવા ગમતા હોય છે. દરેક યુગમાં, દરેક પ્રકારના વર્ગને વિવિધ પ્રકારનું સંગીત હંમેશાં પ્રિય રહ્યું છે. નાટ્યકાર શેક્સપીઅરે નોંધ્યું છે કે 'ઈફ મ્યૂઝિક બી ધ ફુડ ઑફ લવ, પ્લે ઑન ઍન્ડ ઑન', આવાં કથનથી આપણે જીવનમાં સંગીતનું મહત્ત્વ સમજી શકીએ છીએ.

વાજિંત્રોમાં સરોદ એક ખૂબ જ જાણીતું વાદ્ય છે જેને ભારતના ત્રણ કલાકારોએ પોતાની વાદનકલાથી દેશ-પરદેશમાં જાણીતું કર્યું છે. જેમાં મહિયર ઘરાનાના અલ્લાઉદ્દીન ખાન સાહેબના પુત્ર અલી અકબર ખાન, શિષ્યા શરણરાણી અને ગ્વાલિયર ઘરાનાના અમજદ અલીખાનનો ફાળો અનન્ય છે. સ્ત્રી સહજ સૌમ્યતાને કારણે, અને જાહેરમાં વધારે ન આવવાથી શરણરાણી ઓછાં જાણીતાં છે. પણ સંગીતકલાના ક્ષેત્રમાં તેમનું નામ ખૂબ જ આદરથી લેવાય છે.

શરણરાણીને સરોદનાં રાણી કહીએ તો અતિશયોક્તિ નહીં કહેવાય. છેલ્લાં ૬૦ વર્ષોથી સંગીતને સમર્પિત શરણરાણીએ ભારતીય સંગીતને લોકપ્રિય બનાવવામાં સરાહનીય કામ કરેલ છે. તેમણે સરોદની તાલીમ મહીયર



ઘરાનાના ઉસ્તાદ અલ્લાઉદ્દીન ખાન તેમજ અલીઅકબર ખાન પાસેથી મેળવી. શરણરાણી સરોદ વગાડનારાં ભારતનાં પ્રથમ મહિલા છે તેમજ, સન ૧૯૬૮માં પદ્મશ્રીનું બિરુદ મેળવનારાં પણ પ્રથમ મહિલા વાદ્યકાર છે. અન્ય નોંધવા જેવા પુરસ્કારોમાં, કેન્દ્રીય સંગીતનાટક અકાદેમી પુરસ્કાર, દિલ્હી રાજ્ય કલાપરિષદ પુરસ્કાર, ડૉક્ટરેટ ઑફ સંગીત, રાજીવ ગાંધી એક્સેલેંસ પુરસ્કાર ઉપરાંત, સંગીત-સરસ્વતી, કલામૂર્તિ, સંગીતશારદા, કલારત્ન, સરોદશ્રી, સંગીતરત્ન, ભારતગૌરવ જેવાં ઘણાં સન્માનોથી તેમને નવાજવામાં આવ્યાં છે.

શરણરાણીએ, ભારત ઉપરાંત ઘણા દેશોમાં પોતાના કાર્યક્રમો આપેલા છે. તેમણે ભારતીય અને ફારસી સંગીતની જુગલબંદીનો પ્રથમ પ્રયાસ પણ કરેલો. ભારતના દરેક મોટા સંગીતકાર સાથે એક જ મંચ ઉપર તેમણે પોતાની કલાથી શ્રોતાઓને મુગ્ધ કર્યા છે. શરણરાણીને બાલ્યાવસ્થાથી સંગીતનો શોખ હતો. ત્રણ વર્ષની ઉંમરથી સંગીત-સરોદ શીખવાનું શરૂ કર્યું હતું. આઠ વર્ષની ઉંમરમાં નાના જલસાઓમાં વગાડવાનું શરૂ કર્યું હતું. તેઓના કહેવા પ્રમાણે સરોદ વગાડતાં ભાન ભૂલી જવાય તેવી સ્થિતિ તેઓને વધારે પ્રિય છે. તેઓ માને છે કે સંગીતમાં પૂર્ણ રૂપે ખોવાઈ જવાથી ઈશ્વરનું સાન્નિધ્ય પ્રાપ્ત થાય છે. એક સમયે કલકત્તાથી દિલ્હી આવતાં, સાથી પ્રવાસીઓના અનુરોધથી તેમણે વિમાનમાં સરોદ વગાડીને લોકોને ખુશ કરી દીધા હતા ! કેવો સરળ સ્વભાવ. તેઓ ગુરુ-શિષ્ય પરંપરામાં વિશ્વાસ રાખે છે. સારો ગુરુ, સારી તાલીમ, શ્રદ્ધા, મહેનત અને સખત રિયાજથી સંગીતમાં ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. બડેગુલામ અલીખાં, અલીઅકબરખાન, સુબુલક્ષ્મી તેમનાં પ્રિય કલાકારો છે.

શરણરાણી, સંગીત અને સંસ્કારના વાતાવરણમાં, સાધનસંપન્ન પરિવારમાં મોટાં થયાં, દિલ્હી વિશ્વ વિદ્યાલયમાંથી એમ.એ. થયાં, અને દિલ્હીના જાણીતા વ્યાપારી કુટુંબના શ્રી સુલતાનસિંગ બાકલીવાલ સાથે તેમનાં લગ્ન થયાં. શ્રી બાકલીવાલ કલાપ્રેમી, ગુણગ્રાહક, વિદ્વાન અને કલાકૃતિઓના મોટા સંગ્રાહક છે. તેઓ દિલ્હીની ઘણી સમાજ સેવા સંસ્થાઓ સાથે જોડાએલા છે. બાકલીવાલ દંપતીને રાધિકા નામે એક પુત્રી છે.

શરણરાણીએ સરોદવાદન અને સંગીત કલા ઉપર એક પુસ્તક 'ડિવાઈન સરોદ'ની રચના કરેલ છે, જેનું વિમોચન ૧૯૯૨માં રાષ્ટ્રપતિના વરદ હસ્તે કરવામાં આવેલ. શરણરાણી છેલ્લાં ઘણાં વર્ષોથી ઑલ ઈન્ડિયા રેડીઓ માટે કાર્યક્રમ આપતાં આવ્યાં છે. તેના માનમાં સન ૧૯૯૯માં તેમને ખાસ સન્માનવામાં આવ્યાં તેમજ તેમના જીવન અને વાદન ઉપર એક પુસ્તિકા પણ પ્રગટ કરવામાં આવેલ. સન ૧૯૮૦માં શરણરાણી પરિવારે પોતાનાં વાદ્ય સંગ્રહમાંથી લગભગ ૩૦૦ જેટલાં ઉત્તમ વાદ્યો, રાષ્ટ્રિય સંગ્રહાલય નવી દિલ્હીને ભેટ તરીકે અર્પણ કર્યા, જે આજે દર્શકો 'શરણરાણી બાકલીવાલ સંગીત દીર્ઘા'ના નામે જોઈ શકે છે. ભારતના ટપાલ ખાતાએ આ સંગ્રહમાંથી જ ટિકિટો જેમાં સરોદ, રુદ્રવીણા, પખાવજ અને બાંસુરીનું પ્રકાશન કરેલ છે.

આજે લગભગ ૭૩ વર્ષની ઉંમરે પહોંચેલાં, શરણરાણી રોજ રિયાજ કરે છે. નાનામોટા કાર્યક્રમો આપે છે, પસંદગીના શિષ્યોને જ્ઞાન આપે છે. સંગીત-સાધનાની ચતુર બાલ સ્મારક

સંસ્થા સાથે સંકળાએલાં છે. અને 'જાગૃતિ' નામે સંગીતના શૈક્ષણિક કાર્યક્રમોને પ્રોત્સાહન આપતાં હોય છે. તેઓ પ્રમાણમાં સંતોષી પ્રકૃતિનાં હોવાથી પ્રચાર અને પ્રસારનાં માધ્યમોથી દૂર રહે છે. એટલે જ તેમની રચનાઓની ઑડિયો કૅસેટ શોધવી પડે એવું બને, પણ જેમણે તેમને એક વાર પણ સાંભળ્યાં છે તેઓનાં મનમાં તેમના સરોદવાદનની યાદ કાયમ રહી જાય છે. જેમણે રાત્રિ દરમ્યાન, દરિયાકિનારે મોજાંઓનો ઘેઘૂર ગંભીર અવાજ સાંભળ્યો છે તેઓને સરોદના ગંભીર અવાજની ખૂબ જ મજા પડતી હોય છે. તેમાં પણ કલાકાર જ્યારે આલાપમાં રમમાણ હોય ત્યારે તો ઘડીભર એમ જ લાગે કે શ્રોતા મધરાતે દરિયાકાંઠે બેઠો છે. સરોદનાં રાણી શરણરાણીને કોઈ પણ રાગને અંતે વગાડાતા જોડ-ઝાલા જેવા ગંભીર લયના પ્રેમપૂર્વક પ્રણામ પાઠવીએ.

-ગજેન્દ્ર શાહ

અનુસંધાન] આઠમો શો [પૃષ્ઠ ૧૫૭ થી

પ્રાર્થના : 'અમાસની વાત'ના વચ્ચે મારો આ આઠમો શો. સાત શો તો તેં કર્યા હતા. પછી મારું નાટક શરૂ થયું. નાટક જુદું પણ શો તો આઠમો જ ને!

પાર્થ : એને આઠમો કોઠો કહેને!

પ્રાર્થના : એ તો અભેદ્ય કહેવાય છે ને?

પાર્થ : આ પણ અભેદ્ય રહે તો શું ખોટું છે? ક્યારેક જીવનનું સત્ય ગોપિત રહે એ જ સારું!

પ્રાર્થના : ના, પાર્થ. જીવનનિષ્ઠા ના પાડે છે. મારે અતીતનાં પડળ તોડવાં જ હતાં. કોઈ ભેદ રાખવો નહોતો. મનનો ભાર હળવો કરવો હતો. આ પણ એક પ્રકારનો મોક્ષ જ છે.

પાર્થ : પ્રાચી, હવે કંઈ જાણવું છે?

પ્રાચી : હવે શું જાણવાનું રહ્યું? બધું જ open થઈ ગયું. હવે નથી રહ્યું કુતૂહલ, નથી રહી જિજ્ઞાસા, નથી રહી ઈર્ષા : બધું જ ઓગળી ગયું. બાકી કંઈ ન રહ્યું.

પ્રાર્થના : બાકી રહ્યું તમારે બન્નેએ મારે ત્યાં આવવાનું.

પ્રાચી : (ઉલ્લાસમાં) આવીશું. જરૂર આવીશું. પણ તે પહેલાં તમારે આવવાનું છે, પાર્થનું નાટક જોવા.

પ્રાર્થના : આવીશ, જરૂર આવીશ. પણ અત્યારે જઉં છું.

(પ્રાર્થના ઊભી થાય છે. બધાં જ આનંદમાં આવી ગયાં છે. એ જાય છે અને પડદો પડે છે.)

ધ્યાનકથા

પુનરાવર્તનો

બહાદુરભાઈ જ. વાંક

એક સભામાં ગુરુ બજુવાએ વ્યાખ્યાન શરૂ કર્યું કે તરત જ કેટલાક શ્રોતાઓ કંટાળો અનુભવતા ઊભા થઈ ગયા, ને તેમની પાસે આવતાં બોલ્યા : 'આપના વ્યાખ્યાનમાં અવારનવાર એક ને એક વાતનાં પુનરાવર્તનો જ સાંભળવા મળે છે. બસ, ધ્યાન, હોશ, સાક્ષી ને જાગરણની એકની એક જ વાત! આમાં અમને નવીનતા જેવું કશું જ લાગતું નથી.'

'મને સાંભળવાને નિમિત્તે ખરેખર તો તમે સાંભળો છો - તમારા ખયાલો પૂર્વગ્રહોને, તમારા ગમાઅણગમા અને તમારી પ્રતિક્રિયાઓને, એ શું તમે જાણો છો?'

'આપના આ જવાબમાં પણ ચિંતક જે. કૃષ્ણમૂર્તિનો જ અવાજ સંભળાતો હોય એમ નથી લાગતું શું? જાણે છે. કૃષ્ણમૂર્તિની વાણીનાં જ પુનરાવર્તનો!' કેટલાક શ્રોતાઓએ નિર્ભિકતાથી પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો.

'ધ્યાનની અવસ્થામાં કે ચેતનાના ઊંડાણમાં નથી હું શેષ રહેતો કે નથી શેષ રહેતાં જે. કૃષ્ણમૂર્તિ. પછી જે વાણી બહાર આવે છે, તે મારી કે જે. કૃષ્ણમૂર્તિની કેવી રીતે હોઈ શકે? સત્યની સનાતનતા તો હંમેશાં વ્યક્તિ નિરપેક્ષ જ હોય છે.' મુદ્દાની વાત સમજાવતાં બજુવા આગળ બોલ્યા : 'સત્ય તો પ્રત્યેક ક્ષણે નવું અને તાજગીપૂર્ણ જ હોય છે, જો હોશપૂર્વક સાંભળતાં આવડે તો.'

કેટલાક શ્રોતાઓ એકીસાથે બોલ્યા : 'પણ અમે તો હોશપૂર્વક જ સાંભળીએ છીએ.'

'તમે હોશપૂર્વક કેવી રીતે સાંભળી શકો? હોશપૂર્વક સાંભળનાર માણસ ક્યારેય પછી પ્રતિક્રિયામાં જતો હોતો નથી. જ્યારે તમે તો માત્ર પ્રતિક્રિયામાં જ...'

'આ પ્રતિભાવને પણ પ્રતિક્રિયા જ કહો છો?' એક શ્રોતાએ પાછું પૂછ્યું.

'હા, પ્રતિભાવ પણ હંમેશાં બેહોશીમાંથી આવે છે, ને એ જ રીતે પ્રતિક્રિયા પણ બેહોશીમાંથી જ... હવે જ્યાં બેહોશી હોય છે, ત્યાં જ પુનરાવર્તનો પણ હોય છે. હવે હું તમને પૂછું છું - પુનરાવર્તનો હું કરું છું કે તમે કરો છો?'

શ્રોતાઓમાંથી કોઈ જવાબ ન આપી શકતાં બજુવા બોલ્યા : 'ખેર, છેલ્લે હંમેશાં ધ્યાનમાં રાખવા જેવી એક મહત્ત્વની વાત કહી દઉં - સત્ય માત્ર કાનથી નહીં, સમગ્ર અસ્તિત્વથી સાંભળવાનું હોય છે!' ☐

કલાવાર્તા

વિશ્વના મહાન ચિત્રકારો-૩


માઈકલેન્જેલો

કલાવિવેચક વસારીએ જેને સર્જનહાર તરફથી માનવજાતને મળેલ અમૂલ્ય ભેટ તરીકે બિરદાવેલો એ મહાન કલાકાર માઈકલેન્જેલોનો જન્મ ઇટાલીના ટસ્કન નગરમાં ૧૪૭૫ના માર્ચની છઠ્ઠીએ થયેલો. એનું વતન તો ફ્લૉરેન્સ. એના જન્મ પછી થોડા જ વખતમાં એને સેટિગ્નેનોમાં રહેતી આયાને સોંપી દેવામાં આવેલો. એ વિસ્તારમાં પથ્થર ફોડનારાના ઘણા પરિવારો વસતા. માઈકલ (માઈકલેન્જેલો) ક્યારેક મજાકમાં કહેતો કે એની ધાવ માના ધાવણ ભેગું, હથોડા અને ટાંકણાનું ધાવણ પણ એને મળેલું.

નાનપણથી જ માઈકલ મહાન કલાકાર બનવાનાં સ્વપ્નાં સેવતો. તેર વર્ષની વયે તો એ શાળાને તિલાંજલિ આપીને જાણીતા કલાકાર ડોમિનિકો ગીરીલાન્ધીઓ પાસે ચિત્રકલા શીખવા પહોંચી ગયેલો. એ ઉમ્મરેય એનાં રેખાંકનો એના ગુરુનાં રેખાંકનોને ઝાંખાં પાડી દેતાં. એ પછી માઈકલે શિલ્પકલાની તાલીમ લેવી શરૂ કરી. શિલ્પકલાની તાલીમ આપતી શાળામાં એ પ્રાચીન કાળની ઉત્કૃષ્ટ શિલ્પકૃતિઓનું અનુકરણ કરતો રહેતો. અહીં પણ એનું કામ સહપાઠીઓમાં ઈર્ષા જગવતું. એના એક સહપાઠીએ તો ઈર્ષાવેશમાં આવી જઈને માઈકલને મુક્કો મારીને એનું નાક તોડી નાખેલું.

માઈકલના કામની ખ્યાતિ ફ્લોરેન્સના રાજવીના કાને પહોંચતાં એણે માઈકલને મહેલમાં વસવાટ કરવાનું ઈજન પાઠવ્યું; પણ બે વર્ષ બાદ રાજાનું નિધન થતાં એ ફરી એના પિતા ભેગો રહેવા આવી ગયો. આ અરસામાં એણે સેન્ટો સ્પિરિટો દેવળના પાદરી સાથે દોસ્તી બાંધી દીધી, ને કબ્રસ્તાનમાં દફનવિધિ માટે લવાતાં શબોનાં વાઢ-કાપ કરીને એ માનવ શરીરની રચનાનો તલસ્પર્શી અભ્યાસ કરતો રહ્યો. આ રીતે માનવ દેહમાં આવેલ દરેક સ્નાયુ તથા રક્તવાહિનીના ચોક્કસ સ્થાનની જાણકારી એણે પ્રાપ્ત કરી લીધી.

આ અરસામાં ફ્રાન્સના રાજા ચાર્લ્સે ફ્લોરેન્સ પર આક્રમણ કર્યું. માઈકલ ફ્લોરેન્સ છોડીને વેનિસ ભેગો થઈ ગયો. એકાદ વર્ષ પછી એ વતનમાં પાછો ફર્યો. અહીં એણે (કામદેવની પૂરા કદની આરસની પ્રતિમા કંડારી જેણે માઈકલની કીર્તિ છેક રોમ સુધી ફેલાવી. એને રોમનું તેડું આવ્યું. રોમ જઈને એણે મધર મેરીનું જગમશહૂર શિલ્પ સર્જ્યું. આ શિલ્પની કમનીયતા અને મૌલિકતાએ એના સર્જકને ઇટાલીના સર્વોત્કૃષ્ટ શિલ્પી તરીકે પ્રસ્થાપિત કરી દીધો. એ પછી એ ફ્લોરેન્સ પાછો ફર્યો ત્યારે ફ્લોરેન્સવાસીઓએ વિજેતાને છાજે એવું એનું સ્વાગત કરેલું. ફ્લોરેન્સમાં એણે ડેવિડનું જગવિખ્યાત શિલ્પ કર્યું. તેર ફૂટ સવા પાંચ ઈંચના કદનું આરસનું આ શિલ્પ ત્યારના રીપબ્લિકના માટે મુક્તિ, હિમ્મત અને નૈતિકતાનું પ્રતીક બની રહેલું. રોમના પોપે માઈકલને ફરી રોમ તેડાવ્યો. પોપની ઇચ્છા રોમના સેન્ટ પીટર દેવળને નવેસરથી બંધાવવાની હતી. માઈકલને રોમ તેડાવ્યો તો ખરો પણ સુચિત દેવળની ડિઝાઈન તૈયાર કરવાનું કામ બેમન્ટ નામના અન્ય સ્થપતિને પોપે સોંપ્યું. આથી રોષે ભરાઈને માઈકલ નવા દેવળના શિલાન્યાસને આગલે દિવસે જ રોમ છોડીને ફ્લોરેન્સ ભાગી ગયો. પોપે એને બળજબરીથી રોમ લઈ આવવા માણસો મોકલ્યા. માઈકલ પોતાના ગળામાં જાતે દોરડું ભરાવીને પોપ સમક્ષ ઉપસ્થિત થયો. પોપે એને સિસ્ટાઈન ચૅપલની છતને ચિત્રોથી શણગારવાની કામગીરી સોંપી. થોડી આનાકાની પછી એણે એ કામ સ્વીકાર્યું. ચાર વર્ષના અથાક પરિશ્રમ પછી એ ભગીરથ કામ ૧૫૧૨માં સમ્પન્ન થયું. બેનમૂન ચિત્રોથી મઢાયેલી સિસ્ટાઈન ચૅપલની છતને નિહાળવા લોકો સેંકડો માઈલોનો પ્રવાસ ખેડીને રોમમાં ઊમટી પડેલાં ને એ અદ્ભુત કલાકૃતિઓ જોઈને મંત્રમુગ્ધ થઈ ગયેલાં. એ પછીનાં વર્ષોમાં ફ્લોરેન્સમાં સર્જાયેલી રાજકીય ઊથલપાથલને કારણે માઈકલની સર્જનપ્રક્રિયા ખોરંભે પડી ગયેલી. રીપબ્લિકનોએ એને ફ્લોરેન્સની



સિસ્ટાઈન ચેપલની છત પરનો એક ભાગ



પવિત્ર પરિવાર - ૧૫૦૪-૧૫૦૬, રેઝિન અને ટેમ્પેરાનો કાષ્ઠ પર પ્રયોગ

કિલ્લોબંધીના નિરીક્ષણની કામગીરીમાં જોતરી દીધેલો. અહીંથી એ વેનિસ ભાગી ગયો. ફ્લોરેન્સમાં પોપની સત્તા પુનઃ સ્થપાતાં એ પાછો ફર્યો. ૧૫૩૪માં એ શહેર એણે કાયમને માટે છોડી દીધું. ને એ રોમ ગયો. રોમના પોપે એને સિસ્ટાઇન ચૅપલની વેદિની દીવાલને ચિત્રાંકિત કરવાનું કાર્ય સોંપ્યું. એ દીવાલ પરના The Last Judgementનું સર્જન-કાર્ય પૂરાં પાંચ વર્ષ ચાલ્યું. વિશાળ ફલક પર રચાયેલી આ ભવ્ય કલાકૃતિમાં એના સર્જકની માનસિક વ્યથા બરાબરની ઝિલાઈ છે.

આ જ અરસામાં માઈકલ વિટોરિયા નામની વિધવાના ગાઢ સંપર્કમાં આવેલો. આ મહિલાને સંબોધીને એણે ઘણાં કાવ્યો અને પત્રો લખેલાં.

માઈકલ સ્વભાવે એકાકી, અંતરમુખી, અતિ સંવેદનશીલ અને શીઘ્રકોપી હતો. એ નવરો પડતો ત્યારે ઉદાસ થઈને મૃત્યુ વિષે વિચારતો રહેતો. સેન્ટ પીટરનું દેવળ એની કલ્પના મુજબનું ન રચાયું એનો એને ભારે રંજ હતો.

માઈકલનાં શિલ્પો તથા ચિત્રોમાં આધ્યાત્મિકતા નીતરતી અનુભવાય. Duomo Pieta શિલ્પમાં ઈશુના દેહને ટેકો આપનાર તરીકે



આદમનું મસ્તક

એણે પોતાની જાતને આરસમાં કંડારી દીધી છે. માઈકલની કલાકૃતિઓ જોઈને પોપ જુલીઅસ બીજો તો એટલો પ્રભાવિત થઈ ગયેલો કે એ દીર્ઘકાળ સુધી કલાનું સર્જન કરી શકે એ માટે પોતાનાં આયુષ્યનાં વર્ષોમાંથી થોડાંક માઈકલને આપવા તત્પર થઈ ગયેલો !

માઈકલ ત્રણત્રણ કલાઓમાં નિપુણ હતો. એ ઉત્તમ કોટિનો શિલ્પી, ચિત્રકાર તથા સ્થપતિ હતો. એ કવિતા પણ રચી જાણતો. માનવાકૃતિને કલાત્મક રીતે નિરૂપવાની એનામાં ગજબની કુનેહ હતી. એને ભૂમિચિત્રો કે વ્યક્તિચિત્રો દોરવામાં દિલચસ્પી નહોતી. કલા વિષેની એની વિભાવનાને વ્યક્ત કરવા માનવ શરીર એને મન ઉત્તમ માધ્યમ હતું. એની કલાકૃતિઓમાં ચિત્રકાર Masaccio તથા શિલ્પી Donatelloનો પ્રભાવ



શોભનશૈલી માટેની એક આકૃતિ



પવિત્ર વર્જિન

વિશેષ જોવા મળે.

ચિત્ર કે શિલ્પનું નિર્માણ કરતાં પહેલાં એ એનું રેખાંકન કાગળ પર કરી લેતો, ને એને આધારે કલાકૃતિનું સર્જન કરતો. ચિત્રની કલ્પના પણ એ ત્રણ પરિમાણમાં જ કરતો. એ છાયા-પ્રકાશનો છૂટથી ઉપયોગ કરતો. શિલ્પ કરતાં પહેલાં મોડેલનો સહારો લઈ એ કાગળ પર રેખાંકન કરી લેતો. એનાં ચિત્રો પણ શિલ્પ જેવાં હૃષ્ટપુષ્ટ, ભર્યાં ભર્યાં લાગે.

સિસ્ટાઇન ચૅપલની છત ચીતરતાં પહેલાં એ એના પ્લાસ્ટરના ત્રણ થર ઉપરાઉપરી લગાવતો. ને એ પ્લાસ્ટર સુકાય એ પહેલાં અગાઉ કરી રાખેલ રેખાંકનો મુજબ એના પર મનમોહક ચિત્રો ચીતરવા માંડતો. આ રીતે ચિત્રો સર્જવા માટે જરૂરી ઝડપ એનામાં હતી.

માઈકલ પોતાની જાતને શિલ્પી જ લેખતો. એને મન શિલ્પકલા એટલે 'Art of taking away material'. શિલ્પકૃતિનું સર્જન કરતી વેળા, પોતે પથ્થરમાં પુરાયેલી મૂર્તિને બંધનમાંથી મુક્ત કરતો હોય એવી લાગણી એ અનુભવતો. માનવ શરીરની રચના વિષેની એની જાણકારી ગજબની હતી. આમ છતાં કૃતિમાં અમુક ભાવ નિરૂપવા જરૂર પડે એ એનેટોમીનો ભંગ કરતાં લગીરે અચકાતો નહીં.



ક્રોધ


પોતાના સર્જનકાર્યને એ ઈશ્વરના સર્જનકાર્યનું અનુકરણ લેખતો. સિસ્ટાઈન ચૅપલની છત પરના માઈકલના The creation of Man ફ્રેસ્કોમાં આદમનો નિશ્ચેષ્ટ દેહ સર્જનહારના દિવ્ય સ્પર્શે ચેતનવંતો થવા તલસી રહ્યો હોય એમ ભાસે છે. The last Judgement તો વેદિની દીવાલ પરનું મહામૂલું આભૂષણ બની રહેલ છે. એ ચીતરતાં માઈકલ માચડેથી પડ્યો તોય દાક્તરની સારવાર લેવાની એણે ના ભણી દીધેલી. આ ચિત્રની પ્રેરણા એને દાન્તેના Infenoમાંથી મળેલી. The Last Judgementમાંનાં પાત્રોની નગ્નતાએ ભારે ઊહાપોહ જગવેલો. માઈકલના મૃત્યુ પછી એ પાત્રોની નગ્નતા ઢાંકી દેવામાં આવેલી. આ કામ હાથ ધરનાર કલાકારોને કલાજગત Breeches Makers તરીકે ભાંડતું રહ્યું છે. સિસ્ટાઈન ચૅપલની છત પરના ફ્રેસ્કો માઈકલે એકલે હાથે સર્જ્યાં છે. એ માચડા પર ઊભો રહીને ચીતરતો. એની Fall of Man કલાકૃતિમાં કલાકારની પીંછીનું કૌશલ્ય દૃષ્ટિગોચર થયા વિના રહેતું નથી. આ મહાન સર્જકે ૮૯ વર્ષની વયે ૧૫૬૪ના ફેબ્રુઆરીની ૧૮મી તારીખે કાયમની વિદાય લીધી ત્યારે એને છાજે એવી દબદબાભરી રીતે એની દફનવિધિ કરવામાં આવેલી.

-નટુભાઈ પરીખ / હરિત પંડ્યા

કલાવૃત્ત

સત્યજિતચંદ્ર ચંદની ચિત્રસૃષ્ટિ

યુવા કલાકાર સત્યજિતચંદ્રએ કલકત્તાની ગવર્નમેન્ટ કૉલેજ ઑવ્ આર્ટ અને ક્રાફ્ટમાંથી ૧૯૯૮માં ચિત્રકલામાં બી.એફ.એ.ની ઉપાધિ મેળવી, વડોદરાની જાણીતી ફૅકલ્ટી ઑવ્ ફાઈન આર્ટમાંથી ૨૦૦૦માં ગ્રાફિક્સમાં તેમણે એમ. એફ. એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી. ૧૯૯૪ થી ૨૦૦૦ સુધીમાં કલકત્તા, ન્યૂ દિલ્હી, રાજસ્થાન, ચંડીગઢ જેવાં સ્થળોએ યોજાયેલાં પ્રદર્શનોમાં તેમનાં ચિત્રો, ડ્રૉઈંગ્સ તથા ગ્રાફિક પ્રિન્ટ્સ



બે ઘોડાનું સશક્ત આલેખન-સંયોજન

પસંદગી પામ્યાં અને પ્રદર્શિત થયાં. ૧૯૯૮માં કલકત્તાની ગવર્નમેન્ટ કૉલેજ ઑવ્ આર્ટ અને ક્રાફ્ટ દ્વારા તેમને તેમના ચિત્ર માટે સર્ટિફિકેટ ઑવ્ મેરિટ એનાયત થયું. ૨૦૦૧માં ગુજરાત લલિત કલા અકાદમી દ્વારા યોજિત પ્રદર્શનમાં તેમના રંગીન એચિંગ 'માઈન્ડ ઍન્ડ એન્જલ્સ' માટે ઈનામ મળ્યું. પુનઃ ૨૦૦૧માં તેમની એચિંગ અને એકવા ટિન્ટ ગ્રાફિક પ્રિન્ટ 'સમાન ભાવાભિવ્યક્તિ' માટે બૉમ્બે આર્ટ સોસાયટીનો ઍવૉર્ડ તેમને પ્રાપ્ત થયો.

કલકત્તામાં તેમના કૉલેજના કલાભ્યાસ દરમ્યાન સત્યજિતચંદ્રે એક કલાવિદ્યાર્થી તરીકે ડ્રૉઈંગ પર આશ્ચર્ય પમાડે એવું પ્રભુત્વ હાંસલ કર્યું હતું. મહાન યુરોપીય કલાકારોમાં જોવા મળતી પ્રશિષ્ટ કોટિની ડ્રૉઈંગની ગુણવત્તા તેમનાં નિરીક્ષણ દ્વારા ચારકોલ તથા જળરંગો સાથે સર્જાયેલાં સશક્ત પ્રાણીચિત્રોમાં જોવા મળે છે. તેમાં ઘોડા, ડુક્કર તથા બળદ યા આખલાના ગતિશીલ, હાવભાવયુક્ત અદ્ભુત ઍનેટમિના અભ્યાસવાળાં સશક્ત સંયોજનો છે. ડ્રૉઈંગ્સની સાથેસાથે સત્યજિતે કૉલેજ અભ્યાસકાળ દરમ્યાન સુંદર, સર્જનાત્મક કક્ષાનાં જળરંગી દશ્યચિત્રો પણ સર્જ્યાં હતાં. હુગલીને કિનારે લાંગરેલી હોડીઓ ખરેખર એક નિગૂઢભાવયુક્ત વાતાવરણ સર્જતું સુંદર જળરંગી દશ્યચિત્ર છે. તેમણે તૈલરંગો તથા એક્રિલિક રંગોમાં ચિત્રસર્જન કરવાનું સતત ચાલુ રાખ્યું છે, પરંતુ કલકત્તા છોડ્યા પછી વડોદરાની ફાઈન આર્ટ્સ ફૅકલ્ટીમાં તેમણે ગ્રાફિક વિભાગમાં દાખલ થઈ ઉત્તમ ગુણવત્તાવાળી તથા એચિંગ ઍકવાટિન્ટ જેવા માધ્યમની ઊંડી સૂઝ-સમજવાળી ગ્રાફિક પ્રિન્ટો કાઢવા માંડી. આ પ્રકારની શ્રેષ્ઠતાવાળી પ્રિન્ટોને કારણે જ તેમને રાષ્ટ્રિય ખ્યાતિ મળી છે. ચિત્રકલા તથા પ્રિન્ટમેકિંગના વધુ અભ્યાસ અર્થે અમદાવાદની જાણીતી સંસ્થા કનોરિયા આર્ટ સેન્ટરમાં સ્કૉલરશિપ મેળવી. હાલમાં તેઓ સર્જનકાર્યમાં વ્યસ્ત છે.

-બંસીલાલ દલાલ



ગતિશીલ ડુક્કરનું આલેખન

ઈતિહાસધારા

અશોક હર્ષ

મરાઠાઓને મન શિવાજીનું અને શીખોને મન રણજિતસિંહનું જે સ્થાન છે એ જ સ્થાન વ્રજ અને હરિયાણાની જાટ કોમને મન મહારાજા સૂરજમલનું છે. મુઘલ સામ્રાજ્યનો અસ્તકાળ શરૂ થઈ ગયો હોઈ મરાઠા' શીખ અને જાટ કોમોએ તેમાં મહત્ત્વનો ભાગ ભજવેલો. જાટ નેતા સૂરજમલ જો વધુ જીવ્યા હોત તો મુઘલ સામ્રાજ્યના અસ્તમાં અધિક ફાળો આપી શક્યા હોત, પણ એમને મળેલા થોડા સમયમાં પણ એ ઘણું કરી ગયા. જો કે ઈતિહાસે તેની પૂરી નોંધ નથી લીધી, એટલે સુધી કે એમનું ચરિત આલેખન 'સુજાન ચરિત્ર' વિષે બહુ ઓછા લોકો જાણે છે, ટૂંકામાં, અઢારમી સદીના મધ્યકાળમાં ભારતમાં એવો કોઈ રાજવી નહોતો જેની મહારાજા સૂરજમલ જાટની સાથે સરખામણી થઈ શકે. અભણ એવા એ વીર પુરુષે પોતાનું વિશાળ રાજ્ય ઊભું કરી અનેક કિલ્લાઓ અને મહેલો બંધાવેલા.



મહારાજા સૂરજમલ

સૂરજમલે તેના પિતા અને ભરતપુરના રાજા બદનસિંહના જીવન કાળમાં જ પોતાનાં શૌર્ય અને ચાતુર્યનો એવો પરચો બતાવેલો કે રાજપૂતો જ નહિ પરંતુ મુઘલો, રોહિલાઓ અને અફઘાનો સધ્ધાં તેની પ્રશંસા કરવા માંડેલા. એનું એ જમાનાના ભારતનાં તમામ રાજ્યોના કરતાં વધુ સમૃદ્ધ હતું. આનો યશ એના સલાહકાર રૂપરામ કોઠારીને ફાળે જાય છે, જેને સહેજે ટોડરમલ તથા નાના ફડનવીસ સાથે સરખાવી શકાય. વ્રજ ભૂમિનાં પવિત્ર હિન્દુ ધર્મસ્થાનોને સંગીન રક્ષણ પૂરું પાડીને સૂરજમલે 'વ્રજરાજ'નું બિરુદ મેળવેલું. સૂરજમલ ધર્માંધ નહોતો. એટલે મંદિરો જેટલું જ રક્ષણ મસ્જિદોને આપેલું. એ જમાનામાં એના જેવા બિનસાંપ્રદાયિક રાજવીઓ રડ્યાખડ્યા જ નીકળે. એનું સૈન્ય પણ ત્યારનાં અન્ય રાજ્યો કરતાં વધુ કેળવાયેલું અને શિસ્તબદ્ધ હતું. એ વખતે અફઘાનિસ્તાનના અહમદશાહ અબ્દાલીનું આક્રમણ આ દેશ પર તોળાઈ રહેલું એના પ્રતિકાર માટે આગ્રા મુકામે મળેલી જાટ મરાઠા બેઠકમાં મરાઠા સેનાપતિ સદાશિવરાવ ભાઊએ મહારાજા સૂરજમલની શીખ માની હોત તો ૧૭૬૧ના પાણીપતના યુદ્ધમાં મરાઠાઓની જે ખુવારી થઈ તે થવા ન પામત. પોતાની સલાહની આ અવગણના સૂરજમલને ખૂંચી અને તે પોતાની સેના સાથે ભરતપુર પાછો ફર્યો. યુદ્ધમાં મરાઠાઓનો પરાજય થયા બાદ તેણે પરાજિત સૈનિકોને તેમનાં કુટુંબ સહિત એક વરસથી પણ વધુ સમય સુધી ભરતપુરમાં આશ્રય આપેલો. અબ્દાલી પાછો ફરતાં જ સૂરજમલે આગ્રા તથા હરિયાણાનો મોટો ભાગ પોતાના કબજે કરી લીધો. ઈ. ૧૭૬૩માં તેના મૃત્યુપર્યંત તેણે ભરતપુરને પાટનગર રાખી પોતાના રાજ્યનો જ વિસ્તાર વધાર્યો તેમાં અલપર, આગ્રા, ધોલપુર વગેરેથી માંડીને મથુરા, અલીગઢ, હાથરસ વગેરે સમાઈ જતાં હતાં.

•

ભારતના કાંઠે ઊતરેલી યુરોપની સૌથી પહેલી પ્રજા પોર્ટુગીઝ હતી જેણે ઈક્ષણામાં ઝામોરિન અથવા સામુતિરિની હકૂમત નીચેના કાલિકટ બંદરે ઉતરાણ કરેલું. કાલિકટ એ મલયાલી ભાષાના શબ્દ 'કોબિકુરુ' પરથી બનેલું જેનો અર્થ થાય 'કૂકડાનો કિલ્લો'.

પશ્ચિમ સાથેના પૂર્વના વ્યાપારનું કાલિકટ ત્યારે મુખ્ય બંદર હતું. પૂર્વનો માર્ગ શોધવા નીકળેલો પોર્ટુગીઝ વહાણવટી વાસ્કો ડા ગામા ઈ. ૧૪૯૮ના ઑગસ્ટની ૨૯મીએ કાલિકટની ઉત્તરે કાપુકડ મુકામે આવી પહોંચેલો, પરંતુ અહીંના પ્રદેશ અને લોકોથી તદ્દન અજાણ્યો હોઈ તેણે સૌપ્રથમ પોતાના એક સંદેશવાહકને ઝામોરિનની મુલાકાતે મોકલી આપ્યો. પાછો ફરતાં એ પોતે ઝામોરિનને મળવા ઊપડ્યો. ઝામોરિનનો વૈભવ જોઈ તે છક થઈ ગયો.

આમાં પોતાનાં જહાજોમાં જેટલી કિંમતનો માલ લાવેલો એટલી જ કિંમતમાં એથી ૬૦ ગણો કિંમતી માલ ભરીને તે પાછો પોર્ટુગાલ પહોંચતાં ત્યાંની પ્રજાની દાઢ સળકી અને ઈ. ૧૫૦૦માં ત્યાંના રાજવી તરફથી કાલિકટમાં પોર્ટુગિઝ કોઠી ઊભી કરવાના આદેશ સામે પેડ્રો અલવાટેઝ કેબ્રાલ ૧૫૦૦ માણસોના એક જંગી કાફલા સાથે કાલિકટ આવી પહોંચ્યો.

કાલિકટના કાંઠે નાંગરેલા કેબ્રાલે એક યુરોપિયન અને પાંચ દેશી માછીમારોનું એક પ્રતિનિધિમંડળ ઝામોરિનની મુલાકાતે મોકલ્યું, જે માછીમારોને ગામા પોતાની સાથે લેતો ગયેલો.

કેબ્રાલ સાથેની વાતચીતના અંતે બંને વચ્ચે સંધિ થવા પામી અને ઝામોરિને કાલિકટમાં કોઠી નાખવાની રજા આપી. આથી પૂર્વ સાથેના વેપારમાં મૂરો અને પોર્ટુગીઝોની હરીફાઈમાં છેવટે યુદ્ધ અનિવાર્ય બન્યું. યુદ્ધમાં કેબ્રાલનો પરાજય થતાં તે ભૂંડા હાલે પોર્ટુગલ પાછો ફર્યો.

કેબ્રાલના થવા પામેલા હાલહવાલનો બદલો લેવા પોર્ટુગાલના રાજવીએ વાસ્કો ડા ગામાની સરદારી નીચે એક જંગી કાફલો કાલિકટ મોકલી આપ્યો. તેણે આવીને ઝામોરિનને તમામ મુસ્લિમ વેપારીઓને તેના રાજ્યમાંથી હાંકી કાઢવા જણાવ્યું. ઝામોરિને તેની ના પાડતાં તેણે ઝામોરિનનો જ પગદંડો કોચીન અને કન્નાનૂરના રાજવીઓ સાથે મળી ઉખેડી કાઢ્યો અને પોર્ટુગીઝોનો પગદંડો સ્થાયી કર્યો. ❐

સાહિત્યસંપર્ક

ધીરુબહેન પટેલને અકાદેમી પુરસ્કાર

ધીરુબહેન પટેલની લઘુનવલ 'આગન્તુક'ને એકવીસમી સદીના પ્રથમ વર્ષનો કેન્દ્રીય સાહિત્ય અકાદેમી, દિલ્હીનો પુરસ્કાર મળે છે એ કથાસાહિત્ય સાથે નિસબત ધરાવનાર સહુ કોઈને ગમે તેવી બીના છે. કશાય ઊહાપોહ વગર સ્વકીય સ્થાપનાના આયાસ વગર લઘુનવલક્ષેત્રે ગુણવત્તાની દૃષ્ટિએ ન ભુલાય તેવું પ્રદાન કરનાર ધીરુબહેન પટેલ છેક છઠ્ઠા દાયકાના પ્રારંભથી કથાસાહિત્યના સર્જનમાં સક્રિય રહ્યાં છે. સ્ત્રીનાં મનની મથામણની અભિવ્યક્તિ એમનાં કથાસર્જનનો મૂળ સ્રોત રહ્યો છે. એમનાં સ્ત્રીપાત્રો વિદ્રોહની ભૂમિકામાં હોતાં નથી. 'આગન્તુક'માં તો મુખ્યત્વે ઈશાનની આજુબાજુ કથા વિકાસ પામી છે. તેમણે રીમા, શાલ્મલી અને ઈપ્સિતા દ્વારા નારીભાવનું દર્શન તો કરાવ્યું જ છે.



ધીરુબહેન ગોરધનભાઈ પટેલનું મૂળ વતન તો ધર્મજ. જન્મ ૨૯ મે ૧૯૨૬ના રોજ વડોદરામાં થયો હતો. એમણે શાળાકીય શિક્ષણ મુંબઈના સાન્તાક્રુઝની પોદાર હાઈ સ્કૂલમાં લીધું હતું. ઉચ્ચશિક્ષણ મેળવવા એલ્ફિન્સ્ટન કૉલેજમાં પ્રવેશ મેળવ્યો અને અંગ્રેજી વિષય સાથે ૧૯૪૫માં સ્નાતક થયાં. અનુસ્નાતક ૧૯૪૮માં થયાં અને તરત જ ૧૯૪૯માં ભવન્સ કૉલેજમાં અધ્યાપિકા બન્યાં. ૧૯૬૩-૬૪ દરમિયાન દહિસરની કૉલેજમાં કામ કર્યું. પછી 'આનંદ પબ્લિશર્સ'નું સંચાલન કર્યું. વળી પોતાની પ્રકાશન સંસ્થા 'કલિકે પ્રકાશન'નો પ્રારંભ કર્યો. એ સાથે એ કાળના વિખ્યાત સાપ્તાહિક 'સુધા'નું તંત્રીપદ સંભાળ્યું. ૧૯૭૫માં ત્યાંથી નિવૃત્ત થયાં. આજીવિકાની આ સઘળી પ્રવૃત્તિ સાથે એમનું લેખનકાર્ય ગતિશીલ રહ્યું હતું. પ્રારંભ વાર્તાસર્જનથી કર્યો હતો. એમનો પ્રથમ વાર્તાસંગ્રહ 'અધૂરો કોલ' ૧૯૫૫માં પ્રસિદ્ધ થયો હતો. 'એક લહર' (૧૯૫૭) અને 'વિશ્રંભકથા' (૧૯૬૬) એમના અન્ય વાર્તાસંગ્રહો છે. 'મયંકની મા', 'દાઢ' અને 'વિશ્રંભકથા' એમની જાણીતી વાર્તાઓ છે. વાર્તાના સ્વરૂપને વફાદાર રહીને રસનિષ્પત્તિ કરવામાં ધીરુબહેન ખાસ્સાં સફળ રહ્યાં છે. માનવમનની વાતને ઉજાગર કરવાનું એમનું વલણ રહ્યું છે.

ટૂંકી વાર્તા ઉપરાંત એમણે નવલકથા અને લઘુનવલ ક્ષેત્રે આગવું પ્રદાન કર્યું છે. વળી એકાંકી, ત્રિઅંકીના સ્વરૂપમાં પણ ખેડાણ કર્યું છે. સાથે

શબ્દકથા : મંડપ

સંસ્કૃતના કેટલાય શબ્દો ગુજરાતીમાં તેના મૂળ અર્થ કરતાં અર્થવિસ્તાર પામી વપરાય છે. આવો જ એક શબ્દ છે : મંડપ-માંડવો. સામાન્ય રીતે આ શબ્દ યાદ કરતાં 'લગ્નનો મંડપ કે માંડવો' તુરત યાદ આવે છે, કેમ કે લગ્ન પૂર્વે મંડપ રોપવાની વિધિ થાય છે, જેમાં થાંભલાઓ ઉપર રંગબેરંગી ચંદરવા બાંધવામાં આવે છે. આ ઉપરાંત કોઈ જાહેર કાર્યક્રમ કે ધાર્મિક પ્રસંગે કે જ્યાં માણસોનો સમૂહ એકઠો થવાનો હોય તેને બેસાડવા માટે પણ 'મંડપ' બાંધવામાં આવે છે.

પરંતુ 'મંડપ'નો પ્રાચીન અર્થ કૈંક વિશિષ્ટ મળે છે. તેના મૂળમાં છે '**मण्ड - मंड** (सं.)' અર્થાત્ જેની નીચે બેસી ચોખા-ભાતનો 'માંડ' પીવાય તે. પ્રાચીન ભારતમાં પાક તૈયાર થતો ત્યારે અનેક પ્રકારના ઉત્સવ મનાવવામાં આવતા. ચોખાનો પાક તૈયાર થતો ત્યારે આવો જ એક ઉત્સવ મનાવાતો. આ રંગબેરંગી ચંદરવા આચ્છાદિત મંડપ નીચે લોકો એકઠાં થતાં અને ભાતનું મીઠું, જીરું, હીંગ વ. મિશ્રિત ઓસામણ પીતાં-પીવરાવતાં. આ ક્રિયા માટે જ રંગબેરંગી ચંદરવાનું આચ્છાદન કરાતું તેને 'મંડપ' કહેવાતો. સમયાન્તરે બધા પ્રકારના ઉત્સવો માટે, આચ્છાદિત સ્થાન માટે આ શબ્દ રૂઢ થઈ ગયો. આ રીતના શબ્દોથી ભારતીય જનજીવનની ઈતિહાસ-મૂલક સામગ્રી મળી રહે છે.

'મંડ'-'મંડપ'નો વિભિન્ન કોશગત અર્થ તપાસીએ-

(૧) **मण्डम** - જન વિશ્રામગૃહ, જનાશ્રય
मण्डं पिबतीति । मण्डमान कर्तरि । (હલાયુધ કોષ, પૃ. ૫૦૭)

(૨) **Manda - The scum of a Boiled Rice cor any grain**
मण्डम - drinking the scum of boiled rice or of any liquor pancar, an open hall or temporary shed, pavilion, tent, temple.
('સંસ્કૃત-અંગ્રેજી શબ્દકોશ' પૃ. ૭૭૫-મોનીઅર વિલિઅમ્સ)

(૩) મંડ (સં.) = ભાતનું જાડું ઓસામણ
મંડપ (સં.) = માંડવો ('સાર્થ જોડણીકોશ'-પૃ. ૬૫૪)

(૪) માંડ = ચોખાનું ઓસામણ (સં. મંડ)
('મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ'-પૃ. ૩૧૨ સં.-જયંત કોઠારી)

-હસમુખ વ્યાસ

'પરદુઃખભંજક પેસ્તનજી' જેવી હાસ્યકથા પણ લખી છે. 'શ્રુતિસાગરને તીરે' એમની આત્મકથા છે. અનુવાદકાર્યમાં પણ તેઓ સક્રિય રહ્યાં છે.

'વડવાનલ', 'શીમાળાનાં ફૂલ', 'વમળ', 'વાવંટોળ,' 'અતીતરાગ', 'સંશયબીજ' ઇત્યાદિ એમની નોંધપાત્ર નવલકથાઓ છે. 'વડવાનલ' ૧૯૬૪માં પ્રસિદ્ધ થઈ હતી ત્યારે આધુનિકતાની વિભાવના ગતિશીલ હતી. કથાવસ્તુ અને પાત્રાલેખન દ્વારા વૃત્તિને બળવાન બનાવી છે. પ્રથમ પુરુષ એકવચનમાં કહેવાયેલી આ કથામાં રેખાની વેદના અને તજ્જન્ય મનોમંથનનું નિરૂપણ ધીરુબહેન પટેલને સશક્ત કથાસર્જક તરીકે સ્થાપિત કરી દે છે. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલી 'અતીત રાગ' નવલકથાની નાયિકાના પાત્રાલેખન દ્વારા સ્ત્રીના સંકુલ સ્વભાવનું આલેખન કર્યું છે. હવેલી વેચાય છે, પરન્તુ નાયિકા અતીતને વળગી ચાલે છે. અલબત્ત, અંતે પ્રિયપાત્રને મળે છે. એમની નવલકથામાં ભારતીય પરંપરા સાથેના અતૂટ નાતાની વાત જોડાયેલી હોય છે. કથાની આજુબાજુ વિકાસ પામતી મનોચેતનાનું આલેખન કરવામાં એ સફળ નીવડ્યાંછે.

નવલકથા કરતાં લઘુનવલના સર્જનમાં ધીરુબહેનની કથાકાર-પ્રતિભા સોળે કળાએ ખીલી છે. માત્ર ચાર જ લઘુનવલ એમણે લખી છે, પરન્તુ દીર્ઘકાળ લગી આદર્શ સ્વરૂપ તરીકે ખપ લાગે તેવી સુંદર કૃતિઓ છે. 'વાંસનો અંકુર', 'એક ભલો માણસ', 'આંધળી ગલી' અને 'આગન્તુક' એમની લઘુનવલો છે. કેશવ 'વાંસના અંકુર'નો નાયક છે. સ્વાભિમાની પાત્રોનું સર્જન ધીરુબહેનની વિશિષ્ટતા છે. અહીં સ્વમાન જ વાર્તાના પાયામાં છે. સરળ ભાષામાં લખાયેલી આ લઘુનવલ ગુજરાતી લઘુનવલકથાઓમાં નોંધપાત્ર કૃતિ છે. 'આંધળી ગલી'નું અંતિમ વાક્ય છે, 'ના, ના, મને નહીં ફાવે ! જુઓ ને, રતિભાઈની યે મને ખબર ન પડી... આખી જિંદગી સાથે રહી તોયે ! હું કોઈને નહીં ઓળખી શકું, કોઈની સાથે નહીં રહી શકું... બસ,, જીવ્યા કરીશ આમ ને આમ. કોક દિવસ તો આ આંધળી ગલીનો અંત આવશે ને !' કુન્દનના જીવનની ફરતે કથાની ગૂંથણી કરાઈ છે. એના મનોવ્યાપારની અભિવ્યક્તિ તદ્દન સરળ ભાષામાં રજૂ થઈ છે. આંધળી ગલી એક ઉત્તમ લઘુનવલ છે. 'આગન્તુક'માં ધીરુબહેનની સર્જનશક્તિનો વિકાસ છે. અહીં ભાષાનું પોત સરળ હોવા છતાં એમનાં ગદ્યનું નવું રૂપ જોવા મળે છે. ઈશાન આશ્રમ છોડીને પાછો ઘરે આવે છે. ત્યાંથી કથાનો પ્રારંભ થાય છે. અને વળી વૃંદાવન પ્રતિ ચાલ્યો જાય છે, ત્યાં કથાનો અંત આવે છે. ઈશાનનું પાત્ર માનનું અધિકારી બને તેવું આલેખ્યું છે. સમાજથી પર અને સમાજ વચ્ચે જીવતાં માનવોની વૃત્તિઓનું યથાર્થ ચિત્રણ ધીરુબહેને કર્યું છે. કથાના પ્રારંભ પૂર્વે 'રોશનીથી ઝળઝળતા ખંડમાં જામેલી મહેફિલમાં બહારના અંધકારમાંથી ઊડીને આવેલું પક્ષી એક બારીમાંથી પ્રવેશી બીજી બારીએથી નીકળી જાય એટલા સમયની આ વાત' એવું વાક્ય મૂકીને કથા અને સ્વરૂપ ઉભયનો સંકેત આપી દીધો છે. 'ચમત્કાર'નું તત્ત્વ અહીં આમેજ કર્યું છે એ અંગે ઇતર ચર્ચા થઈ શકે, પરન્તુ કથાની ગતિ ક્યાંય અવરોધાઈ નથી. 'આગન્તુક' વિવેચન ખમી શકે તેવી સક્ષમ કૃતિ છે.

ધીરુબહેન પટેલે જે સ્વરૂપ સાથે કામ પાડ્યું છે ત્યાં સંનિષ્ઠ થઈને. એટલે જ એમની પાસેથી માતબર કૃતિઓ મળી છે. કેટલાંક કાવ્યોનું સર્જન પણ કર્યું છે. 'ભવની ભવાઈ' એમનું ભવાઈનું પુસ્તક છે. એમની કથાઓનો વિષય સમાજ અને સમાજમાં જીવતાં મનુષ્યોના પ્રશ્નો વચ્ચેથી આવે છે.


ધીરુબહેનની પ્રતિભા પુરસ્કૃત પણ થતી રહી છે. ૧૯૮૦માં એમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો. ૧૯૯૫માં દર્શક ફાઉન્ડેશનનો ઍવૉર્ડ મળ્યો હતો. ૧૯૫૫થી અત્યારસુધીમાં એમણે લગભગ પંચાવન પુસ્તકો લખ્યાં છે, જેમાં બાળસાહિત્યનો પણ સમાવેશ થાય છે.


ગુજરાતી સાહિત્યમાં જે જૂજ સ્ત્રી સર્જકો છે તેમાં ધીરુબહેનનું સ્થાન ઊંચેરું છે. -પ્રફુલ્લ રાવલ

<u>પ્રાપ્ત પ્રકાશનો</u>

શ્યામલ (વાર્તાસંગ્રહ) લેખક : સતીષ પંડ્યા, પ્ર. પોતે, એમ.જી. રોડ, પંજાબ નૅશનલ બૅન્ક સામે, નવસારી, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૭૨, રૂ. ૮૦. *ભારતની ગરિમા* (સાંસ્કૃતિક, સાહિત્યિક, ઐતિહાસિક, સામાજિક પરિપ્રેક્ષ્યમાં) લે. ડૉ. મીનાક્ષી ઠાકર, પ્ર. ડૉ. મીનાક્ષી ઠાકર, ૫, ઈશાવાસ્યમ્ બંગલોઝ, યોગા નર્સરી પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ. ૫૦. *રાષ્ટ્ર વિધાયક સરદાર :* (સરદાર વલ્લભભાઈ વિષયક લેખસંગ્રહ), સંપાદન : ડૉ. મીનાક્ષી ઠાકર, પ્ર. વિશ્વગુજરાતી સમાજ, ૧૦૨, ૧લા માળે, મણિ પ્રભુ, નવરંગ સ્કૂલ છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪, ડબલ ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૮૦, રૂ. ૩૦૦. *નરસિંહ મહેતાનાં કૃષ્ણલીલીલાનાં પદ :* (સંપૂર્ણ અર્થ સાથે ૫૧ પદ) : સં. ડૉ. શિવલાલ જેસલપુરા, પ્ર. સાહિત્ય-સંશોધન પ્રકાશન ૧૩, તેજપાલ સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૭૩, રૂ. ૨૫. *મુસ્કરાયન* (હાસ્યકટાક્ષ વાર્તાસંગ્રહ) : લે. નસીર ઈસમાઈલી, પ્ર. અરુણોદય પ્રકાશન, ૨૦૨, હર્ષ કૉમ્પલેક્સ, ખત્રીપોળ, પાડાપોળ સામે,

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]






કોટના કાંગરામાંથી માથું કાઢી નગરી નીચે જોતી'તી
નમણાં દેખાય બે બાજુનાં ઘર
અને એથીય નમણી અર્ધીપર્ધી હવેલીઓ વચ્ચેની ગલી.
(કાવ્ય 'જેસલમેર'માંથી) -ગુલામ મોહમ્મદ શેખ

માગવાનું કહે છે તો માગી રહું છું આ, પ્રભુ !
દઈ દે મન એવું કે માગે એ કશુંયે નહીં !

-વિપિન પરીખ

ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦૦૦૧, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૫૦. *અનુસ્પંદન* (દેશ-વિદેશની કવિતાઓના અનુવાદ) લે. હરીન્દ્ર દવે, સંપાદન : સુરેશ દલાલ, પ્ર. હરીન્દ્ર દવે મેમોરિયલ ટ્રસ્ટ, જન્મભૂમિ ભવન, ત્રીજે માળ, જન્મભૂમિ માર્ગ, મુંબઈ-૪૦૦૦૦૧, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૭૬, રૂ. ૧૦૦. *સૂત્રસાર : ૧૦૮* (ચિંતનાત્મક નિબંધિકાઓ) : લે. રાધેશ્યામ શર્મા, પ્ર. પાર્શ્વપબ્લિકેશન, નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું. પૃ. ૨૩૬, રૂ. ૧૫૦. *શબ્દ-સંધાન* (લેખસંગ્રહ) : લે. સોમાભાઈ પટેલ, પ્ર. પોતે, ૧, રચના સોસાયટી, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫, ક્રાઉનસાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૪૦, રૂ. ૭૦. *અર્જપોત્સવ* (કાવ્યસંગ્રહ) : લે 'અજુમ' વાલોડી, પ્ર. કંકાવટી પ્રકાશન, ૧૩-૧૪, સાંઇસમર્પણ સોસાયટી, આશીર્વાદ ટાઉનશિપ-૧ પાછળ, બાખરોલીરોડ, ઉધના, સુરત-૩૯૪૨૧૦. ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૨, રૂ. ૭૦. *ફલક* (ગઝલસંગ્રહ) લે. રાજેન્દ્ર પટેલ, પ્ર. કમળાશંકર પંડ્યા ફાઉન્ડેશન, શાલીમાર ચેમ્બર્સ, સરદારભુવનના ખાંચા સામે, મોદીખાના રોડ, વડોદરા - ૩૯૦૦૦૧ ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૮૦. રૂ. ૭૫. *કલમ* (૧) માર્ચ ૨૦૦૦થી જૂન ૨૦૦૧ દરમિયાન રચિત કૃતિઓનો સંપાદિત સંગ્રહ) સં. કલમ લેખિકા મંચ, પ્ર. પોતે, ૪, લલિતકુંજ સોસાયટી વિ. ૧, નવરંગપુરા, અમદાવાદ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું પૃ. ૯૨, રૂ. ૫૦. *બૉનસાઈ* (મોનો-ઈમેજ કાવ્યસંગ્રહ) લે. મધુકાન્ત જોષી પ્ર. પોતે, 'ગુલમહોર', ગંગોત્રી પાર્ક, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૩૪, રૂ. ૩૧. *અમે રમકડાં* (બાળગીતોનો સંગ્રહ) લે. પ્ર. ઉપર મુજબ ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું પૃ. ૫૨, રૂ. ૧૭.

પેલ્લિંગ
(દેશાટન-૩૮)



ભારતના સિક્કીમ રાજ્યમાં, હિમાલયની પર્વતમાળામાં આવેલું અને ગંગટોકથી ૧૧૭ કિ.મી. દૂર પશ્ચિમ સિક્કીમમાં આવેલું પેલ્લિંગ ઘણું સુંદર અને રમણીય સ્થળ છે. વિશ્વનાં સૌથી ઊંચાં પર્વતશિખરોમાં ત્રીજા નંબરનું કાંચનજંઘાનું શિખર અહીંથી સ્પષ્ટ જોઈ શકાય છે, તથા બીજાં પંડીમ, સનલોલચૂ અને કુમ્ભકર્ણ શિખરો પણ જોઈ શકાય છે. પશ્ચિમ સિક્કીમની મહત્ત્વપૂર્ણ નદી રિમ્બી તથા તેનો જળધોધ અને તેની વિદ્યુત-યોજના જોવાલાયક છે. કાંચનજંઘા અને ચાંગે જળપ્રપાત પણ જોવાલાયક છે. અહીં ખેચુપેરી નામનું પવિત્ર તળાવ છે, જે ગાઢ જંગલોની વચ્ચે આવેલું છે. પેમાયાંગસે નામનો સિક્કીમનો સૌથી વધુ પુરાણો મઠ અહીં આવેલો છે. અહીંથી નેપાળ જવાના રસ્તે શિંગશોર નામનો પુલ એશિયાનો સૌથી ઊંચો બીજા નંબરનો પુલ ગણાય છે. પેલ્લિંગથી ૩૫ કિ.મી. દૂર આવેલું યુકસોમ સિક્કીમની પહેલી રાજધાની હતી. યુકસોમથી જોગંરીની પહાડી રસ્તાની યાત્રા શરૂ થાય છે. સિક્કીમ પર્યટન વિભાગ તરફથી પાંચ જણ બેસી શકે તેવા હેલિકોપ્ટર દ્વારા સિક્કીમના રૂમટેક મઠ, ચાના બગીચા, રેબાંગ-મેનામ પહાડી વિસ્તાર, તાશીડિંગ અને પેમાયાંગસે મઠ, યુકસોમ અને કાંચનજંઘાના જળધોધ લગભગ એક કલાકના સમયમાં બતાવાય છે. ઐતિહાસિક સ્થળો, મઠો ઉપરાંત પશ્ચિમ સિક્કીમમાં જીવજંતુની વિવિધતા મોટી સંખ્યામાં જોવા મળે છે.

એપ્રિલથી જૂન અને ઑક્ટોબરથી નવેમ્બર સુધીનો સમય સિક્કીમ જોવા આવવા માટે ઉત્તમ છે. ('યોગક્ષેમ'ને આધારે)



આટલું કરજો

હૃદય-રક્તથી જેનું સીંચન કર્યું છે,
એ જીવન-ચમનનાં સુમન વેચવાં છે,
ગરીબાઈની લાજ રાખી છે જેણે,
એ ધીરજનાં છૂપાં રતન વેચવાં છે,
કફનની રહે જોગવાઈ એ માટે
અમારે અમારાં જીવન વેચવાં છે.

-'શૂન્ય' પાલનપુરી

લોકસભાના સ્પીકર બાલયોગીનું નિધન

લોકસભાના પ્રથમ દલિત સ્પીકર જી.સી.એમ. એટલે કે ગાંતી મોહનચંદ્ર બાલયોગીનું માર્ચ ૩,૨૦૦૨ની સવારે લગભગ ૮ વાગ્યે એક હેલિકૉપ્ટર આંધ્રપ્રદેશના કૃષ્ણા જિલ્લામાં કુવાડલંકા ગામ પાસે ટેક્નિકલ ખામીને કારણે ઉતરાણ કરવા જતાં નાળિયેરીના વૃક્ષ સાથે ટકરાઈ ત્યાંના મત્સ્યકાસારમાં તૂટી પડ્યું તેમાં



થયું. તેમનું વય ૫૧ વર્ષનું હતું. તેમના પરિવારમાં પત્ની, ત્રણ પુત્રીઓ અને એક પુત્ર છે. તેઓ તેલુગુદેશમ્ પક્ષના અગ્રણી નેતા હતા અને તે પક્ષ તરફથી સૌપ્રથમ વાર ૧૯૯૧માં લોકસભામાં ચૂંટાયા હતા. ૧૯૮૭થી તેમણે સક્રિય રાજકારણમાં ભાગ લેવાનું શરૂ કર્યું હતું. વળી, વ્યવસાયે વકીલ એવા બાલયોગી ૧૯૯૬થી ૧૯૯૮ની વચ્ચે ધારાસભ્ય પણ હતા. રાજ્યના તેઓ શિક્ષણપ્રધાનપદે પણ રહી ચૂકેલા હતા. તેઓ માત્ર ૪૭ વર્ષની નાની વયે ૧૯૯૮માં લોકસભાના અધ્યક્ષ વરાયા હતા. લોકસભાના અધ્યક્ષપદ દરમિયાન નિધન પામનાર તેઓ પ્રથમ કમભાગી અધ્યક્ષ છે.

સદ્‌ગત બાલયોગી સૌમ્ય અને સરલ પ્રકૃતિના આદમી હતા. કોઈ પણ જાતની હોદ્દાકીય મોટાઈ કે મહત્તાથી તેઓ દૂર રહેતા હતા. સહુ પક્ષોને સાથે રાખીને ચાલવાની તેમની વ્યવહારકુશળતા અને છતાં કોઈ પણ મુદ્દા પ્રત્યેની સત્યનિષ્ઠ નિર્ણયશક્તિ એમના વ્યક્તિત્વનાં દ્યોતક પાસાં હતાં. લોકસભાના અધ્યક્ષની રૂએ તેમણે અનેક પરિષદોમાં દેશવદેશમાં ભાગ લીધો હતો. મેધાવી વ્યક્તિત્વ અને સ્નેહપૂર્વકના મૈત્રીવ્યવહારથી તેઓ સહુ પક્ષોના સભ્યો તથા નિજ નિવાસ અને દફતરના કર્મચારીઓમાં પણ ચાહના પામ્યા હતા. સદ્‌ગતના આત્માને શાંતિ હો ! (સંકલિત)

કોમી એકતાનું પ્રતીક સુમરા ગામ

આજના કોમી વિખવાદ તથા ઝનૂનના જમાનામાં રાજસ્થાનના અલવર જિલ્લાના પ્રતાપગઢ તાલુકામાં આવેલા નાનકડા સુમરા નામના ગામની એક પ્રાચીન ઘટના પ્રેરક છે. આશરે ત્રણસો વર્ષ અગાઉ મોગલ શહેનશાહ ઔરંગઝેબના રાજ્ય અમલ દરમ્યાન એ ગામ એક નાના ભાનગઢ રજવાડામાં ગણાતું હતું. એના રાજાનું નામ માધવસિંહ હતું.

એ સુમરા ગામમાં ત્યારે એક ગૂર્જર કુટુંબમાં જન્મેલો અભણ પણ સંગીતપ્રેમી ધાર્મિક પ્રકૃતિનો ખેમા ભોપા નામનો લોકગાયક રહેતો હતો. એણે ત્યારે એ ગામમાં એકમેકને અડીને રહેલાં મંદિર ને મસ્જિદ બંધાવ્યાં હતાં. એ મંદિરમાં નરનારાયણ ભગવાન ઉપરાંત મહાદેવજી તથા ભૈરવ આદિ અનેક દેવદેવીઓની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી હતી. એ જ મંદિરના પ્રાંગણમાં નજીકની બાજુમાં જ એને અડીને એક મસ્જિદ પણ બંધાવવામાં આવી હતી. એ બંનેના નિર્માણમાં સમગ્ર ગામવાસીઓનો સાથસહકાર હતો. એ મસ્જિદમાંના એક ફારસી શિલાલેખમાં લખાયેલ છે : 'મુઅલ્લા નામની આ મસ્જિદનું નિર્માણકાર્ય બાદશાહ આલમગીર (ઔરંગઝેબ) ગાઝીના રાજ્યકાલમાં બાદશાહની રાજ્યાભિષેકની ૪૯મી વર્ષગાંઠ પર એટલે કે સન ૧૧૧૪ હિજરી વર્ષમાં થવા પામ્યું છે.'

એમાં બીજો શિલાલેખ દેવનાગરી લિપિમાં અંકિત છે : 'શ્રીરામજી સહાય સંવત ૧૭૫૯ જેઠ સુદ ૧૪ બીસપતવાર પાતસાહશ્રી નૌરંગસાહજી શ્રીમંત જાગીર દીવાન કમર મહમ્મદ કુલીજી વમિયાં મહમદ અલીજી. રાજા ભાનગઢ કા માધવસિંહ વ ખેમા ભટના ગુવાડા સુમરા ભોપાને મસ્જિદ બનાવી. ખેમા-ભોપાકા બેટા પોતા માને હિંદુ, મુસલમાન હિંદુ મિટાવે નહીં. અર જો હિંદુ મુસલમાન બિગાડે તો તલાક. દસખત મહમદ હયાત કે બૈઠલજી સે છપાઈ.'

ધ્યાનપાત્ર એ છે કે મસ્જિદ પર અંકિત શિલાલેખનો આરંભ રાબેતા મુજબ 'બિસ્મિલ્લાહ' કે 'અલ્લાહ અકબર' જેવા ઈસલામી શબ્દોથી નહિ પણ 'રામજી સહાય' જેવા શબ્દોથી થયેલ છે. એટલે કે એના રક્ષક ને સહાયક શ્રી રામચંદ્ર ભગવાન છે. આમ, ખુદા અલ્લાહકા ઘરના રક્ષક ભગવાન છે. આમ, ખુદા-અલ્લાહકા ઘરના રક્ષક ભગવાન રામ સિવાય કોણ હોઈ શકે ? કેમ કે એમાં સર્વવ્યાપી રામ પ્રભુ પણ અસ્તિત્વ-નિવાસ ધરાવતા હોય છે. આ શિલાલેખ કંઈ ખેમા ભોપાએ પોતાની મરજીથી છાની રીતે અંક્તિ કરાવ્યો નથી, પણ ત્યારે મુસલમાનોના અગ્રણીઓ દીવાન કમર મુહમ્મદ કુલી, તેમાં સંમત હતા. એના પુરાવારૂપે એની નીચે એમના બધાના દસ્તખત પણ અંક્તિ થયા છે. ઔરંગઝેબ જેવા ધર્માંધ ને ઝનૂની ગણાતા ને એ રીતે ઘૃણા પામીને નિંદિત થઈ બદનામ થયેલા બાદશાહના અમલ દરમ્યાન બનેલી આ ઘટના અતિશય નોંધપાત્ર ગણાય.

આશરે ત્રણસો વર્ષ પૂર્વે કોમી ભાઈચારાના પ્રતીકરૂપે નાના-શા સુમરા ગામના એક અદના એક આદમીએ કોમી ભ્રાતૃભાવ દૃઢ કરવાના આશયથી નિર્માણ કરેલ આ મંદિર-મસ્જિદનાં પવિત્ર સ્થાનકો આજેય અસ્તિત્વ ધરાવે છે. તત્કાલીન જમાનામાં એ પુનિત સ્થાનકોના શિલાલેખોમાં ચેતવણીરૂપ લખાયેલ છે કે જે વ્યક્તિ એને નેસ્તનાબૂદ કરવાની ચેષ્ટા કરશે કે બગાડવાની બાલિશતા દાખવશે તેને સામાજિક રીતે 'તલાક' આપવામાં આવશે યાને તેનો સામાજિક બહિષ્કાર કરવામાં આવશે.

સુમરા ગામનાં એ મંદિર-મસ્જિદ સ્થાનકો 'દેવ કા દેવરા' નામથી ઓળખાય છે. અને આજે ભૌતિક રીતે અત્યંત વિકાસ પામેલ આ યુગમાં ગુમરાહી થયેલ ધર્માંધ લોકોને કોમી-એખલાસનો માનવ-ધર્મ અને બંધુત્વનો સર્વોત્તમ સંદેશો સંભળાવે છે. આજના બહેરા કાનવાળા ધર્માંધ લોકોને તે સંભળાશે કે ? -ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

ઈન્ફર્મેશન ટેક્નોલૉજિનો ઉદ્ભવ અને વિકાસ

આઈ.ટી.નો ઉદ્ભવ કમ્પ્યૂટર અને ટેલિ કમ્યૂનિકેશન ટૅક્નોલૉજિના વિકાસને આભારી છે. આઈ.ટી.ના વિકાસની સાથે સ્થળ, સમય અને સરહદના સીમાડા દૂર થવાથી સમગ્ર વિશ્વનું એક નાના ગામમાં રૂપાંતર થવાના દિવસો દૂર નથી. આઈ.ટી. દ્વારા ઝડપી ટપાલસેવા, ઘેર બેઠાં ખરીદી, વિદેશમાં વસતાં સ્વજનોને ત્યાં શુભ પ્રસંગની જીવંત વિધિમાં સહભાગી થવાનું, ઘેર બેઠાં બૅંકિંગની સુવિધા અને શેરબજારના સોદા જેવી અનેક સગવડો પ્રાપ્ત થઈ છે. છેલ્લાં ત્રીસ વર્ષના ટૂંકા સમયગાળામાં માઈક્રોપ્રોપેસરની શોધને લીધે વાહનો, ઘડિયાળ, મોબાઈલ ફોનથી માંડીને અનેક ઈલેક્ટ્રૉનિક્સ ઉપકરણોની શોધને કારણે વિવિધ સુવિધાઓ પ્રાપ્ત થઈ છે. છતાં આઈ.ટી. ક્ષેત્રનાં તમામ ઉપકરણોની કિંમતમાં સતત અને અભૂતપૂર્વ ઘટાડો થયો છે, જે ટેક્નોલોજિના વિકાસને આભારી છે. કમ્પ્યૂટર અને દૂર માહિતી સંચારની ટૅક્નોલૉજિના સમન્વયને કારણે આઈ.ટી.ના વિકાસની ગતિ વધુ ઝડપી બની છે. દૂરસંચાર ક્ષેત્રે મર્યાદિત વહન ક્ષમતાવાળા દોરડાની જગ્યાએ હવે કાચના બારીક રેસાઓનો ઉપયોગ થાય છે. જે એકી સાથે લાખોની સંખ્યામાં સંદેશાનું વહન કરે છે. આ બન્ને ટેક્નોલૉજિની સાથે માહિતીના ખજાના સ્વરૂપે ઈન્ટરનેટનો વિકાસ થયો છે.

પ્રથમ સહસ્રાબ્દીમાં કૃષિ સંસ્કૃતિનું પ્રભુત્વ રહ્યું. બીજી સહસ્રાબ્દીમાં વિજ્ઞાન અને ટેક્નોલૉજિના વિકાસ સાથે ઔદ્યોગિક સંસ્કૃતિને પ્રાધાન્ય મળ્યું. હવે ત્રીજી સહસ્રાબ્દીમાં આઈ.ટી. એ યંત્રને સ્થાને ફરીથી યંત્ર બનાવનાર માનવીના મગજને પ્રાથમિકતા બક્ષી છે. સમગ્ર વિશ્વ ડિજિટલ સંસ્કૃતિના પ્રભાતે નવા યુગનું સ્વાગત કરી રહ્યું છે. ગુટનબર્ગની પ્રિન્ટિંગ

ટેક્નોલૉજિનો ચમત્કાર જોવા મળશે. શબ્દો, અવાજ, આકાર કે ચિત્રો તમામનું ડિજિટલ સ્વરૂપમાં રૂપાંતર થઈ શકે છે. ટી.વી.થી એક કદમ આગળ જઈને હવે કમ્પ્યૂટર સ્ક્રીન પર વેબસાઈટની મદદથી જીવંત પ્રસારણ શક્ય બન્યું છે, જેના દ્વારા ટી.વી.ના જન-સમુદાયને લગતા સમૂહ પ્રસારની જગ્યાએ લગ્ન અને જન્મદિનની ઉજવણી જેવા વ્યક્તિગત અને અંગત પ્રસંગોનું જીવંત પ્રસારણ શક્ય બન્યું છે. કર્ણાટક, તામિલનાડુ, ગુજરાત અને પંજાબમાં આઈ.ટી. ક્ષેત્રે ઉલ્લેખનીય પ્રગતિ થઈ છે.

બુડ્રેટી નાટ્ય-લેખન સ્પર્ધા

બટુભાઈ ઉમરવાડિયા ડ્રામેટિક રિસર્ચ એજ્યુકેશન ઍન્ડ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ (બુડેટ્રી ટ્રસ્ટ)ના થિએટર ઍન્ડ મીડિયા સેન્ટરની ગુજરાતી મૌલિક નાટ્ય લેખન સ્પર્ધા માટે અડધા કલાકની સમયમર્યાદા ધરાવતાં એકાંકીઓ અને બેથી અઢી કલાકની સમયમર્યાદા ધરાવતાં બે-ત્રણ અંકી પૂરા કદનાં નાટકો ૨૦ ઑગસ્ટ, ૨૦૦૨ સુધીમાં મોકલવા આમંત્રણ છે. સ્પર્ધાનું પરિણામ ૩૧ ડિસેમ્બર, ૨૦૦૨ના રોજ જાહેર થશે અને તે 'નાટક-બુડ્રેટી' ત્રિમાસિકના જાન્યુઆરી-૨૦૦૩ના ૨૧મા અંકમાં પ્રસિદ્ધ થશે. ટૂંકા કદનાં નાટકોમાંથી પસંદ થયેલા પ્રથમ ત્રણ એકાંકીઓને રૂ. ૧૦૦૦ અને પૂરા કદનાં પ્રથમ ત્રણ નાટકોને રૂ. ૨૫૦૦ પુરસ્કાર આપવામાં આવશે. નાટકો મોકલવાનું અને વધુ વિગતો મેળવવાનું સરનામું : થીએટર ઍન્ડ મીડિયા સેન્ટર, ૪૨-૨૫૧, પ્રગતિનગર, દેના બૅન્ક સામે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩

સાહિત્ય-રસિકોને વિનંતી

ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રીને નાતે તમામ સાહિત્યકારો તથા સાહિત્યરસિકોને ગુજરાતી સાહિત્ય પરિષદના તથા તેના પ્રવૃત્તિના સહભાગી થઈ શકાય તે માટે સાહિત્ય પરિષદના આજીવન સભ્ય થવા અનુરોધ કરું છું. અને જો આપ કોઈ સાહિત્યિક, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક કે કલા સંસ્થા સાથે હોદ્દાની કે સભ્યની રૂએ સંકળાયેલા હો તો આપની સંસ્થા અને તેના સભ્યો કે વિદ્યાર્થીઓ, શિક્ષકો સાહિત્ય પરિષદનું વ્યક્તિગત તેમજ સંસ્થાકીય રીતે સભ્યપદ પ્રાપ્ત કરે તેટલું જોવા આગ્રહભરી વિનંતી છે.

સાહિત્ય પરિષદની વ્યક્તિગત આજીવન સભ્ય ફી રૂપિયા એક હજાર અને સંસ્થા આજીવન સભ્ય ફી રૂપિયા પંદરસો છે જે ગુજરાતી સાહિત્ય પરિષદની તરફેણમાં ચેક કે ડ્રાફ્ટથી કે રોકડેથી નીચે આપેલ ફોન પર કે સરનામે સંપર્ક કરીને મોકલી શકાશે. રવીન્દ્ર પારેખ (મંત્રી, ગુ.સા. પ, અમદાવાદ.)

ફોન : (૦૨૬૧૭ ૩૨૧૧૨૦૧)

૧, યુનિયનધારા, મોદી બંગલા, અઠવાલાઈન્સ, સુરત - ૩૯૫૦૦૭

STATEMENT

STATEMENT of ownership and other particulars about the newspaper "Kumar" as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1.	Place of publication	: Kumar Karyalaya Ltd., 1454, Raipur, Ahmedabad-1
2.	Periodicity of its Publication	: Monthly
3.	Printer's Name, Nationality & Address	: Dipak Printary, Nr. Raipur Gate, Ahmedabad - 380 001.
4.	Publisher's Name, Nationality & Address	: Dhiru Parikh, (For Kumar Karyalaya Ltd.) Indian, 1454, Raipur, Ahmedabad-1
5.	Editor's Name, Nationality & Address	: Dhiru Parikh, Indian 1454, Raipur, Ahmedabad-1
6.	Names and Addresses of individuals who own the newspaper and are partners of share-holders holding more than one per cent of the total capital.	(1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N. Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth 125 Medows Street, Bombay-1 (3) Indumati Chaitanyaprasas Diwanji, "Paradise", Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Kushmben Champaklal Banker Kochrab,

Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Najibhai Chinbhai Shanti Kunj, Shahibag, Ahmedabad-4 (7) Parshuram Premshanker & Rameshchandra P. Rawal, C/o. Raval Bros. 185 Princess St. Bombay-2 (8) Isuf Abdul Qaiyum Faizullabhia Karimbag, Athva Lines, Surat (9) Bhariben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation Bombay-1 (10) Jadavlaxmi R. Kamani and Poonamchand R. Kamani, Kanani Chember, Bombay-1 (11) Bai Triveni, Widow of Pranjivan, K. Desai, 47 C.P. Tank, Madhav Bag, Bombay-4 (12) Narendra Ravishnaker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (13) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (14) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Mr. Rashmibala D. Trivedi & Smt. Savita Prabhudas Patwari K. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (16) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 46 Parimal Society, Ahmedabad-6 (17) Girdharlal Damodardas, 'Prerana', Ambawadi, Ellisbridge, Ahmedabad-6 (18) Janardan Prashanker Raval, Mahaeshanker Bhuvam Tekjteshvar, Bhavnagar, (19) Lt. Col. (Retd.) Balvantrai J. Bhatt, Mannu Appartments, Near Bhatt Meblo ada chartalaya, Mithakhali Six Roads, Ellisbridge, Ahmedabad-6 (21) Bachubhai P. Rawat, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (22) Hiralal Harilal Bhagwati, 169 New Cloth Market, Ahmedabad-2 (23) Biharilal Popatlal Shah, Jagabhai park, Lala Lajaptrai Road, Maninagar, Ahmedabad-2 (24) Vyomeshchandra R. Trivedi C/o. J.A. Trivedi Bros. Balaghat (M.P.) (25) Kirankumar R. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M.P.) (26) Hitenkumar B. Trivedi C/o. J.A. Trivedi Bros. Balaghat (M.P.) (27) Bhuvnesh M. Trivedi C/o. J.A. Trived Bros. Balaghat (M.P.) (29) Nikhilsh M. Trivedi C/o/ J.A. Trivedi Bros. Balaghat (M.P.) (30) Shri Bhalchandra Ratilal Shah, ABC Nursery Compound, Near Nagri Hopital, Ellisbridge, Ahmedabad-6.

I, Dhiru Parikh, Hereby declare that the particulars given above are true to best of my knowledge and belief.
Dated this 28th day of February, 2002

Sd. / Dhiru Parikh, Publisher

મેરે ચિંત્યો હોત નહિ, કાહે કરું મેં ચિંત;
હરિ કો ચિંત્યો હરિ કરૈ, તા પર રહું નચિંત.

—તુલસીદાસ

બાળ ગંગાધર તિલક નાનપણથી જ બહાદૂર અને સત્યવક્તા હતા. એક દિવસ વર્ગમાં કેટલાક વિદ્યાર્થીઓએ મગફળી ખાઈને ફોતરાં જમીન પર નાખ્યાં. શિક્ષકે તે જોતાં ફોતરાં કોણે નાખ્યાં છે એમ પૂછ્યું, પણ કોઈએ જવાબ ન આપ્યો. આથી શિક્ષકે વર્ગના તમામ વિદ્યાર્થીઓને બબ્બે સોટી મારવાની સજા કરી. તિલકનો વારો આવ્યો ત્યારે એમણે કહ્યું કે, 'સાહેબ, મેં મગફળી ખાધી નથી એટલે સોટીનો માર હું નહિ ખાઉં.' શિક્ષકે જેણે ખાધી છે એનું નામ દેવા કહ્યું. તિલકે નીડરતાથી કહ્યું, 'સાહેબ, હું મગફળી ખાનારનું નામ નહિ દઉં તેમજ સોટીના મારની સજા પણ નહિ ખમું, શિક્ષકે તેમને વર્ગની બહાર કાઢી મૂક્યા. તિલકે વર્ગની બહાર જવાનું પસંદ કર્યું પણ વાંક-ગુના વગર સજા ખમવાનું કબૂલ ન કર્યું.

*

ખજૂર થોડા મહિના નિયમિત ખાવાથી વારંવાર મૂર્છા આવતી હોય તેવી સ્ત્રીઓને હિસ્ટીરિયા મટે છે.

*

જર્મનીના પોલ્ક રિશર નામના એક વિદ્વાનને દાઢી કરવાની જુદી જુદી બ્લેડનો સંગ્રહ કરવાનો શૉખ હતો. આમ એણે પોતાના સંગ્રહમાં દસ હજાર જેટલી બ્લેડો ભેગી કરેલી, જેમાં સૌથી જૂની બ્લેડ ઈ.સ. ૧૯૦૪ની સાલની હતી.

*

વિહંગોની દષ્ટિક્ષમતા મનુષ્યો કરતાં ઘણી સારી હોય છે. તેમનાં ચક્ષુઓનું મોટું કદ અને નેત્રપટલ પર પડતું પ્રતિબિંબ આનું મુખ્ય કારણ છે. એમનાં ચક્ષુઓના કોશોમાં દષ્ટિકોશો

> यौवनं धनसंपत्तिः प्रभुत्वं अविवेकिता ।
> एकैकमप्यनर्थाय कमु यत्र चतुष्टयम् ॥
> જુવાની, પૈસો, સત્તા અને વિવેકહીનતા : એમાંનું એક એક પણ અનર્થ કરે, તો જ્યાં ચારે ભેગાં હોય ત્યાં (અનર્થનું) પૂછવું જ શું ?

અને પેશીઓ ઘણી હોય છે, જે પ્રતિ ચોરસ મિલિમીટર દીઠ અંદાજે ૧૦,૦૦,૦૦૦ (ચકલીમાં ૪,૦૦,૦૦૦ અને મનુષ્યમાં ૨,૦૦,૨૦૦૦) જેટલી હોય છે.

*

ઑસ્ટ્રેલિયામાં આવેલા ટોર્ન નામના પર્વતનો નોડેન ધોધ દુનિયાની કુદરતી નવાઈમાંનો એક છે. આ ઝરણું આમ તો સતત વહેતું રહે છે. પણ ત્રીજા પહોરે બરાબર ૩-૩૦ વાગ્યે એની પર એક ઈન્દ્રધનુષનો ઉદય થાય છે. અને લોકો ત્યાં ઊભાં રહી પોતાની ઘડિયાળમાં ચોક્કસ સમય મેળવે છે.

*

ગણિતગમ્મત

૯૧ના અંકની ખૂબી જુઓ

૯૧ x ૧૧ = ૧૦૦૧
૯૧ x ૧૧૧ = ૧૦૧૦૧
૯૧ x ૧૧૧૧ = ૧૦૧૧૦૧
૯૧ x ૧૧૧૧૧ = ૧૦૧૧૧૦૧
૯૧ x ૧૧૧૧૧૧ = ૧૦૧૧૧૧૦૧

અને આમ ને આમ આગળ. આંકડાઓ ૭ અને ૧૩ બન્ને ૯૧ના અવયવો છે એટલે કે ૧૩x૭ = ૯૧. તે જ પ્રમાણે ૧૧૧ = ૩૭x૩ અને ૧૧૧૧૧૧ = ૩૭x૧૩x૧૧x૭x૩. ૯૧, ૧૧૧, ૧૧૧૧૧૧ વગેરે આંકડાઓના આ વિશિષ્ટ ગુણધર્મોને કારણે ગણિત-આધારિત ઘણી રમતો રમી શકાય છે. —નૌતમભાઈ વખારિયા



સાહેબ, આપે કીધુંને કે... પ્રધાન બનવા માગતા ઉમેદવારો... બાજુના રૂમમાં મળે... તે એ બધા.. બાજુના રૂમમાં... આપની રાહ જુએ છે.

*

કલાકણિકા : દક્ષિણ કાબુલ નદીની આ તરફ 'શાહ-જી-કી-ઢેરી' નામક સ્થાન પર કનિષ્ક દ્વારા રચાયેલા મહાસ્તૂપમાંના આ સોનાના ઢોળવાળી મંજૂષા ૭.૭૫ ઈંચ ઊંચી છે. ઢાંકણ પર પદ્માસન મુદ્રામાં બેઠેલા બુદ્ધની જમણી બાજુ ઈન્દ્ર અને ડાબી બાજુ બ્રહ્મા છે. મંજૂષાના નીચેના ભાગમાં ઊડતા હંસોની હાર છે અને એનીય નીચે ખભા પર માલાધારી યક્ષોનું અલંકરણ છે.

